અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૯ ઓગસ્ટ ૨૦૨૩, બુધવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, અ.શ્રાવણ વદ નોમ | અંક : ૧૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**હરિયાણાના શહેરોમાં હિંસાની અસર વેપાર પર દેખાવા લાગી**

**હિંસક હુમલાઓથી ડરથી મોટાભાગના મુસ્લિમ વેપારીઓઓને દિલ્હી અને નોઈડા જ્યાં તેમના સંબંધીઓ રહે છે, તેમજ પડોશી રાજ્યોમાં તેમના ગામોમાં ભાગી જવાની ફરજ પડી**

## ગુરૂગ્રામના પાંચ હજાર મુસ્લિમ વેપારીઓ ધંધો બંધ કરીને શહેર છોડી ગયા

। નૂહ, તા.૮ ।

હરિયાણાના નૂહ, સોહના અને ગુરુગ્રામમાં ગત જૂલાઈની ૩૧મી તારીખે હિંસા ફાટી નીકળી હતી જેની અસર હવે વેપાર પર પણ દેખાવા લાગી છે. આ હિંસાની અસર અનેક પરિવારો પર પડી છે ત્યારે હવે ગુરુગ્રામ શહેરમાં હોકર્સ એસોસિએશનનો અંદાજ છે કે મુસ્લિમ સમુદાયના ઓછામાં ઓછા ૫ હજાર શેરી વિક્રેતાઓ કે જેઓ મુખ્ય બજારોમાં અને શેરીઓમાં ફળો, શાકભાજી, ફાસ્ટ ફૂડ અને અન્ય વસ્તુઓ વેચતા હતા તેઓએ ગુરુગ્રામ છોડી દીધું છે અથવા તેમના ધંધા બંધ કરી દીધા છે.

સોહના, બાદશાહપુર અને સેક્ટર ૭૦એમાં થયેલી હિંસાની વાત જણાવતા હોકર્સ એસોસિએશને કહ્યું કે મુસ્લિમ સમુદાયના મોટા ભાગના વેપારીઓ ઉત્તર પ્રદેશના મેરઠ, અલીગઢ, બિજનૌર, મુરાદાબાદ, મૈનપુરી, મુઝફ્ફરનગર, ઈટાવા અને નૂહ જિલ્લા જેવા સ્થળોના છે અને તેમાથી મોટાભાગના કથિત ધમકીઓ અને છૂટાછવાયા કૃત્યોને કારણે તેઓ તેમના વતન પરત ફર્યા છે. ભય વચ્ચે તેમના વ્યવસાય ચાલુ રાખવાવાળા કેટલાક વેપારીઓએ કહ્યું હતુ કે ધમકિ અને હિંસક હુમલાઓથી ડરથી મોટાભાગના મુસ્લિમ વેપારીઓઓ દિલ્હી અને નોઈડા જ્યાં તેમના સંબંધીઓ રહે છે, તેમજ પડોશી રાજ્યોમાં તેમના ગામોમાં ભાગી જવાની ફરજ પાડી છે. ગુરુગ્રામની દ્રોણ રેહરી પટરી ફેરી કમિટીના જનરલ સેક્રેટરી રાજેન્દ્ર સરોહાએ જણાવ્યું હતું કે જમીનની સ્થિતિ ચિંતાજનક છે અને ગયા અઠવાડિયાની સાંપ્રદાયિક હિંસા બાદ મુસ્લિમ વેપારીઓ ડરી ગયા છે. સરોહાએ વધુમાં કહ્યું હતું કે ગુરુગ્રામમાં લગભગ ૪૦ હજાર વેપારીઓ છે અને તેમાંથી લગભગ ૪૦ ટકા મુસ્લિમ સમુદાયના છે. હુમલાના ડરથી તેમાંથી ઘણાએ શહેર છોડી દીધું છે અથવા બજારોમાં કામ કરવાનું બંધ કરી દીધું છે. અમે તેમને મદદ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ પરંતુ તેઓ હજુ પણ ડરી રહ્યા છે. ઘણા લોકોને ધમકી આપવામાં આવી હતી અને તરત જ શહેર છોડી દેવા માટે કહેવામાં આવ્યું હતું. હોકર્સ એસોસિએશન દ્વારા એકત્ર કરાયેલા ડેટા મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા માન્યતા પ્રાપ્ત ૧૬ હજાર જેટલા નોંધાયેલા વેપારીઓ છે પરંતુ આ વેપારીઓની ખરી સંખ્યા ૪૦ હજાર આસપાસ છે. તેઓ શહેરના લગભગ તમામ ભાગોમાં સ્થિત છે. સદર બજાર, પાલમ વિહાર, એમજી રોડ, સોહના રોડ, બાદશાહપુર, સેક્ટર ૧૪, ૨૩, ૪૬, ૪૯, ૬૪, ૬૫, ૭૦છ, ૭૨ અને ૭૪, ગામો જેવા કે ફાઝિલપુર, દરબારીપુર, જૂના ગુરુગ્રામના મોટાભાગના વિસ્તારોમાં કામ કરી કરે છે.



**નૂહની ઘટના બાદ મુખ્ય બજારમાં કેટલીક દુકાનોમાં તોડફોડ કરવામાં આવી હતી**

**સદર બજારના કમિશન એજન્ટ મુકેશ પ્રધાને જણાવ્યું હતું કે ફળોના વેપારમાં લગભગ ૫૦ ટકા ઘટાડો થયો છે કારણ કે મોટાભાગના ફળ વેપારીઓ મુસ્લિમ છે. અમે નૂહમાંથી ત્રણ લોકોને રાખ્યા હતા પરંતુ વિસ્તારમાં તણાવને કારણે અમને તેમને ઘરે મોકલવાની ફરજ પડી હતી. ફ્રુટ લોડ કરનારાઓ પણ મુખ્યત્વે મુસ્લિમ સમુદાયના છે અને તેમાંથી મોટાભાગના યુપીમાં તેમના વતન પરત ફર્યા છે. આ સિવાય અનીસ નામના અન્ય ફળ વિક્રેતાએ કહ્યું કે તે છેલ્લા ૧૦ વર્ષથી ગુરુગ્રામમાં પોતાનો વ્યવસાય ચલાવી રહ્યો છે, પરંતુ આટલી વિકટ પરિસ્થિતિ તેણે પહેલા ક્યારેય જોઈ ન હતી. તેમણે કહ્યું કે અમે શાંતિથી કામ કરી રહ્યા છીએ અને અમારી આજીવિકા મેળવી રહ્યા છીએ. સલામત રહેવા માટે મેં થોડા દિવસોની રજા લેવાનું નક્કી કર્યું છે. મોટાભાગના નાળિયેરના વેપારીઓ પણ લઘુમતી સમુદાયના હતા અને તેઓ પણ પોતપોતાના ઘરે પરત ફર્યા છે.**

**ન્યૂઝ બ્રિફ**

### ભારતનો સ્વતંત્રતા દિવસ યુએસમાં રાષ્ટ્રીય દિવસ તરીકે ઊજવાશે

। વોશિંગ્ટન, તા.૮ ।

ભારતનો સ્વતંત્રતા દિવસ ટૂંક સમયમાં અમેરિકામાં પણ રાષ્ટ્રીય દિવસની તરીકે ઉજવણી કરવામાં આવી શકે છે. સાંસદ થાનેદારની આગેવાની હેઠળના ભારતીય-અમેરિકન સાંસદોના એક જૂથે યુએસસંસદના નીચલા ગૃહ પ્રતિનિધિ સભામાં પ્રસ્તાવ મૂક્યો છે કે ભારતના સ્વતંત્રતા દિવસને વિશ્વની બે સૌથી મોટી લોકશાહીના રાષ્ટ્રીય દિવસ ઉજવણી તરીકેની જાહેર કરવાની વિનંતી કરવામાં આવી છે. આ પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે યુનાઈટેડ સ્ટેટ્સ અને ભારત વચ્ચેની મજબૂત ભાગીદારી જે બંને દેશોના સહિયારા લોકતાંત્રિક મૂલ્યોમાં રહેલી છે, વૈશ્વિક લોકશાહી અને શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિને આગળ વધારવા માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે. આ પ્રસ્તાવ સાંસદ શ્રી થાનેદાર વતી પ્રતિનિધિ સભામાં રજૂ કરવામાં આવ્યો છે. તે કોંગ્રેસમેન બડી કાર્ટર અને બ્રાડ શેરમેન દ્વારા પણ સહ-પ્રાયોજિત છે. પ્રસ્તાવમાં નોંધવામાં આવ્યું હતું કે ભારતના વડા પ્રધાન ૨૨ જૂનના રોજ યુનાઈટેડ સ્ટેટ્સની સત્તાવાર મુલાકાતે હતા અને બંને દેશોએ સમાન હિતો અને સ્વતંત્રતા, લોકશાહી, બહુમતીવાદ, કાયદાના શાસન અને સહિયારી પ્રતિબદ્ધતાઓના આધારે વિશ્વાસ અને પરસ્પર સમજણને એક સંપૂર્ણ નવા સ્તરે સમજ ઉભી કરી છે.

**૩૧ ઘાયલ, ઝેલેન્સ્કીએ શેર કર્યો વીડિયો**

## રશિયાના મિસાઇલ હુમલાથી યુક્રેનમાં પાંચ લોકોના મોત

**યુક્રેનને મદદ કરનાર વિશ્વના દરેક વ્યક્તિ અમારી સાથે મળીને આતંકવાદીઓને હરાવી દેશે**

। નવી દિલ્હી, તા.૮ ।

રશિયા અને યુક્રેન વચ્ચે એક વર્ષથી વધુ સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે. ઘણા દેશો બંને દેશો વચ્ચેના આ યુદ્ધને શાંત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ ક્રમમાં રશિયા-યુક્રેન યુદ્ધનો શાંતિપૂર્ણ ઉકેલ શોધવા માટે સાઉદી અરેબિયાના જેદ્દાહમાં ચર્ચા ચાલી રહી છે. આમ છતાં બંને દેશો એકબીજા પર સતત હુમલા કરી રહ્યા છે. આ દરમિયાન રશિયાએ પૂર્વ યુક્રેનના શહેર પોક્રોવ્સ્કમાં મિસાઈલ હુમલો કર્યા હોવાનું બહાર આવ્યું છે. શહેરમાં રહેણાંક મકાનને નિશાન બનાવીને કરાયેલા હુમલામાં પાંચ લોકોના મોત થયા હતા અને ૩૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. યુક્રેને હુમલાની નિંદા કરી છે. યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ કહ્યું કે મોસ્કોએ દી રહેણાંક ઈમારત પર હુમલો કર્યો હતો. તેઓએ સોવિયેત યુગની પાંચ માળની ઈમારતના ફૂટેજ પણ જાહેર કર્યા છે. આ ઈમારતનો ઉપરનો માળ ધરાશાયી થઈ ગયો છે. હુમલા બાદ બચાવ કાર્ય ચાલુ છે. તેમની પોસ્ટમાં ઝેલેન્સકીએ લખ્યું છે કે કાટમાળ હજુ પણ હટાવવામાં આવી રહ્યો છે અને બચાવ-રાહત કામગીરી ચાલી રહી છે. તેમણે વધુમાં કહ્યું કે આપણે રશિયન આતંકને રોકવો પડશે.



**વધુ એક ભારતીય મૂળની વ્યક્તિને વૈશ્વિક કંપનીમાં મોટી જવાબદારી મળી**

## વૈભવ તનેજા ટેસ્લાના નવા ચીફ ફાયનાન્સિયલ ઓફિસર બન્યા

। વોશિંગ્ટન, તા.૮ ।

ભારતીય મૂળના વ્યક્તિઓ વિશ્વમાં ઘણી મોટી મોટી ટેક કંપનીના પ્રમુખ પદ પર નિયુક્ત થયેલા છે અને સમગ્ર દુનિયામાં ભારતની પ્રતિભામાં વધારો કરે છે. એવામાં વધુ એક ભારતીય મૂળના વ્યક્તિ વૈભવ તનેજાને ટેસ્લા કંપનીના માલિક ઈલોન મસ્કે મોટી જવાબદારી સોપી છે. ભારતીય મૂળના વૈભવ તનેજાને ટેસ્લાના નવા ચીફ ફાયનાન્સિયલ ઓફિસર (સીએફઓ) બનાવવામાં આવ્યા છે. કંપનીના અગાઉના ફાયનાન્સ ચીફ ઝાચેરી કિર્કહોર્ન પદ છોડ્યા બાદ આ જાહેરાત કરવામાં આવી હતી. તનેજાની ઉંમર ૪૫ વર્ષની છે. તેઓ કિર્કહોર્ન કંપનીના ચીફ એકાઉન્ટિંગ ઓફિસર (સીએઓ) તરીકે પણ સેવા આપવાનું ચાલુ રાખશે. ઈલોન મસ્કની આગેવાની હેઠળની કંપની સાથે કિર્કહોર્નના ૧૩ વર્ષના કાર્યકાળને કંપનીએ જબરદસ્ત વૃદ્ધિનો સમયગાળો ગણાવ્યો હતો. વૈભવ તનેજા માર્ચ ૨૦૧૯ થી ટેસ્લાના સીએઓતરીકે અને મે ૨૦૧૮ થી કોર્પોરેટ કંટ્રોલર તરીકે કામ કરી રહ્યા છે. તેણે અગાઉ પ્રાઈસ વોટર હાઉસ કૂપર્સમાં પણ કામ કર્યું છે.



**સંસદના ચોમાસુ સત્રનો ૧૪મો દિવસ**

## વિપક્ષ ગઠબંધન પરસ્પર અવિશ્વાસથી પીડાય છે : પીએમ મોદી

**અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા પહેલા ભાજપના સંસદીય દળની બેઠક પીએમ મોદીની અધ્યક્ષાતામાં યોજાઈ**

। નવી દિલ્હી, તા.૮ ।

સંસદમાં ચોમાસુ સત્ર ચાલી રહ્યું છે અને આજે ૧૪માં દિવસે બંને ગૃહોની કાર્યવાહી સ્થગિત બાદ ફરીથી શરુ કરવામાં આવી છે અને લોકસભામાં અવિશ્વાસ પર ચર્ચા શરુ થઈ છે ત્યારે અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા પહેલા ભાજપના સંસદીય દળની બેઠક પીએમ મોદીની અધ્યક્ષાતામાં યોજાઈ હતી. આ બેઠકમાં મોદીએ અવિશ્વાસ પ્રસ્તાવ પર વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા.

સુત્રોના જણાવ્યા અનુસાર મોદીએ કહ્યું કે વિપક્ષી ગઠબંધન પરસ્પર અવિશ્વાસથી પીડાય છે તેઓ જાણવા માંગે છે કે તેમની સાથે કોણ છે અને કોણ નથી. પીએમ મોદીએ કહ્યું કે વિપક્ષ સેમીફાઈનલ ઈચ્છે છે અને સેમીફાઈનલ ગઈકાલે થઈ હતી જેનું પરિણામ સૌની સામે છે. આ ઉપરાંત મોદીએ એમ પણ કહ્યું કે સામાજિક ન્યાયની વાત કરનારા લોકોએ વંશવાદ, તુષ્ટિકરણ અને ભ્રષ્ટ રાજનીતિ દ્વારા દેશને સૌથી વધુ નુકસાન પહોંચાડ્યું છે. આ સિવાય પીએમ મોદીએ પાર્ટીના સાંસદોને ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી પહેલા છેલ્લા બોલ પર છગ્ગો ફટકારવાનું કહ્યું હતું.

આ દરમિયાન તેમણે ૨૦૧૮ના ભાષણનો પણ ઉલ્લેખ કર્યો ત્યારે વિપક્ષને ૨૦૨૩માં તેમની સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવા માટે કહ્યું હતું.

કેન્દ્રીય મંત્રી અર્જુન રામ મેઘવાલે કહ્યું કે 'અહંકારી' ગઠબંધન અવિશ્વાસ પ્રસ્તાવ લાવ્યું છે. અમારી પાસે બહુમતી છે, અમને સમજાતું નથી કે તેઓ પ્રસ્તાવ કેમ લાવ્યા. કદાચ તેઓ એક છે કે કેમ તે ચકાસવા માંગે છે.

ઉલ્લેખનીય છે કે વિપક્ષના પ્રશ્નોનો સામનો કરવાની રણનીતિ ઘડવા માટે ભાજપ સંસદીય દળની બેઠક યોજાઈ હતી, જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને પક્ષના સાંસદ જેપી નડ્ડા, કેન્દ્રીય ગૃહમંત્રી સહિતના નેતા હાજર રહ્યા હતા.



**ISIનું કોઈ કાવતરું તો નથી ને? પતિના નિવેદનથી શંકા વધી**

## પાકિસ્તાન ગયેલી અંજુને મળ્યા એક વર્ષના વિઝા

। ઈસ્લામાબાદ, તા.૮ ।

ભારતથી પાકિસ્તાન ગયેલી અંજુ હવે એક વર્ષ સુધી ત્યાં જ રહેશે. પાકિસ્તાનની સરકારે તેના વિઝા એક વર્ષ માટે વધારી દીધા છે. અંજુ જે તેના ફેસબુક ફ્રેન્ડ નસરુલ્લાહને મળવા માટે પાકિસ્તાન ગઈ હતી, તેના વિશે રક્ષા વિશેષજ્ઞોનું કહેવું છે કે, તે આઈએસઆઈના ઈશારા પર ચાલી રહી છે. ભારતમાં તેના પતિ અરવિંદે મીડિયા સાથે વાત કરતા એ વાત પર આશંકા વ્યક્ત કરી હતી. માનવામાં આવી રહ્યું છે કે, આઈએસઆઈ ભારત આવેલી પાકિસ્તાની નાગરિક સીમા હૈદરનો બદલો અંજુ દ્વારા લઈ રહી છે. કેટલાંક દિવસો પહેલાં એવા રિપોર્ટ સામે આવ્યા હતા કે, અંજુના વિઝા બે મહિના માટે વધારી દેવામાં આવ્યા છે અને હવે વિઝા એક વર્ષ માટે વધારી દેવામાં આવ્યા છે. અંજુના પતિ અરવિંદે ભારતીય મીડિયા સાથે એવી વાત કરી કે એનાથી પાકિસ્તાનની મંસા પર શંકા થાય છે. અરવિંદે કહ્યું કે, ત્રણ દિવસ પહેલાં જ અંજુ સાથે તેની વાત થઈ હતી.



### માતા-પિતાએ જેને ત્યજી તેને USમાં મળ્યો પરિવાર

# અમેરિકન ફેમિલીએ અમદાવાદની 3 બાળકીઓને દત્તક લીધી

| અમદાવાદ, તા.૮ |

ગુજરાત રાજ્યામાં અનેક જિલ્લાઓમાં માતા-પિતા નવજાત જન્મેલા બાળકને ત્યાજી દેતા હોય છે. સમાજનો ડર હોય કે પછી અન્ય કોઈકારણ પરંતુ આ માસુમ બાળકોને ત્યારપછી અનાથ આશ્રમનો આશ્રય જ મળે છે. અમદાવાદ શહેરની ૩ બાળકીઓ સાથે પણ આવી જ કરૂણાંતિકા ઘટી હતી. જેમાં એક બાળકીને તેનો પરિવાર કાંટાળા તારની ફેન્સિંગ પાસે ત્યજીને જતો રહ્યો હતો. તો અન્ય ૨ બાળકીઓને પણ આવા જ કારણોસર ત્યજી દેવાઈ હતી. જોકે કહેવાય છે ને કે દરેકનો ભગવાન હોય છે. તેમ લોક માન્યતા પ્રમાણે ધરતી પરના સૌથી મોટા ભગવાન એટલે માતા અને પિતા. અમેરિકાથી દેવદૂત બનીને આવેલા પરિવારોએ આવી ૩ બાળકીઓને દત્તક લઈ જીવન પલટી નાખ્યું હતું. અમદાવાદમાં જે બાળકીઓને પરિવારે ત્યજી દીધી, જેમની પાસે માતા-પિતાની હૂંફ નહોતી તેવી ૩ બાળકીઓ હવે અમેરિકા સેટલ થઈ જશે. અમેરિકાથી આવેલા પરિવારે શહેરની ૩ બાળકીઓ દત્તક લઈ માનવતાનું શ્રેષ્ઠ ઉદાહરણ સ્થાપિત કર્યુ છે. જોકે આ દરમિયાન બાળકીઓને સત્તાવાર પોતાની સાથે લઈ જવા માટે અમેરિકન ફેમિલીએ તમામ પ્રોસેસ કરી દીધી હતી પરંતુ ત્યાં જવા માટે પાસપોર્ટની વ્યવસ્થા કરવી આવશ્યક હતી. અને પાસપોર્ટ બનતા પ્રોસિજર પાસ થતા ઘણો સમય પણ લાગતો હોય છે. જોકે આ દરમિયાન ઘટનાક્રમને સમજતા રિજનલ પાસપોર્ટ ઓફિસરે પણ ઝડપથી પ્રોસિજર પૂરી કરાવી આ ૩ નાની બાળકીઓને પાસપોર્ટ ઈશ્યૂ કરી આપ્યા હતા. અહેવાલ પ્રમાણે આ ૩ બાળકીઓ પૈકી એકની કહાણી ખૂબ જ કરૂણ છે. આ એક બાળકી જ્યારે ૧૦ જ દિવસની હતી ત્યારે તેના માતા પિતાએ મહેસાણા પાસે એક કાંટાળા ફેન્સિંગના તાર બાજુમાં ત્યજી દીધી હતી. સવાર, બપોર અને સાંજ આ ૧૦ દિવસની બાળકી એકલી ત્યાં જ રહી. જોકે ત્યારપછી સ્થાનિકોને આ નવજાત બાળકી મળી ગઈ હતી અને તેમણે અમદાવાદના બાળગૃહમાં શિફ્ટ કરી હતી. જોકે હવે આ બાળકીને પણ માતા-પિતાનો સાથ મળી ગયો છે અને મહેસાણાના કાંટાળા તારોમાં ત્યજાયેલી આ બાળકી અમેરિકાના શહેરમાં જઈને વસવાટ કરશે. અમેરિકાના પરિવારે તેની સારસંભાળ રાખવાની સંપૂર્ણ જવાબદારી લઈ લીધી છે. હવે બીજી બાજુ જોવા જઈએ તો અમેરિકામાં ડોક્ટર તરીકે ફરજ બજાવતા ડો. દિપિકા પટેલે અમદાવાદની આ ૨ બાળકીઓને દત્તક લીધી છે. તેઓ સિંગલ પેરેન્ટ તરીકે આ બંનેને સાચવશે અને અમેરિકા લઈ જઈ નવું જીવન આપશે. પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે આ બે બાળકીઓને પણ અજ્ઞાત દંપતિ દ્વારા અનાથ આશ્રમ પાસે ત્યજી દેવાઈ હતી.

### આપનાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષ દ્વારા કરાઈ મોટી જાહેરાત

# આપ અને કોંગ્રેસ ગુજરાતમાં સીટો વહેંચીને ચૂંટણી લડશે : ઈસુદાન ગઢવી

### કોંગ્રેસ બંને સાથે મળીના આગામી લોકસભાની ચૂંટણી લડે છે કે નહી તે તો આવનારા સમયમાં જ ખબર પડશે

| અમદાવાદ,તા.૮ |

ગુજરાતનાં આમ આદમી પાર્ટીનાં પ્રમુખ ઈસુદાન ગઢવીએ સોમવારે એક નિવેદન આપીને રાજકારણમાં હડકંપ મચાવી દીધો હતો કે આપ અને કોંગ્રેસ ગુજરાતમાં આગામી લોકસભાની સીટો વહેંચીને ચૂંટણી લડશે. કારણ કે બંને પાર્ટીઓ વિપક્ષ I.N,D.I.A. ની ગઠબંધનની સભ્ય છે. ત્યારે આ બાબતે ઈશુદાન ગઢવીએ પ્રતિક્રિયા પર કોંગ્રેસે પ્રતિક્રિયા આપતા કહ્યું કે પાર્ટી કેન્દ્રીય નેતૃત્વનાં નિર્દેશોનું પાલન કરશે.



આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ બંને I.N.D.I.A નાં ગઠબંધનનો એક ભાગ છે. હાલમાં જ ચૂંટણીને લઈને ગઠબંધનની વાતચીત ચાલી રહી છે. આવા સમયમાં ગુજરાતમાં સીટોનાં વિભાજનની ફોર્મ્યુલા હેઠળ આમ આદમી પાર્ટી તેમજ કોંગ્રેસ બંને સાથે મળીના આગામી લોકસભાની ચૂંટણી લડે છે કે નહી તે તો આવનારા સમયમાં જ ખબર પડશે.

આમ આદમી પાર્ટીનાં ગુજરાતનાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ લોકો સાથે વાતચીતમાં કહ્યું કે જો બધું યોજના અનુસાર થયું તો હું ગેરંટી આપુ છું કે ભાજપ આ વખતે ગુજરાતમાં ૨૬ સીટ નહી જીતી શકે. તેમજ તેઓએ વધુમાં કહ્યું હતું કે લોકસભાની ચૂંટણીમાં ભાજપને હરાવવા માટે અરવિંદ કેઝરીવાલનાં નેતૃત્વવાળી આમ આદમી પાર્ટી વિપક્ષી I.N.D.I.A નાં ગઠબંધનમાં જોડાઈ છે. ઈસુદાન ગઢવીએ કહ્યું કે આમ આદમી પાર્ટી ગુજરાતમાં એવી સીટો શોધવાનું શરૂ કરી દીધું છે. જે સીટ પર પાર્ટી ઉમેદવાર ઉભો રાખી શકે છે. ગુજરાત આમ આદમી પાર્ટીનાં પ્રમુખ દ્વારા અચાનક કરવામાં આવેલ આ જાહેરાત પર કોંગ્રેસે પ્રતિક્રિયા આપતા કહ્યું કે હજુ અંતિમ નિર્ણય બાકી છે. કેન્દ્રીય નેતૃત્વ આ અંગે નિર્ણય લેશે.

ગુજરાત કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ પત્રકારોને જણાવ્યું કે મને હાલ જ આમ આદમી પાર્ટી દ્વારા કરવામાં આવેલ જાહેરાત બાબતે હાલ જ જાણવા મળ્યું છે. ત્યારે અન્ય પાર્ટીઓ સાથે સીટો તેમજ અન્ય વાટાઘાટો બાદ કેન્દ્રીય નેતૃત્વ દ્વારા અંતિમ નિર્ણય લેવામાં આવશે. ચૂંટણી પહેલા ગઠબંધન પર નિર્ણય લેવો કેન્દ્રીય નેતૃત્વનો વિશેષાધિકારી છે. કેન્દ્રીય નેતૃત્વ જ્યારે પણ આ બાબતે તેઓનો અભિપ્રાય જાણવા માંગશે તો પ્રદેશ સંગઠન આ બાબતે ચર્ચા કરશે. ગુજરાત કોંગ્રેસ રાષ્ટ્રીય નેતાઓનાં નિર્દેશોનું પાલન કરશે. ભાજપે આમ આદમી પાર્ટી દ્વારા કરવામાં આવેલ જાહેરાત પર ધ્યાન આપ્યું નથી. ગુજરાત ભાજપનાં પ્રવક્તા ઋત્વિજ પટેલ કહ્યું કે અમે છેલ્લી બે ટર્મથી ગુજરાતમાં તમાં ૨૬ લોકસભા સીટો જીતી રહ્યા છે. આ વખતે અમારૂ લક્ષ્ય ૫ લાખ મતોમાં માર્જીનથી તમામ સીટો જીતવાનો લક્ષ્યાંક છે. ત્યારે વડાપ્રધાન મોદીનાં નેતૃત્વ વાળી કેન્દ્ર સરકાર કોઈનાથી ડરતી નથી. અમને ચૂંટણીમાં જીત હાંસલ કરવાનો સંપૂર્ણ વિશ્વાસ છે. ત્યારે તમને જણાવી દઈએ કે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ અને આપ એકબીજાની વિરૂદ્ધમાં હતા. જેમાં કોંગ્રેસને ૧૭ અને આપ ને ૫ સીટ મળી છે.

### ૧૪ જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજાશે

# ગુણસરા ખાતે વિશ્વ આદિવાસી દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી થશે

### મુખ્યમંત્રી સહિત રાજ્ય સરકારના મંત્રીઓ અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવશે

| તાપી,તા.૮ |

આદિવાસી સમાજની ગૌરવવંતી સંસ્કૃતિ ઐતિહાસિક વારસાને ઉજાગર કરવા તેમજ તેમની પરંપરા અને અસ્મિતાને ટકાવી રાખવા દર વર્ષે તા. ૯મી ઓગષ્ટને વિશ્વ આદિવાસી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વ આદિવાસી દિવસની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવા રાજ્ય સરકાર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યમાં આદિજાતિ વસતી ધરાવતા ૧૪ જિલ્લાના વિવિધ સ્થળો ખાતે મુખ્યમંત્રી સહિત રાજ્ય સરકારના મંત્રીઓ અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવશે.

વિશ્વ આદિવાસી દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં તાપી જિલ્લાના સોનગઢ તાલુકામાં આવેલા ગુણસરા ગામ ખાતે કરવામાં આવશે. રાજ્યકક્ષાની ઉજવણીમાં આદિજાતિ વિકાસ મંત્રી કુબેરભાઈ ડીંડોર અને રાજ્ય મંત્રી કુંવરજીભાઈ હળપતિની પણ ઉપસ્થિતિ રહેશે.ડાંગ–આહવા ખાતે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ, છોટા ઉદેપુર ખાતે આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ, નર્મદા-ડેડીયાપાડામાં કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, ભરૂચ-ઝઘડીયામાં પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, નવસારી-ગણદેવીમાં પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા, બનાસકાંઠા–દાંતામાં ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત તેમજ દાહોદના લીમખેડા ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરિયાની અધ્યક્ષતામાં આદિવાસી દિવસ ઉજવાશે.

આ ઉપરાંત વલસાડના કપરાડા ખાતે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી, નર્મદા-નાંદોદમાં સહકાર રાજ્ય મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા, દાહોદ ખાતે પંચાયત રાજ્ય મંત્રી બચુભાઈ ખાબડ, વલસાડના ધરમપુરમાં શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા, નવસારી-વાંસદામાં વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલ, પંચમહાલના મોરવા-હડફમાં પશુપાલન રાજ્ય મંત્રી પરસોત્તમભાઈ સોલંકી તેમજ સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં અન્ન અને નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી ભીખુસિંહ પરમાર સહિત રાજ્યના વિવિધ સ્થળો ખાતે સંસદ સભ્યો અને ધારાસભ્યોની ઉપસ્થિતિમાં આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવશે.

# ગૂજરાત વિદ્યાપીઠના સત્તાધીશો સામે વિદ્યાર્થીઓ દ્વારા આંદોલન કરવામાં આવ્યું

### સત્તાધિશોની મનમાની સામે વિદ્યાર્થીઓએ ગાંધી ચીંધ્યા માર્ગે વિરોધ પ્રદર્શન કર્યું હતું

| અમદાવાદ,તા.૮ |

ગૂજરાત વિદ્યાપીઠમાં વર્ષોથી ચાલી આવતી સર્વધર્મ પ્રાર્થના ઉપર એકાએક સત્તાધીશો દ્વારા રોક લગાવવામાં આવ્યો છે. ત્યારે સત્તાધીશોનાં આ જોહુકમી નિર્ણય સામે ગૂજરાત વિદ્યાપીઠનાં વિદ્યાર્થીઓ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગો વિરોધ નોંધાવ્યો છે. વિદ્યાર્થીઓ દ્વારા કાળી પટ્ટીધારણ કરી તેમજ રેટીયોકાતિને વિરોધ નોંધાવ્યો હતો. વિદ્યાર્થીઓનાં અવાજનો દબાવા માટે વિદ્યાપીઠનાં સત્તાધીશો પ્રયાસ કરી રહ્યા છે. ત્યારે સત્તાધિશોની મનમાની સામે વિદ્યાર્થીઓએ ગાંધી ચીંધ્યા માર્ગે વિરોધ પ્રદર્શન કર્યુ હતું.

ગૂજરાત વિદ્યાપીઠમાં વિદ્યાર્થીઓ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે વિરોધ નોંધાવ્યો છે. ત્યારે આ મામલે ગૂજરાત યુનિવર્સિટીનાં કાર્યકારી કુલસચિવ નિખિલ ભટ્ટે જણાવ્યું હતુ કે, જે મેટર છે તે બે ડિપાર્ટમેન્ટની મેટર છે. અને તે ડીનનાં અન્ડરમાં આવે છે. ત્યારે વિદ્યાર્થીઓ તરફથી હજુ વહીવટીય વિભાગમાં હજુ કોઈ રજૂઆત આવી નથી. એ લોકોએ જે રજૂઆત કરી છે તે ડીન કક્ષાએ કરી છે. કોઈ વિદ્યાર્થીને ઉપાસના કરતા રોકી ન શકાય અને રોકવામાં આવ્યા છે તેવી કોઈ માહિતી મારી પાસે આવી નથી. કોઈ પણ મુદ્દો હોય તો તેનો વાટાઘાટોથી તેનો નિર્ણય લાવી શકાય છે.

# અમદાવાદમાં પોલીસકર્મીએ વાહન હટાવવાનું કહેતા બે શખ્સોનો જીવલેણ હુમલો

| અમદાવાદ,તા.૮ |

અમદાવાદ શહેરના શાહીબાગ વિસ્તારમાં આવેલી રામદેવનગર સોસાયટીમાં ગેઈટની સામે રસ્તો રોકીને ઉભેલા લોકોને હટવાનું કહેતા બંને શખ્સોએ છરી કાઢીને મારી દીધી હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. શાહીબાગ વિસ્તારમાં આવેલી રામદેવનગર સોસાયટીમાં રહેતા અને માધુપુરા પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ તરીકે ફરજ બજાવતા પોલીસકર્મી રાત્રીના અગિયારેક વાગ્યે પોતાની ડ્યૂટી પૂરી કરીને ઘરે પહોંચ્યા હતા. સોસાયટીના મેઈન ગેઈટની સામે બે વ્યક્તિઓ ટુ-વ્હીલર લઈને રસ્તો રોકીને ઉભા હતા. તેથી બંને લોકોને વાહન હટાવાનું કહેતાની સાથે જ ઝઘડો શરૂ કરી દીધો હતો અને બંનેમાંથી ચિરાગ નામના શખ્સે છરી કાઢીને મારવા જતા પોલીસ કર્મીના હાથમાં વાગી ગઈ હતી. ત્યારબાદમાં આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા .

# ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલ કેમ્પસમાંથી ગાંજાનો છોડ મળી આવ્યો

### ગાંજાના છોડ મળ્યા બાદ યુનિવર્સિટીના સમગ્ર કેમ્પસમાં તપાસ હાથ ધરાઈ છે

| રાજકોટ,તા.૮ |

રાજકોટની મારવાડી બાદ હવે ગુજરાતની સૌથી મોટી ગુજરાત યુનિવર્સિટીમાંથી ગાંજાના છોડ મળી આવ્યા છે. હજુ થોડા દિવસ પહેલા જ રાજકોટની મારવાડી યુનિવર્સિટીમાંથી મળેલા ગાંજાના છોડ મામલે FSLનો રિપોર્ટ સામે આવ્યો છે. જેમા મળી આવેલા છોડ ગાંજાના જ હતા તે પુરવાર થયુ છે. ત્યારે વધુ એક શિક્ષાના ધામમાંથી ગાંજાના છોડ મળી આવ્યા છે.હાલ તો આ ગાંજાનો છોડ અહીં કોણ લાવ્યુ અને કોણે વાવ્યો તેને લઈને સવાલ ઉઠી રહ્યા છે. યુનિવર્સિટીની હોસ્ટેલમાં ડી બ્લોક પાસે ગાંજાના બે છોડ જોવા મળ્યા છે ત્યારે સૌથી મોટો સવાલ એ છે કે યુનિવર્સિટીમાં ગાંજાના છોડ આવ્યા કેવી રીતે શું યુવાનોને નશાના રવાડે ચડાવવાનું કાવતરુ રચાઈ રહ્યુ છે ? તે પણ આશંકા સેવાઈ રહી છે. ગાંજાના છોડ મળ્યા બાદ યુનિવર્સિટીના સમગ્ર કેમ્પસમાં તપાસ હાથ ધરાઈ છે. યુનિવર્સિટીમાં માત્ર આ બે જ છોડ છે કે અન્ય કોઈ જગ્યાએ પણ આ પ્રકારે ગાંજાની ખેતી થતી હતી કે કેમ તે બાબતે પણ તપાસ કરવામાં આવી રહી છે. NSUI દ્વારા સમગ્ર આ ગાંજાના છોડ પકડી પાડ્યા બાદ કોંગ્રેસના પ્રવક્તા હેમાંગ રાવલ સહિતના અહીં પહોંચ્યા હતા. યુનિવર્સિટીમાં આવેલી વિદ્યાર્થીઓની હોસ્ટેલની તદ્દન બાજુમાંથી જ આ સાતેક ફુટ લાંબો ગાંજાનો છોડ મળી આવ્યો છે.

## વિશેષ લેખ

### ૯ ઓગષ્ટ : આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ

# આદિવાસી સમાજના લોકોએ દેશની આઝાદીમાં ઘણું યોગદાન આપ્યું છે

### સમગ્ર વિશ્વમાં જાતિવાદ, રંગભેદ, ઉદારીકરણ જેવા ઘણા કારણોસર, આદિવાસી સમુદાયના લોકો પોતાનું અસ્તિત્વ અને સન્માન બચાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ

આદિવાસી સમુદાયના લોકો વિશ્વના ૯૦ થી વધુ દેશોમાં રહે છે. વિશ્વમાં આદિવાસી સમુદાયની વસ્તી આશરે ૩૭ કરોડ છે, જેમાં લગભગ ૫૦૦૦ વિવિધ આદિવાસી સમુદાયો છે અને તેમની પાસે લગભગ ૭ હજાર ભાષાઓ છે. આ હોવા છતાં, આદિવાસી લોકોને તેમના અસ્તિત્વ, સંસ્કૃતિ અને સન્માન બચાવવા માટે સંઘર્ષ કરવો પડે છે. આજે, સમગ્ર વિશ્વમાં જાતિવાદ, રંગભેદ, ઉદારીકરણ જેવા ઘણા કારણોસર, આદિવાસી સમુદાયના લોકો પોતાનું અસ્તિત્વ અને સન્માન બચાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. ઝારખંડની કુલ વસ્તીના લગભગ ૨૮ ટકા આદિવાસી સમાજના લોકો છે. તેમાં સાંથલ, બંજારા, બિહોર, ચેરો, ગોંડ, હો, ખોંડ, લોહરા, માઈ પહરિયા, મુંડા, ઓરાં વગેરે જેવા બત્રીસથી વધુ આદિવાસી જૂથોના લોકોનો સમાવેશ થાય છે

આ જ કારણ છે કે આદિવાસી સમાજના ઉત્થાન અને તેમની સંસ્કૃતિ અને સન્માન બચાવવા ઉપરાંત આદિવાસી આદિવાસીઓને પ્રોત્સાહન અને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે ૯ ઓગસ્ટ આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે, સંયુક્ત રાષ્ટ્ર અને ઘણા દેશોની સરકારી સંસ્થાઓ, તેમજ આદિવાસી સમુદાયોના લોકો, આદિવાસી સંગઠનો વિશ્વભરમાં સામૂહિક ઉજવણીનું આયોજન કરે છે. આ કાર્યક્રમોમાં, વિવિધ ચર્ચાઓ અને કોન્સર્ટ સિવાય, વિવિધ પ્રકારના જાગૃતિ કાર્યક્રમો કરવામાં આવે છે. ૧૯૯૪માં અમેરિકામાં પ્રથમ વખત આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારથી, ૯ ઓગસ્ટ સમગ્ર વિશ્વમાં આદિવાસી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ સૌપ્રથમ ૧૯૯૪ ને સ્વદેશી લોકોનું આંતરરાષ્ટ્રીય વર્ષ જાહેર કર્યું. તે જ સમયે, ૧૯૯૫-૨૦૦૪ને પ્રથમ આંતરરાષ્ટ્રીય દાયકા તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ યુએને ૨૦૦૫-૨૦૧૫ ને ૨૦૦૪ માં બીજા આંતરરાષ્ટ્રીય દાયકા તરીકે જાહેર કર્યું હતું, જેની થીમ “A Decade for Action and Dignity” હતી. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ૨૩ ડિસેમ્બર ૧૯૯૪ ના ૪૯/૨૧૪ ઠરાવ દ્વારા ૯ ઓગસ્ટને દર વર્ષે આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે જાહેર કર્યો. આ પછી, સમગ્ર વિશ્વમાં ૯ ઓગસ્ટ ૧૯૯૫ ના રોજ પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી.

**૯ ઓગસ્ટના રોજ જ કેમ ઉજવાય છે ?**

વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીમાં અમેરિકાના આદિવાસીઓનું મહત્વનું યોગદાન છે. કોલંબસ દિવસ દર વર્ષે ૧૨ ઓક્ટોબરે અમેરિકન દેશોમાં ઉજવવામાં આવે છે. આદિવાસીઓ માનતા હતા કે કોલંબસ વસાહતી શાસન પ્રણાલીનું પ્રતિનિધિત્વ કરે છે, જેના માટે મોટા પાયે નરસંહાર થયો હતો. આથી આદિવાસીઓએ માંગણી કરી હતી કે હવે કોલંબસ દિવસને બદલે આદિવાસી દિવસની ઉજવણી કરવી જોઈએ.

૧૯૭૭ માં, જિનીવામાં આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં કોલંબસ દિવસને બદલે આદિવાસી દિવસ ઉજવવાની માંગ કરવામાં આવી હતી. આ પછી, સંઘર્ષ ચાલુ રહ્યો અને પછી આદિવાસી સમુદાયે ૧૯૮૯ થી આદિવાસી દિવસની ઉજવણી શરૂ કરી. વધુ જાહેર સમર્થન પ્રાપ્ત થયું અને





પછી ૧૨ ઓક્ટોબર, ૧૯૯૨ ના રોજ, અમેરિકન દેશોમાં કોલંબસ દિવસની જગ્યાએ આદિવાસી દિવસ ઉજવવાની પ્રથા શરૂ થઈ.

આદિવાસીઓના મૂળભૂત અધિકારોના સામાજિક, આર્થિક અને ન્યાયિક રક્ષણ માટે દર વર્ષે ૯ ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસ ઉજવવામાં આવે છે. તેમની રહેણીકરણી, ખાન -પાનની આદતો અને રિવાજો અને પહેરવેશ વગેરે અન્ય લોકોથી અલગ છે. સમાજના મુખ્ય પ્રવાહથી કપાઈ જવાને કારણે, સમગ્ર વિશ્વમાં આદિવાસી લોકો હજુ પણ ખૂબ જ પછાત છે.

જો કે, સમાજની મુખ્ય ધારા સાથે જોડાવા અને આગળ વધવા માટે દેશ અને દુનિયામાં વિવિધ પ્રકારના સરકારી કાર્યક્રમો અને બિનસરકારી કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યા છે. ભારતની વાત કરીએ તો આદિવાસી સમાજના લોકોએ દેશની આઝાદીમાં ઘણું યોગદાન આપ્યું છે. બિરસા મુંડાએ ઝારખંડ અને છોટાનાગપુર વિસ્તારમાં સ્વતંત્રતા સંગ્રામમાં મોટી ભૂમિકા ભજવી હતી.

આદિકાળથી ગાઢ જંગલ કે દુર્ગમ પ્રદેશના અંતરિયાળ વિસ્તારમાં વસવાટ કરતા લોકોને ભારત દેશમાં આદિવાસી તરીકે ઓળખવામાં આવે છે. વિશ્વમાં એમને મૂળ વસાહતીઓ તરીકે પણ ઓળખવામાં આવે છે.

આપણાં દેશમાં આદિવાસીઓની ગણના અનુસૂચિત જનજાતિમાં થાય છે. પહેલાં આ જાતિમાં ભણતર લગભગ નહિવત હતું. આ દરજ્જાને કારણે ઘણા આદિવાસીઓ ભણીગણીને પોતાનો વિકાસ સાધી શક્યા છે. તેમ છતાં પણ અંતરિયાળ તેમ જ દુર્ગમ વિસ્તારોમાં રહેતા આદિવાસીઓ સગવડોથી વંચિત રહેવાને કારણે આજે પણ ગરીબી અને અજ્ઞાનતામાં જીવે છે.

તેમ છતાં પણ તેમનામાં સાક્ષરતા દર ખાસ્સો વધ્યો છે. ૨૦૧૧ ની વસતિ ગણતરી અનુસાર અનુસૂચિત જનજાતિઓમાં સાક્ષરતા દર ૬૨.૫% હતો, જે ૨૦૦૧ ની તુલનાએ ૧૪.૮% વધારે હતો. તેમાં પણ મહિલા સાક્ષરતા દરમાં તો ખૂબ જ પ્રભાવક સુધારો જોવા મળ્યો, જે ૨૦૦૧ ની તુલનાએ ૧૭.૨% વધુ હતો.

ગુજરાત રાજ્યનાં આદિવાસીઓ એમના ખડતલ તેમ જ ચપળ શરીર માટે જાણીતા છે. ગુજરાત રાજ્યની પૂર્વ સરહદના વિસ્તારોમાં મુખ્યત્વે આદિવાસીઓ વસવાટ કરે છે. ગુજરાતના આદિવાસીઓમાં મુખ્યત્વે ચૌધરી, કુકણા, તડવી, ધોડિયા, ગામિત, વસાવા, ભીલ, નિનામા, રાઠવા, નાયકા, હળપતિ, ડામોર, કટારા, તાવિયાડ, કોટવાળીયા વગેરેનો સમાવેશ થાય છે.

આદિવાસી સમાજ માતૃ અને પિતૃ પ્રધાન છે. તેઓમાં વડીલો સર્વોચ્ચ સ્થાને હોય છે. કુટુંબનાં મહત્વના નિર્ણયો ઘરનાં વડીલો જ લેતાં હોય છે. કુટુંબના ભરણ-પોષણની જવાબદારી પતિ–પત્ની બન્ને ઉપાડતા હોય છે. સામાન્ય રીતે તેઓ ખેતી અને પશુપાલન કરે છે. તેમનાં રીત રિવાજો અનોખા હોય છે. આદિવાસીઓની બોલી અને વ્યાકરણ ઘણાં અનોખા છે. તેમની ભાષાનું કોઈ લિખીત સ્વરૂપ નથી તેથી તે બોલી પુરતી જ સિમીત રહી શકી છે. આદિવાસી બોલીના ઘણાખરા શબ્દો આપણને થોડા સંસ્કૃત થોડા મરાઠી તથા થોડા ગુજરાતી જેવા લાગે છે, કારણ કે ડાંગ જિલ્લો એ પહેલાં મહારાષ્ટ્ર રાજ્યનો હિસ્સો હતો. પરંતુ મહાગુજરાત આંદોલન પછી જ્યારે મુંબઈ અને ડાંગ એ બેમાંથી કોને ગુજરાત રાજ્યમાં લેવું એ માટે ચર્ચા થવા લાગી ત્યારે ગાંધીવાદી એવા શ્રી ઘેલુભાઈ નાયકના પ્રયાસોથી ડાંગ ગુજરાતમાં આવ્યું અને મુંબઈ મહારાષ્ટ્રનાં ફાળે ગયું.

આદિવાસીઓની મુખ્ય બોલીઓમાં પંચમહાલ અને દાહોદ જિલ્લામાં બોલાતી ભીલી, ગામીત, વસાવા, કુકણા, ધોડીયા, ચૌધરી, રાઠવી, તડવી બોલી વગેરે આવે છે. આ તમામ બોલીઓમાં બહુવચન હોતુ નથી. તેમાં કોઈ પણ ઉંમરની વ્યક્તિને ‘તું’ કહીને બોલાવવામાં આવે છે. તે ઉપરાંત અન્ય ભાષાઓની જેમ તેમાં ૧૨ કાળ, પુલ્લિંગ અને સ્ત્રીલીંગ, તથા ક્રિયાપદો હોય છે.

ન્યૂઝ બ્રિફ

## ગેહલોત લોકોની સહાનુભૂતી માટે પદ છોડવાની વાત કરે છે



| જયપુર, તા.૮ |

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે અઠવાડિયામાં બે વખત મુખ્યમંત્રી પદ છોડવાની વાત કરી છે. રાજકીય વિશ્લેષકો ગેહલોતના નિવેદનને સારી રીતે વિચારેલી વ્યૂહરચનાનો ભાગ ગણાવી રહ્યા છે. વિશ્લેષકોનું માનવું છે કે, ચૂંટણી પહેલા આવું નિવેદન આપવું ગેહલોત માટે તેમની મજબૂરી છે. ગેહલોત સારી રીતે જાણે છે કે જો ચૂંટણી બાદ સરકાર રિપીટ થશે તો ફરી એકવાર પાયલોટ કેમ્પનો પડકાર સામે આવશે. આવી સ્થિતિમાં ગેહલોત ચૂંટણી પહેલા રાજકીય સંદેશ આપવા માંગે છે. જેથી જનતાની સહાનુભૂતિ મેળવી શકાય. ગેહલોતે કહ્યું છે કે, તેઓ જે બોલે છે તે સમજી વિચારીને બોલે છે. આવી સ્થિતિમાં તેમના નિવેદનને રાજકીય નિવેદન માનવામાં આવી રહ્યું છે. કોંગ્રેસ પાર્ટી સીએમ ચહેરા વગર ચૂંટણી લડી રહી છે. સંગઠનના મહાસચિવ કેસી વેણુગોપાલે કહ્યું છે કે, કોંગ્રેસ ચૂંટણીમાં સીએમ ચહેરો જાહેર કરતી નથી. નિર્ણયો સામૂહિક રીતે લેવામાં આવે છે. રાજકીય નિષ્ણાતોનું કહેવું છે કે, સીએમ અશોક ગેહલોત પોતાને સત્તાના કુદરતી વારસદાર માને છે. આવી સ્થિતિમાં સવાલ એ પણ ઉઠે છે કે, કઈ રણનીતિ હેઠળ ગેહલોત બલિદાનના મૂડમાં જોવા મળી રહ્યા છે.

આ સીએમ ગેહલોતનો ભાવનાત્મક નિર્ણય નથી. રણનીતિના ભાગરૂપે આ નિવેદન આપી રહ્યા છીએ. જો સરકાર પુનરાવર્તન નહીં કરે તો અસ્તિત્વ જ ખતમ થઈ જશે. કારણ કે ગેહલોત પર સત્તામાં રહીને ત્રણ વખત ચૂંટણી હારવાનો આરોપ લાગશે. આવી સ્થિતિમાં પાયલટ કેમ્પ ફરી એકવાર ગેહલોત સામે મોરચો ખોલી શકે છે. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે ફરી કહ્યું કે હું સીએમ પદ છોડવા માંગુ છું. સીએમએ કહ્યું- મને ઘણી વાર લાગે છે કે મારે સીએમ પદ છોડવું જોઈએ, પરંતુ સીએમ પદ મને છોડતું નથી. હાઈકમાન્ડ જે પણ નિર્ણય લે તે હું સ્વીકારું છું.

### સતત તેજી બાદ શેર માર્કેટમાં મંદીની અસર

# સેન્સેક્સમાં ૧૦૭ અને નિફ્ટીમાં ૨૬ પોઈન્ટનો કડાકો જોવા મળ્યો

## એફએમસીજી, મેટલ્સ સેક્ટરના શેરમાં ઘટાડાને કારણે બજારમાં એકા એક આ ઘટાડો જોવા મળ્યો

| મુંબઈ, તા.૮ |

સતત તેજી બાદ આજે શેર માર્કેટમાં મંદીની અસર જોવા મળી, મંગળવારે સવારે મંદી સાથે ખુલેલું માર્કેટ મંદી સાથે બંધ રહ્યું હતુ. આજે કારોબારના અંતે બીએસઈ ઈન્ડેક્સ સેન્સેક્સમાં ઘટાડો જોવા મળ્યો હતો, આજે સેન્સેક્સ ૦.૧૬ ટકા માઈનસ સાથે ૧૦૬.૯૮ ટકા ઘટાડા સાથે ૬૫,૮૪૬.૫૦ સાથે બંધ રહ્યો હતો. જોકે, એનએસઈનો નિફ્ટી ઈન્ડેક્સ પણ નીચો રહ્યો હતો, આજે કારોબારના અંતે નિફ્ટીમાં માઈનસ ૦.૧૩ ટકા સાથે ૨૫.૯૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો અને નિફ્ટી દિવસના અંતે ૧૯,૫૭૧.૩૫ના કારોબાર સાથે બંધ રહ્યું હતું. આજે ઓવરઓલ માર્કેટમાં મંદીની અસર જોવા મળી હતી. શેર માર્કેટમાં આજે મંદીનો માહોલ જોવા મળ્યો હતો, બન્ને ઈન્ડેક્સમાં ઘટાડો દેખાયો હતો. બે દિવસની સતત તેજી બાદ આજે માર્કેટમાં કન્સૉલિડેશનનો મૂડ રહ્યો. નિફ્ટી ૧૯૬૦૦ની નજીર કારોબાર કરી રહ્યો છે, સેન્સેક્સ પણ




ફ્લેટ કારોબાર કરી રહ્યો છે, પરંતુ મીડકેપ ઈન્ડેક્સ ચતુર્થ ટકાવારીની ઉપર આવી રહ્યો છે. એસબીઆઈ, કોટકની આગેવાનીમાં બેંકો નિફ્ટીમાં પણ રિક્વરી જોવા મળી, જોકે, આ બધાની વચ્ચે ફાર્મા શેરોમાં તેજીનો દોર યથાવત રહ્યો હતો. નિફ્ટીમાં ફાર્મા ઈન્ડેક્સ સતત ચોથા દિવસે પણ ઉપર કારોબાર કરતો દેખાયો હતો. મંગળવારનું ટ્રેડિંગ સત્ર શેરબજાર માટે નિરાશાજનક સાબિત થયું છે. બજાર રેડ સાઈનમાં બંધ રહ્યું. જોકે આ ઘટાડો નજીવો છે. એફએમસીજી, મેટલ્સ સેક્ટરના શેરમાં ઘટાડાને કારણે બજારમાં આ ઘટાડો જોવા મળ્યો છે. આજના કારોબારના અંતે બીએસઈસેન્સેક્સ ૧૩૦ પોઈન્ટના ઘટાડા સાથે ૬૫,૮૨૬ પોઈન્ટ પર બંધ થયો હતો જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૭ પોઈન્ટના ઘટાડા સાથે ૧૯,૫૭૦ પોઈન્ટ પર બંધ થયો હતો. આજના કારોબારમાં બેંકિંગ, આઈટી, ફાર્મા, મીડિયા, કન્ઝ્યૂમર ડ્યૂરેબલ્સ સેક્ટરના શેરમાં તેજી જોવા મળી છે. જ્યારે ઓઈલ એન્ડ ગેસ, હેલ્થકેર, ઈન્ફ્રાસ કોમૉડિટી, મેટલ્સ, એફએમસીજી અને ઓટો સેક્ટરના શેરમાં ઘટાડો જોવા મળ્યો છે. આજના કારોબારમાં મિડકેપ અને નાના શેરોમાં ફરી ખરીદી જોવા મળી હતી. શેરબજારમાં ઘટાડા છતાં રોકાણકારોની સંપત્તિમાં નજીવો વધારો થયો છે. બીએસઈપર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ૩૦૫.૩૯ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે, જે અગાઉના ટ્રેડિંગ સેશનમાં ૩૦૫.૩૫ લાખ કરોડ રૂપિયા હતું. આજના સત્રમાં રોકાણકારોની સંપત્તિમાં ૪,૦૦૦ કરોડ રૂપિયાનો વધારો જોવા મળ્યો છે.

### ભારતીય ક્રિકેટરે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી સન્યાસની જાહેરાત કરી હતી

# મનોજ તિવારીએ ક્રિકેટમાંથી નિવૃતીનો નિર્ણય બદલ્યો, બંગાળ માટે રમશે

## તિવારીએ બંગાળ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ સ્નેહાશીષ ગાંગુલી સાથે વાત કર્યા બાદ સન્યાસ પાછો ખેંચવાનો નિર્ણય લીધો

| નવી દિલ્હી, તા.૮ |

ભારતીય ક્રિકેટર મનોજ તિવારીએ ૩ ઓગસ્ટના રોજે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી સન્યાસની જાહેરાત કરી હતી, પરંતુ ૫ દિવસમાં તેણે સન્યાસના નિર્ણય પર યુ-ટર્ન લીધો હતો. મળેલા અહેવાલ મુજબ મનોજ તિવારીએ સન્યાસનો નિર્ણય બદલી નાખ્યો છે અને તે ફરીથી બંગાળ માટે ઘરેલુ ક્રિકેટ રમતા જોવા મળશે. જો કે હજુ સુધી તેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. મનોજ પ્રેસ કોન્ફરન્સ દ્વારા આ અંગે ઔપચારિક માહિતી આપશે. મનોજ તિવારી બંગાળ સરકારમાં ખેલ મંત્રી છે. મળેલા અહેવાલો અનુસાર મનોજ તિવારીએ બંગાળ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ સ્નેહાશીષ ગાંગુલી સાથે વાત કર્યા બાદ સન્યાસ



પાછો ખેંચવાનો નિર્ણય લીધો છે. મનોજના નેતૃત્વમાં જ બંગાળની ટીમ ગયા વર્ષે રણજી ટ્રોફીની ફાઈનલમાં પહોંચી હતી અને રનર્સઅપ રહી હતી. મનોજના સન્યાસના નિર્ણયથી બંગાળનો મિડલ ઓર્ડર નબળો પડી જશે. કારણ કે તે મિડલ ઓર્ડરમાં સૌથી અનુભવી બેટ્સમેન હતો. મનોજે ૩ ઓગસ્ટે ઈન્સ્ટાગ્રામ પર એક લાંબી પોસ્ટ કરીને સન્યાસની જાહેરાત કરી હતી. મનોજ તિવારીએ અત્યાર સુધીમાં ૧૪૧ ફર્સ્ટ ક્લાસ મેચ રમી છે અને તે ૧૦,૦૦૦ રન પૂરા કરવાથી ૯૨ રન દૂર છે. તેણે ૨૯ સદી અને ૪૫ ફિફ્ટી ફટકારી છે. મનોજે ભારત માટે ૧૨ વનડે મેચ રમી છે. આ દરમિયાન તેણે ૨૮૭ રન બનાવ્યા છે. તેણે એક સદી અને એક ફિફ્ટી પણ ફટકારી છે. તેણે ૩ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ પણ રમી છે. મનોજે ૩ ઓગસ્ટે ઈન્સ્ટાગ્રામ પર એક લાંબી પોસ્ટ કરીને સન્યાસની જાહેરાત કરી હતી. મનોજ તિવારીએ અત્યાર સુધીમાં ૧૪૧ ફર્સ્ટ ક્લાસ મેચ રમી છે અને તે ૧૦,૦૦૦ રન પૂરા કરવાથી ૯૨ રન દૂર છે.

### હૈદરાબાદની કમનસીબ ઘટના

# પ્રેમિકાને મળવા ગયેલા પ્રેમીનું બાલ્કનીમાંથી પડતાં મોત

## યુવક તેની પ્રેમિકાને મળવા પિત્ઝા ડિલિવરી બોય તરીકે ઘરમાં ઘૂસ્યો હતો

| હૈદરાબાદ, તા.૮ |

ગર્લફ્રેન્ડને મળવા માટે મોડી રાત્રે લગભગ ૩ વાગ્યા આસપાસ યુવક પહોંચ્યો હતો. જ્યાં છોકરીના ઘરે ત્રીજે માળ ચઢીને તે ગયો હોવાની માહિતી મળી રહી છે.

પરંતુ અચાનક કઈક અવાજ થતા તેના પિતા જાગી ગયા હતા. આથી કરીને પોતાને છુપાવવા માટે તે બાલ્કની પાસે ગયો અને જોતજોતામાં તેનો પગ લપસતા મોટી દુર્ઘટના ઘટી હતી. તે સીધો નીચે પટકાઈ ગયો અને મોત નીપજતા બંને પરિવારોમાં શોકનું મોજુ પ્રસરી ગયું હતું.પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે આ ઘટના હૈદરાબાદની છે, જ્યાં યુવકે મોડી રાત્રે પિત્ઝા ખરીદી તેની ગર્લફ્રેન્ડને મળવાનો નવો જ પ્લાન બનાવ્યો હતો. પોતે જાણે ડિલિવરી બોય છે એમ દર્શાવી તે છોકરીના ઘર પાસે પહોંચી ગયો હતો. જ્યાં બિલ્ડિંગ અંદર તો તેને પિત્ઝા ડિલિવરી બોય તરીકે એન્ટ્રી મળી ગઈ હતી. ત્યારપછીથી તેણે પાઈપના કે અન્ય કોઈ વસ્તુના સહારે ત્રીજા માળ પર ચઢવાનું શરૂ કરી દીધું હતું.નોંધનીય છે કે યુવક ત્યારપછી ત્રણ માળના મકાનની કેબિનના ધાબે ચઢી ગયો હતો. જ્યાં બંને ગર્લફ્રેન્ડ અને યુવક વચ્ચે વાતચીત શરૂ થઈ ગઈ હતી.

### તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે સ્ટાલિનનો મોટો દાવો

# ૨૦૨૪ની સામાન્ય ચૂંટણી દેશમાં લોકશાહી રહેશે કે નહીં તે નક્કી કરશે : સ્ટાલિન

## લોકશાહીના કારણે જ ભારતીય રાષ્ટ્રીય વિકાસલક્ષી ગઠબંધનએ પોતાનો અવાજ ઉઠાવવાનું શરૂ કર્યુંઃ તમિલનાડુના મુખ્યમંત્રી

| ચેન્નાઈ, તા.૮ |

તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને ગઈકાલે ચેન્નઈમાં ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીને લઈને મોટો દાવો કર્યો હતો. સ્ટાલિને કહ્યું કે ૨૦૨૪ની સામાન્ય ચૂંટણી નક્કી કરશે કે દેશમાં લોકશાહી રહેશે કે નહીં. તમિલનાડુના સીએમએ કહ્યું કે લોકશાહીના કારણે જ ભારતીય રાષ્ટ્રીય વિકાસલક્ષી ગઠબંધનએ પોતાનો અવાજ ઉઠાવવાનું શરૂ કર્યું છે. સ્ટાલિન તેમના પિતા અને પાંચ વખતના મુખ્યમંત્રી એમ કરુણાનિધિની પાંચમી પુણ્યતિથિ પર સંબોધન કરી રહ્યા હતા. સ્ટાલિને કહ્યું કે આ એવી ચૂંટણી નથી જે



પાંચ વર્ષમાં એકવાર આવે છે, આ ચૂંટણી એ નક્કી કરવાનું છે કે ભારતમાં લોકશાહી રહેશે કે નહીં? કરુણાનિધિ હંમેશા કહેતા હતા કે આપણે તમિલનાડુમાંથી ભારત માટે આપણે અવાજ ઉઠાવવો જોઈએ અને હવે અમે તેમના શબ્દોને અનુસરી રહ્યા છીએ. સ્ટાલિને કહ્યું કે ડીએમકે એક પ્રાદેશિક પક્ષ છે અને હવે કરુણાનિધિના સ્વપ્નને સાકાર કરવાનો સમય આવી ગયો છે કે ડીએમકેએ હંમેશા એવા પક્ષ તરીકે કામ કરવું જોઈએ જે સુનિશ્ચિત કરે છે કે રાજ્યોને તેમના યોગ્ય અધિકારો મળે. સ્ટાલિન અને પાર્ટીના જનરલ સેક્રેટરી દુરાઈ મુરુગન, સાંસદ ટીઆર બાલુ અને કનિમોઝી કરુણાનિધિ સહિત તેમના વરિષ્ઠ સહયોગીઓએ મરિના બીચ ખાતે કરુણાનિધિની સમાધિ પર શ્રદ્ધાંજલિ આપવા માટે બે કિમીની મૌન યાત્રાનું નેતૃત્વ કર્યું હતું. આ પહેલા પણ ડીએમકે પ્રમુખ એમકે સ્ટાલિને ૨૦૨૪માં યોજાનારી લોકસભા ચૂંટણીને લઈને ભાજપ પર પ્રહારો કર્યા હતા.

## ડીજીસીએએ ૨૦૨૧થી ૧૬૬ યાત્રીઓને નો ફ્લાય લિસ્ટમાં મૂક્યા



| નવી દિલ્હી, તા.૮ |

તાજેતરમાં ફ્લાઈટ્સમાં યાત્રીઓ સાથે ખરાબ વર્તનને લઈને અનેક પ્રકારની ઘટનાઓ બની રહી છે. ક્યાંક યાત્રી પોતાના સહયાત્રીઓ પર પેશાબ કરી દે છે તો ક્યાંક ફ્લાઈટ ક્રૂ અથવા ફ્લાઈટ સહયોગી સ્ટાફ સાથે ઉદ્ધત વર્તનની ઘટનાઓ સાંભળવા મળી રહી છે. આવી વર્તણૂકને કારણે કેટલાક મુસાફરોની ઉડાન પર પ્રતિબંધ મૂકી દેવામાં આવે છે. અને આ કામ તેમને ‘નો ફ્લાય લિસ્ટ’માં મૂક્યા બાદ કરવામાં આવે છે જેની શરૂઆત ડીજીસીએએ વર્ષ ૨૦૨૧માં કરી હતી. ડીજીસીએની ૨૦૨૧માં ‘નો ફ્લાય લિસ્ટ’ની શરૂઆત બાદ અત્યાર સુધીમાં ૧૬૬ યાત્રીઓને આ લિસ્ટમાં મૂકવામાં આવ્યા છે. સરકારે સોમવારે સંસદમાં આ જાણકારી આપી હતી. નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી જનરલ વીકે સિંહે રાજ્યસભામાં લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, ૨૦૨૦માં મુસાફરો દ્વારા નોંધાયેલી કુલ ફરિયાદોની સંખ્યા ૪,૭૮૬ હતી. ૨૦૨૧ માં ૫,૩૨૧, ૨૦૨૨ માં ૫,૫૨૫ અને આ વર્ષે જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૨,૩૮૪ છે. તેમણે એમ પણ કહ્યું કે ૨૦૧૪માં દેશમાં શેડ્યૂલ ઓપરેટર્સના કાફલામાં કુલ ૩૯૫ વિમાન હતા જેની સંખ્યા ૨૦૨૩માં વધીને ૭૨૯ થઈ ગઈ છે. આ વર્ષમાં અત્યાર સુધીમાં, ૨,૩૦૦ થી વધુ ફરિયાદો આવી ચૂકી છે અને વર્ષ ૨૦૨૧ થી નો ફ્લાય લિસ્ટ જાહેર થયા બાદ તમામ ફરિયાદો પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે અને ડીજીસીએદ્વારા કાર્યવાહી કરવામાં આવે છે.

### માનવતાને શરમાવે એવી ઘટના

# ફ્રાન્સમાં પતિએ પત્નીને ૧૨ વર્ષ સુધી કેદ કરીને રાખી

| પેરિસ, તા.૮ |

એક મહિલાને તેના પતિએ ૧૨ વર્ષ સુધી કેદ કરીને રાખી હતી. હવે તેને આઝાદ કરી દેવામાં આવી છે. આ સાથે જ પોલીસે પતિની ધરપકડ કરી લીધી છે. મહિલા ખૂબ જ ખરાબ હાલતમાં મળી આવી છે. મહિલાના માથા પર વાળ પણ નથી કારણ કે, તેના પતિએ તેનું મુંડન કરી નાખ્યું હતું. શરીરના હાડકા પણ તૂટી ગયા છે.

આ મામલો ફ્રાન્સનો છે. મહિલા એક એપાર્ટમેન્ટના બેડરૂમમાંથી મળી આવી છે. પોલીસે જણાવ્યું કે, મહિલાના શરીર પર અનેક ઈજાઓ છે. ફ્રાન્સ પોલીસે જણાવ્યું કે, તેમણે જર્મનીના એક નાગરિકની ધરપકડ કરી છે. તેમા ઘરમાંથી તેમની પત્ની ૧૨ વર્ષ બાદ મળી આવી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે મહિલા પણ જર્મનીની જ નાગરિક છે. મહિલા કપડા વગરની હાલતમાં મળી આવી છે. તેના શરીર પર અનેક ઈજાઓ છે અને હાડકા તૂટી ગયા છે.

એવું માનવામાં આવી રહ્યું છે કે, મહિલાને ટોર્ચર કરવામાં આવી રહી હતી. પોલીસે જણાવ્યું કે, બેડરૂમને મોટલના તારથી બંધ કરીને રાખવામાં આવ્યો હતો. ઘટના પૂર્વ ફ્રાન્સના ફોરબૈકની છે. પોલાસ સૂત્રના જણાવ્યા પ્રમાણે ૫૩ વર્ષની મહિલાએ જર્મનીની પોલીસને ફોન કર્યો હતો જેમણે ફ્રાન્સની પોલીસને એલર્ટ કરી હતી. મહિલાના હાથે ફોન લાગી ગયો હતો અને તેમણે પશ્ચિમી જર્મનીના વિસ્બાડેનમાં પોલીસને ફોન કર્યો હતો.

મહિલાના બંને પગ અને આંગળીઓમાં ફ્રેક્ટર છે. તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. તેમના ૫૫ વર્ષીય પતિ પર અપહરણ, રેપ, ત્રાસ અને ક્રૂરતાના કૃત્યો કરવાનો આરોપ છે.

# ગુરૂગ્રામમાં એક માંસની દુકાન પર તોફાનીઓનો પત્થરમારો

## ઘટનામાં દુકાનના સંચાલકને ઈજા થઈ, પોલીસે ફરિયાદના આધારે એફઆઈઆર નોંધીને તપાસ હાથ ધરી

| ગુરુગ્રામ, તા.૮ |

ચાર દિવસની હિંસા બાદ અરાજક તત્વો ગુરુગ્રામમાં શાંતિપૂર્ણ વાતાવરણને બગાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. સોમવારે રાત્રે ફરી એકવખત તોફાની તત્વોએ સેક્ટર પાંચ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સીઆરપીએફ ચોક પાસે સ્થિત એક માંસની દુકાન પર પથ્થરમારો કર્યો હતો. પીડિતે પોલીસ સ્ટેશનમાં બદમાશો વિરુદ્ધ કેસ નોંધાવ્યો હતો. મૂળ બિહારના બેગુસરાય જિલ્લાના રહેવાસી મોહમ્મદ જાવેદે ફરિયાદમાં જણાવ્યું હતું કે તે શીતલા કોલોની પાસે ભાડેથી રહે છે અને સીઆરપીએફ ચોક પાસે ભાડા પર માંસની દુકાન ચલાવે છે. આ ઘટનામાં મોહમ્મદ જાવેદને સામાન્ય ઈજા પણ પહોંચી છે. સોમવારે રાત્રે ૮:૦૦ વાગ્યે તેઓ તેમની દુકાનની અંદર કામ કરી રહ્યા હતા તે દરમિયાન બહારથી પથ્થરમારો થતાં તેમની દુકાનના કાચ તૂટી ગયા હતા. જ્યારે તેણે બહાર આવીને જોયું તો ૧૦-૧૨ માસ્ક પહેરેલા યુવકો તેની દુકાન પર પથ્થરમારો કરી રહ્યા હતા. તેમના અવાજથી આસપાસના લોકો ત્યાં આવી પહોંચ્યા હતા.

### રાજ્યસભામાં દિલ્હી સર્વિસ બિલને લઈને હોબાળો

# રાજ્યસભામાં મનમોહનસિંહની હાજરી પર રાજકારણ ગરમાયું

| નવી દિલ્હી, તા.૮ |

રાજ્યસભામાં ગઈકાલે દિલ્હી સર્વિસ બિલને લઈને હોબાળો થયો હતો, જેમાં અંતે એનડીએ ગઠબંધનનો વિજય થયો હતો એટલે રાજ્યસભામાંથી પણ દિલ્હી સર્વિસ બિલ પાસ થઈ ગયું છે. આ બીલને રોકવા માટે ઈન્ડિયાવિપક્ષી મહાગઠબંધને પૂરી તાકાત લગાવી દીધી હતી છતાં તે આ બીલને રોકવામાં સફળ થઈ શકી નહીં. એનડીએના ૧૩૧ મતો સામે તેને માત્ર ૧૦૨ મત મળ્યા હતા, પરંતુ કોંગ્રેસે મતદાનમાં દરેક મત માટે સખત લડત આપી હતી. તેમણે સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરી રહેલા ૯૦ વર્ષીય પૂર્વ પીએમ મનમોહન સિંહને પણ ગૃહમાં મતદાન કરવા આમંત્રણ આપ્યું હતું. સમગ્ર ચર્ચા અને મતદાન દરમિયાન મનમોહન સિંહ વ્હીલચેર પર બેઠેલા જોવા મળ્યા હતા. દરમિયાન આને લઈને રાજકારણ પણ શરૂ થઈ ગયું છે. ભાજપે કોંગ્રેસ પર પ્રહાર કર્યા ઉપરાંત મનમોહન સિંહની ઉંમર અને નાદુરસ્ત તબિયત છતાં તેને ગૃહ બોલાવવા અમાનવીય ગણાવ્યા હતા. ભાજપે ટ્વીટ કરીને કહ્યું કે, દેશ કોંગ્રેસના આ પાગલપણાને યાદ રાખશે! કોંગ્રેસે ભૂતપૂર્વ વડાપ્રધાનને મોડી રાત્રે ગૃહમાં વ્હીલચેર પર બેસાડીને આવી તબિયતમાં પણ રાખ્યા, તે પણ માત્ર તેમના બેઈમાન ગઠબંધનને જીવંત રાખવા માટે! બહુ શરમજનક વાત કહેવાય. આની સામે જવાબ આપતાં કોંગ્રેસે મનમોહન સિંહના આગમનને બંધારણના સન્માન સાથે જોડ્યું છે. કોંગ્રેસના પ્રવક્તા સુપ્રિયા શ્રીનાતે કહ્યું, “લોકશાહી માટે ડૉ. સાહેબનું આ સમર્પણ દર્શાવે છે કે તેમને દેશના બંધારણમાં કેટલી શ્રદ્ધા છે.” શ્રીનેતે આ વાતને ભાજપના સીનીયર નેતાઓના સન્માન સાથે પણ જોડી છે. તેમણે લખ્યું, ‘એ સમયે જ્યારે ભાજપે તેના સીનીયરોને માનસિક કોમામાં મોકલી દીધા છે, ત્યારે મનમોહન સિંહ અમારા પ્રેરણા અને હિંમત છે. કોંગ્રેસ ઉપરાંત રાઘવ ચઢ્ઢાએ પણ મનમોહન સિંહના જોરદાર વખાણ કર્યા છે. રાઘવે લખ્યું, ‘મનમોહન સિંહ રાજ્યસભામાં બ્લેક ઓર્ડિનન્સ વિરુદ્ધ અમારા માટે મશાલ બનીને બેઠા હતા. લોકશાહી અને બંધારણ પ્રત્યે તેમનું સમર્પણ આપણા માટે પ્રેરણારૂપ છે. અમે તેમના પ્રત્યે અમારું આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ. વિપક્ષે રાજ્યસભામાં દિલ્હી સર્વિસ બિલને રોકવા માટે પૂરેપૂરી ફિલ્ડિંગ લગાવી દીધી હતી, પરંતુ તેમ છતાં તે એનડીએવિરુદ્ધ માત્ર ૧૦૨ વોટ મેળવી શક્યું હતું. હાલમાં રાજ્યસભામાં ૨૩૮ સાંસદો છે, જ્યારે ૭ બેઠકો ખાલી છે. મનમોહન સિંહ ઉપરાંત ઝારખંડ મુક્તિ મોરચાના સંસ્થાપક શિબુ સોરેન પણ ખરાબ તબિયત હોવા છતાં ગૃહમાં આવ્યા હતા. જણાવી દઈએ કે બીજેડી અને વાયએસઆર કોંગ્રેસના સમર્થનને કારણે બીજેપીના નેતૃત્વમાં એનડીએને મોટી લીડ મળી છે. આ સિવાય ટીડીપીને પણ એક વોટ મળ્યો હતો. આ રીતે વિપક્ષની એકતા બાદ પણ ભાજપનો વિજય થયો હતો.

## તંત્રી લેખ...

# આપણા યુવાધનને ડ્રગ્સના દૂષણથી બચાવીએ

નશો માત્ર વ્યક્તિને બરબાદ નથી કરતો, વ્યક્તિના કુટુંબ, સમાજ, રાજ્ય અને રાષ્ટ્રને પણ બરબાદ કરે છે. યુવાનોમાં નશો ગુટખા કે દારૂથઈ આગળ વધીને ગાંજો, ભાંગ, હિરોઈન, કોકેઈન, ચરસ, સ્મેક અને ડ્ર્ગ્સ સુધી પહોંચ્યો છે. પંજાબ જેવા કેટલાક રાજ્યોમાં જ ફેલાયેલું આ દુષણ હવે દેશના ખૂણે ખૂણે ફેલાયું છે. છેલ્લા એક જ વર્ષમાં મહારાષ્ટ્ર, હરિયાણા, પંજાબ, અરુણાચલ, મણિપુર અને મિઝોરમમાં ૫૦૦ કરોડથી ૬ હજાર કરોડ સુધીનું ડ્ર્ગ્સ જપ્ત થયું છે. ગુજરાતમાં કચ્છ, મુંદ્રા, સુરત, મોરબી, ઝિંઝુડા, દ્વારકા, અમદાવાદ એરપોર્ટ, હિંમતનગર, પોરબંદરથીય હજારો કિલો ડ્ર્ગ્સ પકડાયાના સમાચાર વિચલિત કરી દે છે.

દેશના યુવાનોને ડ્ર્ગ્સના રવાડે ચડાવી બરબાદ કરવાનો અને વેપાર પણ કરી લેવાનો આ નવો આતંકવાદ છે. ડ્ર્ગ્સનો વૈશ્વિક વેપાર ૪૦૦ બિલિયન ડોલરનો છે. તેમને ભારતમાં મોટું માર્કેટ દેખાતા અનેક પેડલરો અહીં સુધી આવીને સ્લિપર સેલ જેમ કાર્ય કરી રહ્યા છે. ડ્ર્ગ્સ મુખ્યત્વે અફઘાનિસ્તાન, પાકિસ્તાન, ઈરાન અને દુબઈ થઈને ભારતમાં આવે છે. આ દેશોમાં અફીણની ખેતી થાય છે. પાકિસ્તાનથી આવતું ડ્ર્ગ્સ પંજાબ સરહદેથી આવતું. જમીની સરહદે કડકાઈ વધતાં હવે દરિયાઈ માર્ગે આવે છે. છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાતને ટાર્ગેટ કરાયું છે. અને સૌરાષ્ટ્ર-કચ્છ-પોરબંદરના દરિયાઈ માર્ગે ગુજરાતમાં ફેરફારી થાય છે.

બારત સરકારના સોશિયલ જસ્ટિસ એન્ડ એમ્પાવરમેન્ટ મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ ભારતના ૧૬ કરોડ ૧૪ ટકા લોકો દારૂના વ્યવસની છે. ૭.૫ કરોડ ૬ ટકાથી વધુ લોકો ડ્ર્ગ્સના આદી બની ગયા છે. અને ૨૦ ટકા લોકો અન્ય નશાના બંધાણી છે. નશીલા પદાર્થોનું સૌથી વધારે સેવન ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન, આધ્રપ્રદેશ, ઉત્તરપૂર્વના રાજ્યો અને હવે ગુજરાતમાં થાય છે. માત્ર બોલિવુડ અને ડ્ર્ગ્સના દુષણને જોડતા સમાચારો પર આંખ માડીને બેઠેલા સૌ માટે, છેલ્લા એક જ વર્ષમાં ગામડાના કિશોર વયથી ૨૫ વર્ષ સુધીના કેટલાં યુવાનો ડ્ર્ગ્સનું સેવન કે હેરાફેરી કરતા પકડાયા એ જોવુ અને વિચારવું રહ્યું. શ્રીમંત ઘરમાં સામાજિક ફટકો પડે અને ગરીબ કે મધ્યમવર્ગ આર્થિક રીતે પડી ભાગે, પરણેલા યુવાનો ઘરડાં મા-બાપ, પત્ની, સંતાનો પર ધ્યાન ન આપી શકે, જોતજોતોમાં ડ્ર્ગ્સના ધુમાડામાં આખો પરિવાર રાખ થઈ જાય.

## યુ ટ્યુબ પર ક્રિએટર્સ વિડિયો ગેમ્સની લાઇવ સ્ટ્રીમિંગ કરી રહ્યા છે

# લાઇવ ગેમિંગ સ્ટ્રીમિંગથી પૈસા કમાવો

આધુનિક સમયમાં યુટયુબ પર દેશના કેટલાક ક્રિએટર્સ તો હવે વિડિયો ગેમ્સની લાઈવ સ્ટ્રીમિંગ કરી રહ્યા છે. સાથે સાથે આના મારફતે જંગી આવક પણ મેળવી રહ્યા છે. લાઈવ ગેમિંગ સ્ટ્રીમિંગની બોલબાલા વધી રહી છે. મુંબઈમાં રહેનાર ૨૧ વર્ષની મનસ્વી દલવી લોમાં અભ્યાસ કરી રહી છે અને તે દરરોજ આઠ કલાક વિડિયો ગેમ રમે છે. સાથે સાથે તેને યુટ્યુબ પર લાઈવ સ્ટ્રીમીંગ પર કરે છે. દલવીએ છેલ્લા એક વર્ષના ગાળામા ંજ એક લાખ રૂપિયાની કમાણી કરી લીધી છે. આ રકમ તેને ફેન્સના ડોનેશન અને બ્રાન્ડસની જાહેરાતના કારણે મળ્યા છે. ચેન્નાઈમાં રહેનાર પ્રભાકરણપણ ગેમ્સની લાઈવ સ્ટ્રીમિંગ કરી રહ્યો છે. આના માટે તે પણ નોકરી છોડી ચુક્યો છે. તેને લાગે છે કે તે ઇ-કોમર્સ કંપનીમાં કામ કરીને જેટલા પૈસા કમાવી શકે છે તેટલા પૈસા તે લાઈવ સ્ટ્રીમિંગ મારફતે પણ કમાવી શકે છે. મનસ્વી અને પ્રભાકરણ એવા ખાસ લોકો પૈકી છે જે યુટ્યુબ પર ગેમ્સના લાઈવ સ્ટ્રીમીંગને કેરિયર બનાવી ચુક્યા છે. ભારતમાં બે વર્ષ પહેલા સુધી ગેમિંગ ચેનલ નહીવત સમાન હતી. પરંતુ હવે ૧૦ લાખ ગ્રાહકો ધરાવનાર ૨૪ ગેમિંગ ચેનલો તો એવી છેજે ભારતીય યુવા ચલાવી રહ્યા છે. હવે દેશમાં અલગ અલગ ભાષામાં ગેમિંગ ક્રિએટર્સ આવી રહ્યા છે. વિડિયો કેટેગરીમાં યુટ્યુબના માર્કેટમાં ચીનના શોરટ વિડિયો પ્લેટફોર્મ ટિકટોકે જોરદાર અતિક્રમણ કરી દેવામાં સફળતા મેળવી છે. આવી સ્થિતીમાં ગેમિંગ વર્ટિકલ યુટ્યુબ માટે ખુબ ઉપયોગી અને અસરકારક તરીકે છે. વર્તમાન દૌરમાં યુવાનો વચ્ચે લાઈવ ગેમિંગનો ક્રેઝ દિન પ્રતિદિન વધી રહ્યો છે. હજારો યુટ્યુબ ચેનલ ગેમિંગ સ્ટ્રીમ કરી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં દેશમાં ઈન્ટરનેટની સ્પીડ વધી જવાની સાથે જ લાઈવ ગેમમાં ગાળવામા આવતો સમય પણ વધી રહ્યો છે. રોજ આશરે ૨૦ કરોડ કરતા વધારે ગ્રાહકો યુટ્યુબ પર ગેમિંગ વિડિયો અને લાઈવ સ્ટ્રીમિંગ નિહાળે છે. આવનાર સમયમાં આમાં વધુ વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. ભારતમાં મોટા ભાગના લોકો મોબાઈલ ફોન પર ગેમ રમવાનુ વધારે પસંદ કરે છે. જ્યારે બીજા દેશોમાં ગેમ રમવા માટે કોમ્પ્યુટર અને કન્સોલનો વધારે ઉપયોગ કરવામાં આવે છે. યુટ્યુબ ભારતીય ગેમર્સને કન્ટેન્ટ સ્ટ્રેટેજી, પ્રોડક્શન ડિઝાઈન, ગ્રીન સ્કીરનના ઉપયોગ અને કેમેરા, લાઈટ એડિટિંગ મામલે ટ્રેનિંગ આપે છે. આના કારણે યુટ્યુબ પર ગેમિંગ ક્રિએટર્સ વધારે સારી રીતે તેમના કામને અંજામ આપી રહ્યા છે. યુટ્યુબ કેટલાક વર્ટિકલ પર કામ કરે છે. તે પૂર્ણ રીતે ગેમિંગ કન્ટેન્ટ સાથે સજ્જ છે અને તેની સાથે જોડાયેલ છે. યુટ્યુબ પર કેટલાક પ્રકારના કન્ટેન્ટ રહે છે. ગેમિંગ પણ એક લોકપ્રિય વિદ્યા તરીકે છે. યુટ્યુબ ગેમિંગ કોમ્યુનિટીને વધારવા માંગે છે. ગેમર્સના વિડિયોને યુઝર્સ વધારે સમય સુધી નિહાળે છે. કેટલાક કિસ્સામાં તો વારંવાર નિહાળે છે. ગેમિંગ હવે મહત્વપૂર્ણ આયાત તરીકે છે. ટ્રેન્ડ વધતા આ દિશામાં લોકો વધી રહ્યા છે. આના માટે ઈન્ટરનેટની સ્પીડમાં વધારાને પણ કારણ તરીકે ગણવામાં આવે છે. લાઈવ ગેમિંગની બોલબાલાના કારણે તેની તરફ લોકો અને બાળકો વધારે આકર્ષિત થઇ રહ્યા છે. ગેમિંગ પોપ્યુલર વિદ્યા તરીકે થઇ ગઇ છે. ટેક વર્લ્ડની વાત કરવામા ંઆવે તો સ્થિતી હવે સુધરી રહી છે. યુટ્યુબ પર લાઈવ સ્ટ્રીમિંગ કરીને આગળ વધનાર લોકોની સંખ્યા આવનાર સમયમાં વધી શકે છે. નોકરીમાં સમય ગાળવાના બદલે આટલા જ સમયમાં લાઈવ સ્ટ્રીમિંગ મારફતે નોકરી જેટલી રકમ ઉભી કરવામાં આવી રહી છે. ક્રિએટિવ લોકો આમાં સફળ સાબિત થઇ રહ્યા છે. બજારની વાત કરવામાં આવે તો ભારતમાં ગેમિંગ માર્કેટ એશિયા પેસિફિક પ્રદેશમાં ત્રીજા સ્થાન પર છે. આવનાર દિવસોમાં તેની સ્થિતી વધારે મજબુત બની શકે છે.

# કથાનકનો બોધ : સોનામહોરનો થેલો એટલે આપણાં કર્મનાં લેખાંજોખાંની પોટલી, જે આપણું ભવિષ્ય નક્કી કરનાર છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

હે ઈશ્વર આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે બુધવાર એટલે બોધ કથા. આમ તો બોધ ગ્રહણ કરવો હોય તો કથાની જરૂર પડતી નથી, માત્ર થોડું આસપાસ નિરીક્ષણ કરવાની ટેવ પાડીએ તો, પ્રાકૃતિક અંગો અને આપણી આસપાસ ઘટતી કેટલીય એવી ઘટના હોય છે જે, આપણને કંઈક ને કંઈક શીખવી જતી હોય છે. પરંતુ આપણે હવે આપણી આસપાસ કે બહાર નજર ફેલાવીએ છીએ, તો એ માત્ર ઈર્ષાને નિંદા માટે જ, અથવા તો અહમને કારણે કોને ઉતારી પાડવા ! બસ આવી નિમ્ન પ્રવૃત્તિ જ થતી હોય છે અથવા તો વ્યવહાર કે ઔપચારિકતા માટે, બાકી તો સ્વ શરીરની આસપાસ જ આપણું ધ્યાન પ્રવર્ત રહે છે એટલે કે ક્યાં અને કેટલું લાલન પાલન કરવું! આપણી પાસે શું છે? શું નથી? અને કેવી રીતે મેળવવું? બસ આ પ્રયત્નોમાં જ જીવન પૂરું થઈ જાય છે. પરંતુ સદગુરુ કૃપા રૂપી આપણને આ બોધ પ્રાપ્ત થાય છે, એમાંથી આપણે જો કંઈક ગ્રહણ કરીએ તો, મનુષ્ય રુપે મળેલો આ જન્મ સફળ થઈ શકે. તો આજે આપણે ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુન સાથે ઘટેલી એક ઘટના વિશે બોધ કથા રૂપે ચિંતનમાં વાત કરીશું.

કુરુક્ષેત્રનાં યુદ્ધ પછી હસ્તિનાપુરમાં શ્રીકૃષ્ણ અને અર્જુન બંને જણા ફરવા નીકળે છે, અને એક ગરીબ ભિક્ષુક ને જોઈને અર્જુન દયાવશ તેને સોના મહોર ભરેલી થેલી આપે છે, પરંતુ એક ચોર એ જોઈ જતાં, તે થેલી ચોરાઈ જાય છે, અને એ ભિક્ષુક ફરી પાછો બીજે દિવસે ત્યાં જ ઉભેલો જોવા મળે છે. અર્જુન આજે તેને એક સુંદર અને કીંમતી રત્ન આપે છે, એ ભિક્ષુક ઘરે આવી તેને માટલીમાં સંતાડી દે છે, અને બીજે દિવસે તેની પત્ની એ જ માટલી લઈને પાણી ભરવા જાય છે અને માટલી તૂટી જાય છે, પોતાનું પ્રારબ્ધ ફૂટેલું છે, એનો વસવસો કરતો હતો. વળી પાછો બજારમાં ઊભો રહે છે, અર્જુનને એ ભિક્ષુક સાથે શું ઘટના ઘટી એને વિશે ખ્યાલ નથી માટે તેને ખૂબ ગુસ્સો આવે છે કે, આ ભીક્ષુક બહુ જ લાલચુ છે, અને આજે તેને કંઈ જ આપવું નથી એમ વિચારી એ તેને કંઈ જ આપતો નથી. પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ તેને બે પૈસા આપે છે, ભિક્ષુક બે-ત્રણ દિવસના અન્નની વ્યવસ્થા થઈ ગઈ એમ સમજી ચાલ્યો જાય છે, અને રસ્તામાં એક તડપતી માછલી જોઈ, તેને થયું કે, હું તો આમ પણ ભીક્ષુક છું, બીજે માંગી લઈશ! પણ આ બે પૈસા માંથી આ માછલી ખરીદી અને ફરી પાછી તેને પાણીમાં મૂકી દઉં, જેથી કરી એનું જીવન સુરક્ષિત થઈ જાય, અને એ પેલા બે પૈસામાંથી વિચાર્યા પ્રમાણે કરતાં પાણીમાં મુકવા જતો હતો, ત્યાં જ તેના ગળામાં કંઈક સલવાયેલું જોયું, અને તેણે જેમ તેમ કરીને એ પદાર્થ બહાર કાઢ્યો. પથ્થર જેવા એ પદાર્થ પર તેનું ધ્યાન ગયું, તો તેને થયું કે આતો ગઈકાલે મળેલું રત્ન છે, અને તે ખુશીથી નાચવા લાગ્યો, અને મળી ગયો! મળી ગયો! એમ કરવા લાગ્યો. કુદરત નું કરવું અને એ જ સમયે પેલો ચોર ત્યાં આગળ સોનામહોરની થેલી દાટવા આવ્યો હતો, એણે આ સાંભળ્યું, અને તેને થયું કે આ ભિક્ષુક મને ઓળખી ગયો છે, એટલે ભર બજારમાં એ મને પકડી પાડશે, તો મને રાજા ને સુપ્રત કરવામાં આવશે, અને મને આકરી સજા થશે! આવું વિચારીને તે એ થેલી મૂકીને ભાગ્યો. બીજે દિવસે ભિક્ષુક શ્રીકૃષ્ણનો આભાર માને છે, કે તમે મને બે પૈસા આપ્યા એણે મારી જીંદગી બદલી નાખી. આ વાત સાંભળીને અર્જુન શ્રી કૃષ્ણ સામે જોઈ રહે છે, કે આમ કેમ ? મેં આટલું બધું આપ્યું છતાં, આભાર તમારો કેમ માને છે? શ્રીકૃષ્ણે કહ્યું કે તે આપેલા આ રત્નને સોનામહોર જોઈ તે પોતાના એટલે કે સ્વ માટેના સ્વપ્નાં જોવા લાગ્યો કે, મોટો મહેલ ખરીદશે, ખેતર ખરીદશે વગેરે વગેરે, જ્યારે આ બે પૈસામાંથી તેણે એક જીવને બચાવવાની ઈચ્છા થઈ, અને આ સંવેદનાને કારણે જ તેને પોતાનું ખોવાયેલું ધન પ્રાપ્ત થયું.

મિત્રો કથાનકની વાત તો ત્યાં પૂરી થઈ. પરંતુ. આપણે આ કથાનક માંથી શું બોધ ગ્રહણ કરી શકીશું પહેલો તો સીધો સાદો અર્થ એ છે કે ભાગ્યમાં લખાયેલું હોય તો એ ક્યાંય જતું નથી, અને સમયે પ્રાપ્ત થાય છે. પરંતુ બીજો અર્થ એ છે કે શું માત્ર સોનામહોરની થેલી કે કીંમતી રત્ન એટલે કે ધન એશ્વર્ય માંજ સુખ કે આનંદ સમાયેલો છે? સાચો આનંદ તો બીજાનું દુઃખ જોઈને જેનું અંતર દ્રવી ઉઠે અને પોતાનાથી જે કંઈ મદદ થાય એ મદદ કરવાથી જ પ્રાપ્ત થાય છે. પરંતુ હજી આ કથાનક પરથી ત્રીજી રીતે મૂલ્યાંકન થઈ શકે. કે એ સોના મહોરનો થેલો એટલે આપણા કર્મના લેખાંજોખાંની પોટલી, જે આપણું ભવિષ્ય નક્કી કરનાર છે, અને એમાં જો કોઈની આંતરડી ઠાર્યા નું પુણ્ય હશે, કે પછી કોઈ ના દર્દ ને ઓછું કર્યા નું કંઈક કર્મ હશે, કોઈ ના આંસુ લુછ્યા નું સ્મરણ હશે, કે પછી કંઈક પણ કરી શક્યા નો સંતોષ હશે, તો એ પોટલીનું વજન નહીં લાગે,અને જીવનની કીમતી ક્ષણો જ સોનામહોર ની જેમ ચમકતી હશે અથવા તો સુખમય જીવન પસાર થતું હશે. એ રત્ન એટલે માનવનું આયુષ્ય કે જેનું મહત્વ કિંમતી રત્નથી જરાય ઓછું નથી, અને આપણે તે વેડફી રહ્યા છીએ. કોઈ સંવેદના જ તેને સુરક્ષિત કરી શકે તેમ છે, કે પછી તેનું મૂલ્ય આંકી શકે તેમ છે, એ વાત યાદ રાખવી, એ પણ આ કથાનક આપણને શીખવે છે.

આપણા તથા આપણી પછીની પેઢી માટે ધન એકઠું કરવામાં જીવનમાં કેટલાય કિમતી વર્ષો વિતાવ્યા અને એ એટલી હદે ખોટું પણ નથી પરંતુ માત્ર એ વિચાર જીવનને શાંતિ આપી શકતો નથી થાળીમાં લાખ ભાવતા ભોજન પીરસાયા હોય તો પણ ભૂખ હોય એટલું જ જમી શકાય છે. એ જ રીતે આપણા પ્રારબ્ધમાં જેટલું હોય એટલું જ ભોગવી શકાય છે, તો બાકીના માંથી થોડો હિસ્સો અન્યનું ભાગ્ય ઉજળું બનાવવા શું કામ વાપરી ન શકાય? અને વાપરવા માટે કંઈ ધનવાન હોવું એ પણ જરૂરી નથી. એ ભિક્ષુક પાસે માત્ર બે પૈસા હતાં, અને છતાં તેને માછલી પ્રત્યે સંવેદના થઈ તો આપણી પાસે જે કંઈ છે, એમાંથી થોડું ઘણું કંઈક કરતા રહીએ તો, ઈશ્વરની નજર આપણી પર પડશે. એટલે કે કૃષ્ણની નજર જેમ પેલા ભિક્ષુક પર પડી, એમ એ પણ આપણું દાન કર્મ થતું રહે, એ માટે કંઈક ને કંઈક આપતો રહેશે. પણ યાદ રાખવાનું છે કે, ઈશ્વરે આપેલું એ ધન એના હેતુ માટે પણ વપરાવું જોઈએ. ઈશ્વરનું એક સ્વરૂપ આપણે ત્યાં સહસ્ત્ર પૂજા વાળુ પણ ગણવામાં આવ્યું છે તો આપણે અકર્તાના ભાવથી એની એ સહસ્ત્ર પૂજામાં આપણી બેભુજા ભેળવીને નિષ્કામ કર્મ કરતા રહીએ, અને સોનામહોરની પોટલી જેમ આપણાં કર્મની પોટલીમાં આવા કર્મનું ભાથું ભરતા રહીએ કે જેથી કરીને લેખાં ચોખાનો સમય આવે ત્યારે આપણે પસ્તાવાનો વારો આવે નહીં, અને આયુષ્યરૂપી એ રતનનું રામ નામ અને રામ કામ થતી જતન કરતા રહીએ એવી એક અનન્ય પ્રાર્થના રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# બચશે, બચાવશો તો; બચશો, બચાવશો તો! ઉખાણું આ સમજજો, જેનો જવાબ જળ છે!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

ચંદ્રયાન -૩ ચંદ્રની ભ્રમણ કક્ષામાં પ્રવેશ કેટલાક વિડિઓ ફોટા મોકલતા આપણે સૌ હરખઘેલા થયા આનંદની પળો માણવા જેવી હોય છે સાથે સાથે આ વર્ષે ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદ સારો થયો. નદીનાળાં ડેમ ઝરણાં સજીવ થયાં ત્યારે આપણે ભૂતકાળમાં પાણી પાણી કરતા'તા એ સ્થિતિ ન સર્જાય તે માટે પાણી જળનું જતન કરીએ. મહ્ત્વ સમજીએ

જળ છે તો જીવન છે. જળ વિના પૃથ્વી પર કોઈ પણ પ્રકારના જીવનની કલ્પના થઈ શકે તેમ નથી. જળ સંસાધનનો કોઈ બીજો વિકલ્પ નથી. તેના ઉપયોગની યાદી ઘણી લાંબી છે. સમગ્ર જીવસૃષ્ટિ પણ જીવન ટકાવી રાખવા જળનો જ ઉપયોગ કરે છે. કોઈપણ દેશની સમુદ્રનો આધાર તેની ખેતી અને તેમાં વપરાતા જળ ઉપર છે. જળની વિશેષ જરૂરિયાત પીવામાં અને ઘરેલુ કાર્યોમાં તથા ઉદ્યોગોમાં રહે છે. વધતી જતી વસતી અને વિકાસકાર્યોમાં જે ઝડપે અને જથ્થામાં જળ વપરાય છે તે રીતે જળની અછત સજાતી જાય છે. તે બાબતને ધ્યાને રાખીને જળનો વિવેકપૂર્વક ઉપયોગ ખુબ જ જરૂરી છે. જો એ મર્યાદિત સંસાધન છે. તેના સ્થાને કોઈ પણ સંસાધન ઉપયોગમાં લઈ શકાય તેમ નથી, પર્યાવરણ જીવંત છે તો તે જળ સંસાધનને કારણે જ તેથી જળ એ જીવનનું અભિન્ન અંગ છે. .

**જળના મુખ્ય ત્રણ પ્રકાર છે :**

**વૃષ્ટિય જળ, પૃષ્ટિય જળ, ભૂમિગત જળ**

વૃષ્ટિય જળ : પૃથ્વી પર જળસંસાધનનો મૂળ સ્રોત વૃષ્ટિ' છે. નદી, સરોવર, ઝરણાં અને કૂવા એ ગૌણસ્રોત છે.આ બધા જ સ્રોત વૃષ્ટિને આભારી છે.

પૃષ્ટિય જળ : પૃથ્વીની સપાટી પરનું જળ નદી, સરોવર, તળાવ, સાગર, ઝરણાં વગેરે સ્વરૂપ જોવા મળે છે. તે પૃષ્ટિય જળ છે. પૃષ્ટિય જળનો મુખ્ય સ્રોત નદીઓ છે.

ભૂમિગત જળ : મુખ્ય જળસ્રોતમાં ભૂમિગત જળનું સ્થાન પણ અગત્યનું છે. પૃષ્ટિય જળના અવશોષણથી ભૂમિગત જળ પ્રાપ્ત થાય છે. ભૂમિગત જળનો જથ્થો અમર્યાદિત છે. ભારતમાં ઉત્તરના મેદાની વિસ્તાર માં ૪૨% ભૂમિગત જળ મળે છે. દક્ષિણ ભારતમાં ઉચ્ચ પ્રદેશ અને પર્વતીય વિસ્તારોને કારણે ભૂમિગત જળનું પ્રમાણ ઓછું જોવા મળે છે. ભૂમિગત જળનો સૌથી વધુ ઉપયોગ સિંચાઈ માટે થાય છે.

**જળ સંસાધનો અને ઉપયોગ**

સિંચાઈ : ભારતમાં લગભગ ૮૪ % જળ સિંચાઈ માટે ઉપયોગી છે. જેમકે, એક કિલો ઘઉં ઉત્પન્ન કરવા લગભગ ૧૫૦૦ લીટર પાણીની આવશ્યકતા હોય છે, ડાંગર શણ અને શેરડીના પાકોને વધુ જળની આવશ્યકતા રહે છે. પ્રાચીન સમયથી પાણીનો ઉપયોગ સિંચાઈ માટે થતો આવ્યો છે. કાવેરી નદીમાંથી 'ગ્રાન્ડ ઍનિકટ' નામે જાણીતી નહેરનું નિર્માણ બીજી સદીમાં થયું હતું. ૧૮૮૨માં ઉત્તર પ્રદેશની પૂર્વીય યમુના નહેરનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

ભારતમાં સિંચાઈનાં મુખ્ય ત્રણ માધ્યમો છે. કૂવા અને ટ્યુબવેલ , નહેરો તળાવો. આ પૈકી કૂવા અને ટ્યુબવેલ સિંચાઈનાં મુખ્ય માધ્યમો છે. નહેરો તથા તળાવો અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને આવે છે. નહેરો દ્વારા સિંચાઈ સતલજ, યમુના અને ગંગાના વિશાળ મેદાનો તથા પૂર્વના તટીય મેદાનોમાં આવેલ મહાનદી, ગોદાવરી, કૃષ્ણા અને કાવેરીના મુખત્રિકોણ પ્રદેશોમાં થાય છે. કૂવા અને ટ્યુબવેલ એ કાંપ ના મેદાનોમાં સામાન્ય છે. તળાવો દ્વારા થતી સિંચાઈ પૂર્વ અને દક્ષિણનાં રાજ્યોમાં વધારે છે,

બુહેતુક યોજનાઓ : ભારતમાં અને નાના મોટી નદીઓ વહે છે. ભારતનો જળપરિવાહન સમૃદ્ધ છે, એનું કારણ ભારતનું ભૂપૃષ્ઠ એવું છે કે અનેક નદીઓ બીજી નદીઓને મળીને તેનું જળ સમુદ્ર માં ઠાલવે છે. આ જળનો ઉપયોગ અનેક હેતુઓ માટે થાય તે માટે બહુહેતુક યોજનાઓ વિવિધ નદીઓ પર બનાવવામાં આવી છે. બહુહેતુક યોજના એટલે નદી-ખાણો સાથે સંકળાયેલ વિભિન્ન સમસ્યાઓને હલ કરવી. એમાં પૂર-નિયંત્રણ,જમીનધોવાણ નો અટકાવ, સિંચાઈ અને પેયજળ ઉદ્યોગો, વસાહતોને અપાતું પાણી વિદ્યુત ઉત્પાદન, આંતરિક જળ પરિવહન મનોરંજન વન્યજીવ સંરક્ષણ અને મત્સ્યપાલનનો સમાવેશ થાય છે.

ભારતના દરેક રાજ્યના સંદર્ભે સિંચાઈક્ષેત્રોમાં ઘણો તફાવત છે. આંધ્રપ્રદેશના તટીય જિલ્લા તથા ગોદાવરી,કૃષ્ણા નદીના મુખ ત્રિકોણ પ્રદેશો,ઓડિશાની મહા નદીનો મુખત્રિકોણ પ્રદેશ, તમિલનાડુમાં કાવેરીનો મુખત્રિકોણ પ્રદેશ, પંજાબ, હરિયાણા તથા પશ્ચિમી ઉત્તર પ્રદેશ વગેરે દેશનાં સઘન સિંચાઈ ક્ષેત્રો છે. સ્વતંત્રતા પછી ભારતમાં કુલ સિંચાઈ ક્ષેત્ર લગભગ ચાર ગણું વધી ગયું છે. સ્પષ્ટ વાવેતર ક્ષેત્રના લગભગ ૩૮ % ભાગમાં સિંચાઈ થાય છે. ભારતનાં રાજ્યોમાં સિંચાઈ ક્ષેત્રના વિતરણમાં ઘણી અસમાનતા છે. મિઝોરમમાં સ્પષ્ટ વાવેતર ક્ષેત્રના કેવળ ૭૩ % વિસ્તારમાં સિંચાઈ ક્ષેત્ર જોવા મળે છે. જ્યારે પંજાબમાં સિંચાઈક્ષેત્રનું પ્રમાણ ૯૦.૮% છે. કુલ સિંચાઈ ક્ષેત્રનું પ્રમાણ સ્પષ્ટ વાવેતર ક્ષેત્રના સંદર્ભમાં ઘણું જ અસમાન છે. પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, બિહાર, જમ્મુ અને કશ્મીર,તમિલનાડુ અને મણિપુર માં વાવેતરના કુલ વિસ્તાર ના ૪૦ % થી વધુ વિસ્તાર સિંચાઈ હેઠળ છે.

જળ સંકટ -જળ એ કુદરત થકી મળેલી અણમોલ ભેટ છે. વધતી જતી વસતી માટે અનાજની વધતી માંગ, રોકડિયા પાકો ઉગાડવા, વધતા જતા શહેરીકરણ અને લોકોના બદલાતા જતા જીવન ધોરણના પરિણામ સ્વરૂપે પાણીની અછત નિરંતર વધતી જાય છે.છતાં પણ પાણી પુરવઠા ની પરિસ્થિતિ અને સ્થાનિક વિતરણની અસમાનતા ઘણું કરીને માનવહિતો, સાજીવિકા તથા આર્થિક વિકાસ માટે પડકાર રૂપ છે.પાણી બચાવવા માટે કેટલાક સૂચનો ઉમદા સલાહ.. બાગબગીચા, વાહનો, શૌચાલયો તથા વૉશ-બેસીનોમાં વપરાતા પાણીનો કરકસરપૂર્વક ઉપ યોગ કરવો.લોકજાગૃતિ પેદા કરીને તથા જળ-સંરક્ષણ અને તેના કુશળ વ્યવસ્થાપન સંબંધી દરેક પ્રવૃત્તિ માં લોકભાગીદારી વધારવી.

ઉપયોગમાં લેવાયેલા પાણીનો શક્ય હોય તો પુનઃઉપયોગ થાય તેવા પ્રયત્ન કરવા.

**જળાશયોને પ્રદૂષણથી બચાવવાં.**

જળસ્રાવના બધાં એકમો જેવાં કે કૂવા, ટ્યુબવેલ, ખેત તલાવડી વગેરેનો ઉપયોગ વધારવો. ભૂમિગત જળનો ઉપયોગ કરતાં એકમો પર દેખરેખ રાખવી.

જળસંચય સ્થળોની દુર્દશા અટકાવવી તથા જળ-પ્રદૂષણને અટકાવવા માટે પાણીની પાઈપોનું તત્કાળ સમારકામ હાથ ધરવું. દરેક વિસ્તાર માટે એક સરખા ઉપાયો લાગુ પાડી શકાય નહિ. કોઈ વિશિષ્ટ ક્ષેત્રનાં જળ સંસાધનોના વિકાસ અને વ્યવસ્થાપન માટે સંબંધિત સ્થાનિક લોકોનો સહકાર લઈ તેમને સામેલ કરવા જોઈએ.

આમ, જળનો કરકસર ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. જળ સંચય માટે અવનવી પદ્ધતિઓ અમલમાં આવી રહી વરસાદ પડે કે ન પડે,જળનું સંકટ આપણા પર તોળાયેલું જ છે.ખેતર હોય કે પાણિયારું, આપણે પાણીનું ટીપે ટીપું સાચવવાની જરૂર છે. જળ એ જ જીવન છે.

હાલમાં પણ પશ્ચિમ રાજસ્થાનનાં શુષ્ક ક્ષેત્રો તથા દક્ષિણના દ્વીપ કલ્પીય ઉચ્ચપ્રદેશના આંતરિક ભાગોમાં જળ સંકટની ગંભીર સમસ્યા છે. સેંકડો ગામો તથા કેટલાંક નગરોમાં પણ પાણીની ગુણવત્તા ઘટી રહી છે. તેનાથી જળજન્ય અનેક રોગો ફેલાય છે. પેયજળની પ્રાપ્યતા તથા શુદ્ધતા જીવનની મૂળભૂત જરૂરિયાતો છે. પીવાના પાણીની સગવડો વધારવા માટે કરેલા પ્રયત્નો છતાં પણ પાણીની માંગ અને તેના પુરવઠા વચ્ચે ઘણું અંતર છે. આજે પણ ભારતમાં ૮% શહેરો માં પેયજળની તીવ્ર અછત છે. દેશનાં લગભગ ૫૦% ગામોને આજે પણ સ્વચ્છ પેયજળ ઉપલબ્ધ કરવાનું કામ બાકી છે.

## પ્રદુષણ : ત્રણ ગેસથી નુકસાન વધારે

આરોગ્યને નુકસાન કરવાના મામલે અન્ય કારણો કરતા પ્રદુષણ સૌથી વધારે મોટા કારણ તરીકે છે. પ્રદુષણની અસર માથાના વાળથી લઈને પગના નખ સુધી થાય છે. આનાથી વધારે નુકસાન તો શરીરના મહત્વપૂર્ણ અંગો જેમ કે ફેફસા, હાર્ટ, કિડની, લિવર, સ્કીન અને આંખ પર થાય છે. બીજી ડિસેમ્બરના દિવસને દર વર્ષે પ્રદુષણ બચાવ દિવસ તરીકે મનાવવામાં આવે છે. જુદા જુદા અભ્યાસ દર્શાવે છે કે ભારતમાં દર વર્ષે ૧૨ લાખ કરતા વધારે લોકોના મોત પ્રદુષણ સંબંધિત બિમારીના કારણે થાય છે. પ્રદુષણની સૌથી માઠી અસર બાળકો પર થાય છે. અસ્થમા, ફેફસા,ની બિમારીના કારણે વધારે અસર થાય છે. સ્ટ્રેસ અને અન્ય તકલીફો પણ પ્રદુષણના કારણે વધી રહી છે. વિશ્વના સૌથી વધારે પ્રદુષિત શહેરોની વાત કરવામાં આવે તો તેમાં ભારતના ૧૨ શહેરો રહેલા છે. પ્રદુષણના સંબંધ અર્થવ્યવસ્થા સાથે પણ રહેલા છે. બિમારીઓ પર વધારે ખર્ચના કારણે ગરીબીમાં વધારો થઇ રહ્યો છે. દેશમાં આજે પણ ૮૦ ટકા વસ્તી પ્રદુષિત પાણી પીવા માટે લાચાર છે. પ્રદુષણની ઓળખના પણ કેટલાક સંકેતો મળે છે. પ્રદુષણની સૌથી વધારે અસર શ્વાસના રસ્તા પરથી જઇને ફેફસા અને શ્વસન ક્રિયા પર થાય છે. આના કારણે શ્વાસ લેવામાં તકલીફ પડે છે. આંખ અને સ્કીન પર બળતરા થાય છે. ગળામાં પણ બળતરા થાય છે. સવાર પડતાની સાથે ખાસી થાય છે. પ્રદુષણ કઇ રીતે ફેલાય છે તે અંગે પુછવામાં આવે તો આનો જવાબ એ છે કે તે બે પ્રકારથી ફેલાય છે. પ્રકૃતિમાં વન્ય વિસ્તારોમાં આગ, જવાળામુખી ફાટવાની ઘટના અને ધુળ ભરેલી આંધી ચાલે છે. આના કારણે પ્રદુષણ ફેલાય છે. આ ઉપરાંત માનવી પ્રદુષણ મુખ્યરીતે ગાડી, પાવર પ્લાન્ટ, ફેક્ટરીથી નિકળનાર ધુમાડા, સ્પ્રે અને વાર્નિશના ગેસ ઉપરાંત ખેતીમાં કાપણી બાદ સળગાવી દેવામાં આવતી પરાળના કારણે જે ધુમાડા થાય છે તેનાથી પ્રદુષણ ફેલાય છે. પર્યાવરણ અને પ્રદુષણને નુકસાન પહોંચાડી દેનાર ત્રણ મુખ્ય ગેસ રહેલા છે. જેમાં નાઇટ્રોજન ડાઇઓક્સાઇડ. સલ્ફર ડાયોક્સાઇડ, ઓઝોનનો સમાવેશ થાય છે. કોલસા અને પેટ્રોલિયમ પદાર્થોને સળગાવી દેવાના કારણે આ ગેસ સર્જાય છે. તેની ફેફસા પર સીધી અસર થાય છે. અસ્થમા, ટીબી, અને ફેફસાના કેન્સરનો ખતરો આના કારણે રહે છે. યાદશક્તિ પર પણ માઠી અસર થાય છે. આ ઉપરાંત સલ્ફર ડાયોક્સાઇડ પણ નુકસાન કરે છે. ગાડીડીઓના ધુમાડાના કારણે આ ગેસ ફેલાય છે. તેની આંખ અને શ્વાસ નળી પર અસર થાય છે. આંખમાં બળતરા થાય છે. શ્વાસ નળીમાં બળતરા થાય છે. ઇન્ફેક્શનનો ખતરો પણ રહે છે. સલ્ફર ડાયોક્સાઇડ વધારે હોવાની સ્થિતીમાં એસિડ વરસાદ થાય છે.

## મંદ દવાના હિમાયતી હોમિયોપેથીનો રસપ્રદ ઇતિહાસ



હોમિયોપથીમાં રોજબરોજ ઉપયોગમાં લેવાતાં ઔષધોનું સામર્થ્ય દર્શાવતા ત્રણ માપક્રમ એટલે કે સ્કેલ આપવામાં આવ્યા છે. હોનેમાને શતાંશક કે 'સી' માપક્રમ આપ્યો છે. એટલે કે પદાર્થનું દરેક તબક્કે સોના ગુણકમાં મંદન કરવામાં આવે છે. હોમિયોપથીમાં વધારે મંદ દ્રાવણ વધારે સામર્થ્યવાળું ગણાય છે. વધારે મંદ પદાર્થો વધારે ગુણવત્તાવાળા અને ક્રિયાશીલ હોય છે. કેટલીક વાર અંતિમ ઊપજનું એટલું બધું મંદન કરવામાં આવ્યું હોય છે કે તે દ્રાવક (નિસ્યંદિત પાણી, શર્કરા કે આલ્કોહોલ)થી સહેલાઈથી પારખી શકાતું નથી. હોમિયોપથીય ચિકિત્સકનું મુખ્ય કાર્ય રોગી દ્વારા દર્શાવવામાં આવેલ રોગનાં લક્ષણો સાંભળી તે પ્રકારનાં લક્ષણો ઉત્પન્ન કરવાવાળા ઔષધની પસંદગી કરવાનું છે. રોગના લક્ષણ અને ઔષધના લક્ષણમાં જેટલું સામ્ય વધારે તેટલી રોગીની સ્વસ્થ થવાની સંભાવના વધારે રહે છે. ચિકિત્સકનો અનુભવ તેને સૌથી વધારે સહાયક બને છે. જૂના અને હઠીલા રોગની ચિકિત્સામાં રોગી અને ચિકિત્સક બંનેની ધીરજ આવશ્યક હોય છે. ચિકિત્સકોની ધારણા હોય છે કે પ્રત્યેક જીવંત પ્રણાલીમાં અંગો પોતાનો ક્રિયાશીલ માનક જાળવી રાખવાની પ્રવૃત્તિ કરે છે; પરંતુ આ ક્રિયાશીલ માનકમાં ફેરફાર થાય ત્યારે પ્રાણી આ માનકને જાળવવા અનેક પ્રતિક્રિયાઓ કરે છે. પ્રાણીને ઔષધ દ્વારા આ પ્રયાસમાં સહાયતા મળે છે. ઔષધ અલ્પ માત્રામાં આપવામાં આવે છે; કેમ કે રોગની ક્રિયા દરમિયાન રોગી અતિસંવેગી હોય છે. ઔષધની અલ્પ માત્રા ન્યૂનતમ પ્રભાવકારી હોવાથી માત્ર એક જ પ્રભાવ પ્રગટ થાય છે. રોગની અવસ્થામાં પેશીની રૂપાંતરિત સંગ્રાહકતાને કારણે આ એકાવસ્થા પ્રભાવ સ્વાસ્થ્યના પુનઃસ્થાપનમાં વિશેષ નિયમિત બને છે. તે શરીરની આંતરિક શક્તિની વિચલિતતા દૂર કરે છે. હોમિયોપથીનાં ઔષધ-નિર્માણના સિદ્ધાંતને આધારે હોનેમાનના સમકાલીન ડો. શુસ્લરે જીવરાસાયણિક ઔષધવિજ્ઞાન નામની નવી ચિકિત્સાપદ્ધતિ શોધી છે; જેમાં જીવનના અત્યંત પાયારૂપ મહત્ત્વના ૧૨થી ૧૫ જેટલા ક્ષાર કાઢી તેની હોમિયોપથીની પદ્ધતિ પ્રમાણે સફેદ-મીઠી ગોળીઓ બનાવી કોઈ પણ દર્દમાં તે આપવામાં આવે છે.

# આધુનિક વૈજ્ઞાનિક અને સ્વાસ્થ્ય વિશેષજ્ઞોના અનુસાર દૂધને પેશ્ર્ચરાઇઝ કરવાના નુકસાનો

૧) લેકટબેસ્લેસ અને પીડિયોકોક્સ જેવા સહજીવી અને મિત્ર કીટાણુઓ પણ નષ્ટ થઈ જાય છે. જેના કારણે તે રોગપ્રતિરોધક શક્તિ ઘટાડે છે અને પચવામાં કઠિન થઈ જાય છે. ૨) કેલ્શિયમ,ફોસ્ફરસ, કોપર અને આયર્ન જેવા ખનીજ પદાર્થો ઘટી જાય છે. તેવી જ રીતે વિટામિન છ, બી કોમ્પ્લેક્સ, C અને E પણ મોટી માત્રામાં નષ્ટ થઈ જાય છે. વિટામિન C અને B તો સંપૂર્ણ રીતે નાશ પામે છે. ૩) મહત્ત્વપૂર્ણ એન્જાઈમ જેવા કે લેકટોઝ, આલ્કલીન, ફોસ્ફેટ અને લેકટોપેરોક્સિડેઝ જે પાચન અને લીવરના કાર્ય માટે લાભકારક હોય છે. તે પણ નિષ્ક્રિય થાય છે. ૪) દૂધને પેશ્ર્ચરાઈઝ કરવાથી અને કોલ્ડસ્ટોરેજ કરવાથી તેના પ્રોટીનની સંરચનાબદલવા લાગે છે. જેના પરિણામ સ્વરૂપ આ પ્રોટીન પચવામાં કઠિન થઈ જાય છે જેથી તેનો લાભ ઓછો મળે છે.

કાચું દૂધ પોષક તત્ત્વોનું અદભુત સંયોજન, ચાલો હવે આપણે કાચા દૂધથી મળનારા ફાયદા ઉપર ધ્યાન આપીએ. ગૌ માતાનું કાચું દૂધ ખાલી એટલા માટે વિશિષ્ટ નથી કે તે બધાં પોષક તત્ત્વોથી ભરેલું છે, પરંતુ ગૌ માતાના દૂધમાં આ બધાં આવશ્યક તત્ત્વોનું એક અદ્ભુત સંયોજન છે. જે એન્ઝાઈમ, એન્ટીબોડી અને મિત્ર જીવાણું સાથે મળીને શરીરને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. આવું સાત્વિક અને પોષક તત્ત્વોનું અનોખું સંયોજન બીજી કોઈ વસ્તુમાં ઉપલબ્ધ નથી. વૈજ્ઞાનિકોના મતે કાચું દૂધ શરીરને માંના દૂધની બરોબરીમાં પોષણ આપે છે. જેવી રીતે શિશુ અવસ્થામાં માંનું



દૂધ સર્વશ્રેષ્ઠ છે એવી જ રીતે વયસ્કો માટે ગાયનું કાચું દૂધ શ્રેષ્ઠ છે. ગાયનું દૂધ સંપૂર્ણ આહાર છે અને શરીરને સ્વસ્થ અને નીરોગી રાખવામાં મદદ કરે છે. કાચા દૂધમાં વિટામિન અને ખનીજ પદાર્થો ઉપલબ્ધ હોય છે, પરંતુ તેને પેશ્ર્ચરાઈઝ કરવાથી ૩૦ ટકાથી સો ટકા જેટલા નષ્ટ થઈ જાય છે. B૧૨ની અને વિટામિન ૬ની કમીમાં કાચું દૂધ અત્યંત લાભકારક છે. કાચા દૂધમાં ભરપૂર માત્રામાં ઉપસ્થિત વિટામિન અને ખનીજ પદાર્થો પાચનમાં, હૃદય, દ્રષ્ટિ, ચામડી, વાળ, રોગ પ્રતિકારક શક્તિ, મગજ, હાર્સોનમ (હાર્મોન) ક્રિયાઓને સ્વસ્થ રાખવામાં અત્યંત ઉપયોગી છે. કાચા દૂધમાં લાભદાયક ફેટી એસિડ હોય છે. જેવા કે કોન્જુગેટેડ લાઈનોલિક એસિડ, ઓમેગા ૩, ફેટી એસિડ જે શરીરમાં પાચનમાં, હૃદય, મગજ સંબંધી કાર્યને સપોર્ટ આપી સશક્ત બનાવે છે. આ ફેટી એસિડ શરીરને સ્નિગ્ધતા પ્રદાન કરે છે અને સ્થૂળતા ઓછી કરવામાં સહાયક છે. આ ફેટી એસિડ પેટના મિત્ર જીવાણુંને પોષિત કરે છે તથા કોલેસ્ટ્રોલ ઓછું કરે છે. દૂધને પેશ્ર્ચરાઈઝ જ કરવાથી મોટી માત્રામાં નાશ થાય છે. કાચા દૂધમાં મોટી માત્રામાં સહજીવી મિત્રજીવી અને મિત્ર જીવાણું હોય છે, જે પાચન ક્રિયામાં અને શરીરનો સોજો ઘટાડવામાં મદદ કરે છે. આ બધા જીવાણું પેશ્ર્ચરાઈઝ કરવાથી મરી જાય છે અને તેનો લાભ આપણને મળતો નથી.

કાચા દૂધમાં લાભકારી એન્જાઈમ જેવા કે પ્રોટીએજ જે પ્રોટીન પચાવવામાં મદદ કરે છે. લાઈપેજ ચરબી પચાવવામાં મદદ કરે છે. લેકટપેરોક્ષીડેસ જે હાનિકારક બેક્ટેરિયાને નાશ કરે છે. એલકલીન ફોસ્કેટઝ જે શરીરમાં સોજો ઘટાડે છે. જે હૃદયની બીમારી અને ડાયાબિટીસ થવાની સંભાવના ઘટાડે છે. ગૌ માતા પોષક તત્ત્વો આપે છે. અને પચાવવાના એન્ઝાઈમ પણ આપે છે જે પેશ્ર્ચરાઈઝ દૂધમાં ઓછી માત્રામાં હોય છે.

રોગપ્રતિકારક શક્તિ વધારવામાં કાચું દૂધ અત્યંત લાભદાયી સિદ્ધ થયું છે. પાછલાં કેટલાંક વર્ષોમાં થયેલ વૈજ્ઞાનિક અનુસંધાનોથી એ સ્પષ્ટ થાય છે કે કાચું દૂધ પીવાવાળા વ્યક્તિમાં શ્ર્વસન તકલીફ, તાવ, એલર્જી, ગાયનાઈટીસ, રાઈનોકેજેસ કટી, વાયટીસ (આંખોની બીમારી ) ની સંભાવના પેશ્ર્ચરાઈઝ દૂધ પીવા વાળા લોકોની તુલનામાં ઘટી જાય છે. તાત્પર્ય એ છે કે વિજ્ઞાન એ જ કહે છે જે આયુર્વેદ વર્ષોથી કહેતું આવ્યું છે. ભારતના ખેડૂતોને અને તેમના પરિવારોને દેશી ગૌમાતાનું સાનિધ્ય પ્રાપ્ત છે. તેમણે અવશ્ય કાચા દૂધનું સેવન કરવું જોઈએ.

## શું અર્થતંત્રનું સંકટ ટળી ગયું



આપણે પાછલા શનિવારે અલનીનોની આગાહી અને તેની સંભવિત વાતાવરણીય અસરની ચર્ચા કરી હતી. આ વર્ષે ભારતીય હવામાનને અલનીનો સાથે પનારો પડવાનો છે એ સાચી વાત હોવા છતાં હવે હવામાન ખાતાએ પાછળથી એવી આગાહી કરી છે કે અલનીનો ત્રાટકશે તો પણ તેની વધુ પ્રતિકૂળ અસર વર્તાશે નહીં. જૂન મહિનાના અંત અને જુલાઈ મહિનાની શરૂઆત દરમિયાન દેશનાં અનેક રાજ્યોમાં ધોધમાર વરસાદ થયો છે અને અનેક વિસ્તારોમાં જળબંબાકાર સર્જાયો છે. ગુજરાતમાં ખાસ કરીને આ પરિસ્થિતિ જોવા મળી છે. વાસ્તવમાં આવી પરિસ્થિતિ લા નીનોની વેધર પેટર્ન દરમિયાન થતી હોય છે. જોકે આપણે મોસમનો આ મિજાજ જોતાં હવામાન ખાતાની બીજી આગાહી અનુસાર અલનીનોની અસર હળવી થવાની આશા સેવી શકીએ.

ભારતના વિવિધ ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ હજુ કેટલાક દિવસો સુધી ચાલુ રહેવાની શક્યતા છે, ભારતના હવામાન વિભાગ (આઈએમડી) એ દેશના કેટલાક પ્રદેશો માટે ઓરેન્જ અને યલો ચેતવણીઓ એલર્ટ જારી કર્યા છે. હવામાન વિભાગે એમ પણ કહ્યું છે કે ચોમાસું કેટલાક દિવસમાં તેની ઝડપી પ્રગતિ સાથે સક્રિય થયું છે અને ઉત્તરપશ્ર્ચિમના કેટલાક વિસ્તારોને છોડીને સમગ્ર દેશના મોટાભાગના પ્રદેશોને અસર કરી છે. આઈએમડીએ અલનીનો વેધર પેટર્નની રચના છતાં સમગ્ર ચાર મહિનાની સિઝનમાં સરેરાશ વરસાદની આગાહી કરી છે. આપણે આશા રાખીએ કે આ આગાહી સાચી પડે અને આપણે અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિનો સામનો ના કરવો પડે.

આપણે પાછલા શનિવારે વાત કરી એ રીતે હવામાન અંગે સચોટ આગાહી કરવી મુશ્કેલ હોય છે. અલનીનોની અસર રહેવાની છે એ તો આઈએમડીએ સ્પષ્ટ કર્યું જ છે. તો આપણે જોઈએ કે એની અસર ખેતીવાડી અને અર્થતંત્ર પર કેવી થઈ શકે? અલબત્ત સિંચાઈ ક્ષેત્રે આપણે પ્રગતિ કરી છે અને ચિત્ર થોડું બદલાયું છે. આમ છતાં એ પણ વાસ્તવિકતા છે કે આપણો ખેતીપ્રધાન દેશ આજે પણ વરસાદના પાણી પર ઘણું અવલંબન ધરાવે છે. ભારતીય અર્થવ્યવસ્થા પર અલનીનોની સંભવિત અસર, અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે, કૃષિ ક્ષેત્રના સંદર્ભમાં, અલનીનો માત્ર હાલના રવી પાક માટે જ ખતરો ઉભો કરી શકે છે, પરંતુ જો ચોમાસું સામાન્ય કરતાં નબળું રહેશે તો તે ખરીફ ઊપજને પણ ફટકો મારી શકે છે. રવી અને ખરીફ ઉત્પાદન જો ફટકો પડશે તો અનાજ, કઠોળની અછત જેવી સ્થિતિમાં ભાવ વકરશે અને પરિણામે ખાદ્ય ફુગાવો વધારી શકે છે.

## કાજૂ-બદામનો પણ બાપ છે આ પાઈન નટ્સ

નટ્સ એટલે કે સુકા મેવાને સુપરફુડનો દરજ્જો મળ્યો છે. આવું એટલા માટે કહી શકાય કેમ કે તેમાં દુનિયાભરના પોષકતત્વો સમાયેલા છે. કાજૂ, પિસ્તા, બદામ, કિશમિશ, અખરોટ અને અંજીર વગેરેમાં વિટામિન, પ્રોટીન, મિનર, મેગ્નેશિયમ, કોપર, ફોલિક એસિડ, બી કોમ્પ્લેક્સ, ઝિંક વગેરે ભરપૂર માત્રામાં જોવા મળે છે. પણ તેનાથી પણ વધારે ફાયદાકારક છે પાઈન નટ્સ.નટ્સ એટલે કે સુકા મેવાને સુપરફુડનો દરજ્જો મળ્યો છે. આવું એટલા માટે કહી શકાય કેમ કે તેમાં દુનિયાભરના



પોષકતત્વો સમાયેલા છે. કાજૂ, પિસ્તા, બદામ, કિશમિશ, અખરોટ અને અંજીર વગેરેમાં વિટામિન, પ્રોટીન, મિનર, મેગ્નેશિયમ, કોપર, ફોલિક એસિડ, બી કોમ્પ્લેક્સ, ઝિંક વગેરે ભરપૂર માત્રામાં જોવા મળે છે. પણ તેનાથી પણ વધારે ફાયદાકારક છે ચિલગોઝા જેને પાઈન નટ્સ પણ કહેવાય છે. કાજૂ બદામની માફક તે દરેક ઘરમાં જોવા નથી મળતું, કેમ કે તે ખૂબ જ મોંઘા હોય છે. આ શક્તિશાળી મેવાનું એક ફળનું બીજ છે. તે ભૂરા રંગનું હોય છે. આ બીજ સફેદ રંગના લાંબા આકારનું હોય છે. આપ આ નટ્સના સેવનથી સ્નૈક, સ્મૂદી અથવા સૈલેડમાં નાખીને કરી શકો છો. તેને ખાવાથી ડાયાબિટિસ, મોટાપા, કોલેસ્ટ્રોલ વગેરેની બીમારી નહીં થાય. તેની સાથે જ આપણા મગજને મજબૂત બનાવે છે.

BOLLYWOOD NEWS FLASH

## બોલિવૂડની બે એક્ટ્રેસ બહેનો નેહા શર્મા અને આયશા શર્મા પોતાની ફિટનેસને લઇને હંમેશા ચર્ચામાં રહેતી હોય છે



## મોનોકિની પહેરીને નેહા બરફના પાણીમાં મારી ડૂબકી

। મુંબઈ, તા.૦૮ ।

બોલિવૂડની શર્મા સિસ્ટર્સ એટલે કે નેહા શર્મા અને આયશા શર્માએ આ દિવસોમાં સતત ઈન્ટરનેટનો પારો વધારી દીધો છે. બન્ને બહેનેઓ પોતપોતાના ઈન્સ્ટગ્રામ એકાઉન્ટ પર વિડીયો શેર કરીને લોકોને વિચારમાં પાડી દીધા છે. આ વિડીયોમાં શર્મા સિસ્ટર્સ મોનોકિની પહેરીને બરફથી ભરેલા ટબમાં ઉતરેલા તમે જોઈ શકો છો. નેહા શર્માએ રેડ અને આયશાએ એનિમલ પ્રિન્ટની મોનોકિની પહેરીને આઈસ વોટરમાં ડુબકી લગાવી છે. વિડીયોમાં આયશા જિમમાં ઈન્ટેસ વર્કઆઉટ કરીને પરસેવો પાડી રહી છે. પછી આ કટઆઉટ મોનોકિની પહેરીને બરફના પાણીમાં ડુબકી મારતી જોવા મળી રહી છે. આયશા આ વિડીયોમાં એની બહેન નેહાએ પણ કોમેન્ટ કરી છે. જો કે પોતાનો વિડીયો પણ ઓફિશિયલ એકાઉન્ટ પર શેર કર્યો છે. વિડીયોમાં કોમેન્ટ કરતા નેહાએ લખ્યુ છે કે..ધ કુલેસ્ટ કિડ આયશા શર્મા હેલ્ધી લાઈફ સ્ટાઈલને જાળવી રાખવા માટે જાણીતી છે. આયશા પોતાની ફિટનેસ માટે ખૂબ જાણીતી છે. આ સાથે પોતાની હેલ્થ અને સ્કિનની પણ પ્રોપર રીતે કેર કરે છે. જ્યારે નેહા શર્માની વાત કરીએ તો એ પણ આયશાની જેમ આ બાબતે સીરિયસ છે. આયશા પોતાની ફિટનેસ માટે ખૂબ જાણીતી છે. આ સાથે પોતાની હેલ્થ અને સ્કિનની પણ પ્રોપર રીતે કેર કરે છે. જ્યારે નેહા શર્માની વાત કરીએ તો એ પણ આયશાની જેમ આ બાબતે સીરિયસ છે. આ વિશેની સાબિતી નેહાની ફિટનેસ અને સોશિયલ મિડીયા એકાઉન્ટ છે. સામાન્ય રીતે બન્ને બહેનો જીમની બહાર સ્પોટ થતી હોય છે.

# પત્નીએ પંકજને ગામડેથી મુંબઈ બોલાવ્યો, ૮ વર્ષ ખર્ચ ઉઠાવ્યો

। મુંબઈ, તા.૦૮ ।

બોલિવૂડનાં એક સ્ટારની પત્નીનું જીવન SDM જ્યોતિ મૌર્યની કહાનીથી બિલકુલ વિરુદ્ધ છે. અભિનેતાના સંઘર્ષના દિવસોમાં તેની પત્ની ઢાલ બનીને એવી રીતે ઉભી રહી કે તેને ક્યારેય મુશ્કેલીઓનો અહેસાસ જ ન થયો અને સંઘર્ષના ૮ વર્ષ ખૂબ જ મજામાં વિતાવ્યા એમ કહી શકાય. પંકજ ત્રિપાઠી આજે જે સફળતામાં છે, તેમાં તેમની પત્ની મૃદુલા ત્રિપાઠીનો બહુ મોટો ફાળો છે. આ વાતનો ખુલાસો ખુદ પંકજ ત્રિપાઠીએ 'કૌન બનેગા કરોડપતિ'માં અમિતાભ બચ્ચને કર્યો હતો. કૌન બનેગા કરોડપતિ ૧૩'ના એક એપિસોડમાં



પંકજ ત્રિપાઠીએ અમિતાભ બચ્ચનને કહ્યું હતું, 'હું ૨૦૦૪માં મુંબઈ આવ્યો હતો અને 'ગેંગ્સ ઓફ વાસેપુર' ફિલ્મ ૨૦૧૨મા આવી હતી. આ દરમિયાન, તે ૮ વર્ષમાં હું શું કરી રહ્યો હતો, કોઈને ખબર નહોતી. હવે જ્યારે લોકો મને પૂછે છે કે તમારા સંઘર્ષના દિવસો કેવા રહ્યા તો મને લાગે છે કે તે મારા સંઘર્ષના દિવસો હતા. પંકજ ત્રિપાઠી આગળ કહે છે, 'તે સમયે ખબર નહોતી કે તે મારા મુશ્કેલ દિવસો હતા. મને તેનો ખ્યાલ પણ ન હતો કારણ કે મારી પત્ની બાળકોને ભણાવતી હતી. તે શિક્ષિકા હતી. અમારી જરૂરિયાતો મર્યાદિત હતી. અમે નાના ઘરમાં રહેતા હતા. તે કમાતી હતી, તેથી અમે સરળતાથી જીવી શકતા હતા. અંતે પંકજ ત્રિપાઠીએ તેમની પત્ની મૃદુલા ત્રિપાઠીનો આભાર માન્યો અને કહ્યું હતું કે, 'તેના કારણે મારા સંઘર્ષમાં અંધેરી સ્ટેશન પર સુવાનો વારો આવ્યો નથી લખાયું ન હતું.' જણાવી દઈએ કે પંકજે વર્ષ ૨૦૦૪માં ફિલ્મ 'રન'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. આ પછી તેણે ઘણી ફિલ્મોમાં નાની-નાની ભૂમિકાઓ ભજવી, પરંતુ ૨૦૧૨માં આવેલી ફિલ્મ 'ગેંગ્સ ઓફ વાસેપુર' પછી લોકો તેને ગંભીરતાથી લેવા લાગ્યા. પંકજ ત્રિપાઠીએ 'ઓમકારા', 'દબંગ ૨', 'ફુકરે', 'સિંઘમ રિટર્ન્સ', 'બરેલી કી બરફી', 'ન્યૂટન', 'સ્ત્રી', 'લુડો', 'મિમી' અને 'ગુંજન સક્સેના' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. '.વેબ સિરીઝ 'મિર્ઝાપુર' અને 'ક્રિમિનલ જસ્ટિસ'માં તેના શાનદાર અભિનય માટે લોકો તેને આજે પણ યાદ કરે છે.

## અક્ષય કુમાર અને સુનિલ શેટ્ટીએ સાથે ઘણી હિટ ફિલ્મો આપી, તો બીજી તરફ અનિલ કપૂર અને જેકી શ્રોફ પણ હિટ જોડી

# ૯૦માં બે એક્ટર્સની જોડીએ આપી હતી સુપર હિટ ફિલ્મો

। મુંબઈ, તા.૦૮ ।

૯૦ના દશકમાં બોલીવુડમાં અક્ષય કુમાર, અજય દેવગણ, સલમાન ખાન, શાહરુખ ખાન, સની દેઓલ, સંજય દત્ત અને સુનિલ શેટ્ટી સહીતના કલાકારો ધૂમ મચાવતા હતા. જેમના ઘણા એક્ટર્સ આજે પણ મુખ્ય ભૂમિકા ભજવતા જોવા મળે છે. તેમાંથી ઘણા એક્ટર્સની જોડી પણ હિટ સાબિત થઈ ચુકી છે. જેમ કે, 'કરણ-અર્જુન'માં શાહરુખ-સલમાનની અને 'સુહાગ'માં અક્ષય કુમાર અને અજય દેવગણની. ત્યારબાદ અક્ષય કુમાર અને સુનિલ શેટ્ટીએ સાથે ઘણી હિટ ફિલ્મો આપી. તો બીજી તરફ અનિલ કપૂર અને જેકી શ્રોફ પણ હિટ જોડી માનવામાં આવતી હતી. જોકે, આ ઉપરાંત એક એવી જોડી પણ હતી, જેને ૯૦ના દાયકામાં ઘણી હિટ ફિલ્મો આપી. જેમાંથી એક ફિલ્મની તો આજે પણ ખૂબ જ ચર્ચા થાય છે. આ જોડીને ઓડિયન્સે ખૂબ જ પસંદ કરી હતી. આ જોડી આજે પણ અલગ-અલગ ફિલ્મોમાં અપોર્ટિન્ગ અને નેગેટિવ રોલમાં જોવા મળે છે. અહીં વાત થઈ રહી છે સંજય દત્ત અને જેકી શ્રોફની જોડી વિશે. આ જોડી ૯૦ના દશકમાં ઘણી હિટ ફિલ્મો આપી ચુકી છે. જેમાંથી એક સૌથી કમાણી કરનારી અને ચર્ચિત ફિલ્મ છે 'ખલનાયક'. જેકી અને સંજુએ વર્ષ ૧૯૮૯માં આવેલી ફિલ્મ 'હમ ભી ઈન્સાન હૈ'માં સાથે કામ કર્યું અને ત્યાર બાદ 'જીને દો' ફિલ્મમાં કામ કર્યું હતું. આ બંને ફિલ્મોને મિશ્રિત પ્રતિસાદ મળ્યો હતો. સંજય દત્ત અને જેકી શ્રોફની જોડી વર્ષ ૧૯૯૩માં આવેલી ફિલ્મ ખલનાયકમાં ફરીથી સાથે જોવા મળી હતી. મ્યુઝીકલી હિટ રહેલી આ ફિલ્મે મોટી કમાણી કરી હતી. જેના ૬ વર્ષ બાદ ૧૯૯૯માં આ જોડીએ ફિલ્મ 'કારતૂસ'માં સાથે કામ કર્યું હતું.

# આમંત્રણ આપવા છતાં જય-માહીના લગ્નમાં કેમ કોઈ ના આવ્યું?

। મુંબઈ, તા.૦૮ ।

જય ભાનુશાળી અને માહી વિજ ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીના સૌથી પોપ્યુલર કપલ પૈકીના એક છે. ફેન્સને તેમની જોડી ખૂબ પસંદ છે. સોશિયલ મીડિયા પર તેઓ જે કન્ટેન્ટ પોસ્ટ કરતાં રહે છે તે પણ લોકોને ઘણું ગમે છે. જય ભાનુશાળી હાલ રિયાલિટી શો 'ઈન્ડિયાઝ બેસ્ટ ડાન્સર'ની ત્રીજી સીઝન હોસ્ટ કરતો જોવા મળે છે. આ શોના મંચ પર તેણે ખુલાસો કર્યો હતો કે, આમંત્રણ આપવા છતાં તેના લગ્નમાં કોઈએ હાજરી નહોતી આપી. જય ભાનુશાળીએ શોમાં ખુલાસો કર્યો કે તેની પબ્લિક ઈમેજના લીધે માહી સાથેના તેના લગ્નમાં લોકોની ગેરહાજરી વર્તાઈ હતી. તેણે કહ્યું, ''૩૧ ડિસેમ્બરે મેં માહીને પ્રપોઝ કરી અને ૨૦૧૧માં અમે લગ્ન કરી લીધા. મેં બધાને



આમંત્રણ આપ્યું હતું પરંતુ લોકોને લાગતું હતું કે હું છોકરીબાજ છું. એટલે જ કોઈ મારા લગ્નમાં ના આવ્યું. પોતાની લવ સ્ટોરી જણાવતાં જયે જજિસને કહ્યું હતું, ''એક ક્લબમાં મારી મુલાકાત માહી સાથે થઈ હતી અને ત્રણ મહિનામાં જ મને અહેસાસ થયો કે આ જ છોકરી છે જેની સાથે હું મારી આખી જિંદગી કાઢવા માગુ છું. મેં એક નિયમ બનાવ્યો હતો કે, જ્યારે પણ હું કોઈની સાથે રિલેશનશીપ ત્યારે જ શરૂ કરીશ જ્યારે મને લાગે કે મારે તેની સાથે લગ્ન કરીને ઠરીઠામ થવું છે. ત્રણ મહિનામાં જ મેં નક્કી કરી લીધું હતું કે હું માહી સાથે લગ્ન કરીશ. જણાવી દઈએ કે, જય ભાનુશાળી અને માહી વિજે ૧૧ નવેમ્બર ૨૦૧૧ના રોજ લગ્ન કર્યા હતા. ૨૦૧૭માં કપલે ખુશી અને રાજવીર નામના બે બાળકો દત્તક લીધા હતા.

# આવી ગયું અક્ષય કુમારની ફિલ્મ OMG 2નું ટ્રેલર

। મુંબઈ, તા.૦૪ ।

બોલિવૂડ એક્ટર અક્ષય કુમાર અને પંકજ ત્રિપાઠીની ફિલ્મ 'ઓહ માય ગોડ ૨'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. જો કે આ ટ્રેલર બુધવારે જ લોન્ચ થવાનું હતું, પરંતુ અક્ષય કુમારે આર્ટ ડિરેક્ટર નીતિન દેસાઈના નિધનને કારણે તેને મુલતવી રાખ્યું હતું. ૩ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ રિલીઝ થયેલા 'ઓહ માય ગોડ ૨'ના ટ્રેલર પર ચાહકોની પ્રતિક્રિયા આવી રહી છે. સની દેઓલની ગદર ૨



અને અક્ષય કુમારની OMG 2 બોક્સ ઓફિસ પર ટકરાઈ રહી છે. આવી સ્થિતિમાં ચાહકો પણ બંને ફિલ્મની સરખામણી કરી રહ્યા છે. દર્શકો અનુમાન લગાવી રહ્યા છે કે બોક્સ ઓફિસ પર કોણ જીતી શકે છે? 'ઓહ માય ગોડ ૨' એ વર્ષ ૨૦૧૨માં રિલીઝ થયેલી 'ઓહ માય ગોડ'ની સિક્વલ છે, આ વખતે તેમાં પરેશ રાવલ નહીં પરંતુ પંકજ ત્રિપાઠી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પરેશ રાવલને આ ફિલ્મની સ્ટોરી પસંદ ન હોવાને કારણે તેને રિજેક્ટ કરી દીધી હતી. 'સ્૨ના ટ્રેલરમાં પંકજ ત્રિપાઠી અને અક્ષય કુમાર ઉપરાંત અરુલ ગોવિલ અને યામી ગૌતમ પણ જોવા મળી રહ્યા છે. આ ફિલ્મની વાર્તા હોમોફોબિયા પર આધારિત છે. જ્યાં અગાઉની ફિલ્મ માન્યતાઓ, અંધશ્રદ્ધા અને દંભ પર આધારિત હતી. આ વખતે 'ઓહ માય ગોડ ૨' સેક્સ એજ્યુકેશન આસપાસ આધારિત છે. આ ફિલ્મનું નિર્દેશન અમિત રાયે કર્યું છે.

### જરૂરીયાતમંદ બાળકોને

# નોટબુકોના વિતરણ સાથે સામાજિક કાર્યોનો આરંભ કરતી ભારતીય પત્રકાર સંઘની ભરૂચની ટીમ

## મેડિકલ કેમ્પ અને રક્તદાન શિબિરનાં આયોજન થશે



। મલેક યસદાની ભરૂચ, તા.૮ ।

ભારતીય પત્રકાર સંઘની ભરૂચ જિલ્લાની ટીમના ઉપક્રમે આજે ભરૂચના લીંબુ છાપરી વિસ્તારના જરૂરિયાતમંદ બાળકોને નોટબુક વિતરણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

નોટબુક વિતરણના કાર્યક્રમના પ્રારંભે લીંબુ છાપરીના આગેવાનો દ્વારા ભારતીય પત્રકાર સંઘ ભરૂચ જિલ્લાના પદ અધિકારીઓનું ફુલહાર અને સુખડી ખવડાવી મીઠું મો કરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભારતીય પત્રકાર સંઘના દક્ષિણ ગુજરાત ઝોનના ઉપપ્રમુખ સેજલભાઈ દેસાઈ, ભારતીય પત્રકાર સંઘ ભરૂચ જિલ્લા પ્રમુખ વિરલ એન ગોહિલ, ભરૂચ જિલ્લાના પ્રવક્તા કનુભાઈ પરમાર, સંઘના ભરૂચ જિલ્લા યુવા પ્રમુખ નીતિનભાઈ આહીર, ભરૂચ જિલ્લા મંત્રી સાબીરભાઈ સૈયદ, ભરૂચ તાલુકાના ઉપ પ્રમુખ ઈરફાનભાઈ મલેક, સંઘના ભરૂચ તાલુકા ખજાનચી મુખ્ત્યારભાઈ પટેલ વગેરે હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા,,

આગામી સમયમાં ભારતીય પત્રકાર સંઘના ભરૂચ જિલ્લા એકમ દ્વારા રક્તદાન શિબિર, પત્રકારો માટે મેડિકલ ચેકઅપ કેમ્પ જેવા સામાજિક કાર્યો, રમતગમત ક્ષેત્રે રાજ્યકક્ષાની બોડી બિલ્ડીંગ જેવી સ્પર્ધાઓનાં આયોજન વિચારણા હેઠળ છે. ઉપરાંત પ્રદેશ કક્ષાએ કે રાષ્ટ્રીય કક્ષાએ ભરૂચ જિલ્લાનું નામ રોશન કરનાર પ્રતિભાઓના સન્માન જેવા કાર્યક્રમોના આયોજન માટે પણ ભરૂચ જિલ્લા એકમ કટિબધ્ધ છે.

# ઠાસરા નગરપાલિકામાં ભાજપનો વિજય

। રાજુભાઈ નડિયાદ, તા.૮ ।

નડિયાદ તા.૮ ખેડા જિલ્લાની ઠાસરા નગર પાલકાના વોર્ડ નં.૨ની પેટા ચૂંટણીમાં ભાજપનો વિજય થયો છે. લઘુમતી બહુમત પ્રભાવિત વોર્ડ વિસ્તારની આ ચૂંટણી અત્યંત રસાકસીભરી યોજાઈ હતી. આજે ઠાસરા પ્રાંત કચેરીમાં મત ગણતરી યોજાઈ હતી. ભાજપના ઉમેદવારનો બે મતથી વિજય થયો હતો. આ ચૂંટણીમાં આપ અને કોંગ્રેસના ઉમેદવાર તરીકે કોંગ્રેસના ઉમેદવાર મોહંમદ મલેકને ૭૧૮ મત મળ્યા હતા.જ્યારે ભાજપના ઉમેદવાર પ્રગનેશ ગોહીલને ૭૨૦ મત મળ્યા હતા. આમ ભાજપના ઉમેદવારનો બે મતે વિજય થયો હતો.ખેડા જિલ્લા ભાજપ પ્રમુખ અજયભાઈ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે આ ભાજપ સંગઠનની સહિયારી જીત છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રજાલક્ષી કામ કરવાની પદ્ધતિ અને પક્ષના શીર્ષષ્થ નેતૃત્વ પરના વિશ્વાસ અને સ્થાનિક સંગઠનના હોદ્દેદારો કાર્યકરોની મહેનતને કારણે જનતાએ મુકેલા વિશ્વાસ અને આપેલા મતો થી ભાજપના ઉમેદવારનો વિજય થયો છે.

લઘુમતી પ્રભાવિત વોર્ડ ૨માં રસાકસી બાદ ૨મતે વિજય, પ્રથમ વખત કોંગ્રેસે આપ્યું હતું ઉમેદવારને મેન્ડેટ, કોંગ્રેસના ઉમેદવાર મોહમ્મદ મલેકને મળ્યા ૭૧૮ મત, ભાજપના પ્રેગ્નેશ ગોહિલને ૭૨૦ મત મળતા બે મટે વિજય, ઠાસરા પ્રાંત કચેરીમાં મત ગણતરી હાથ ધરવામાં આવી હતી.

# આણંદ શહેરમાં ધોળા દિવસે રૂપિયા ૫.૯૦ લાખની લૂંટ

## મોટર સાઇકલ પર બે બુકાનીધારી આવી લૂંટ ચલાવી ફરાર, સી.સી.કેમેરા દ્વારા ફૂટેજ મેળવી તપાસ ચાલ

। મનીષ પ્રજાપતિ આણંદ, તા.૮ ।

માહિતી મુજબ આણંદ શહેરમાં પાધરીયા વિસ્તારમાં અલ્પેશ સોસાયટીમાં રહેતા જીગ્નેશભાઈ ડી ચૌહાણ છેલ્લા ૧૨ વર્ષથી રેસિયન કેશ મેનેજમેન્ટ માં કેશ કલેક્શનનુ કામ કરે છે સોમવાર સાવરે તે કેશ ક્લેકશન માટે નીકળ્યા હતા અલગ અલગ જગ્યા થી કેશ લઈને અમીન ઓટો પાસે તેમનું પીકઅપ હોઈ સવારે ૧૧વાગે મોટર્સાઈકલ લાઈ ને ત્યા આવ્યા હતા અને ત્યાંથી તેમને ક્લેકશન ના ૫.૯૦ લાખ રૂપિયા લીધા હતા.

ત્યાર બાદ અમીન ઓટો પાસે આવેલ પ્લોટ પાસે તેમણે મોટરર્સાઈકલ ની ટાકી પર પૈસા ભરેલ થેલો મુકેલ અને ઉભા હતા કારણ તેમના પત્ની નો ફોન આવેલમેટ વાત કરતા હતા બરાબર તેજ સમયે એક મોટરર્સાઈકલ પર બે બુકાનિધારી આવ્યા જેમની ઉમર ૨૫/૨૬ વર્ષ ની હતી જેમાંથી એકે ઉતરી જીગ્નેશભાઈ પાસે પહોંચી ને મોટર્સાઈકલ પર મુકેલ થેલો આંચકી લાઈ મોટર્સાઈકલ પાછળ બેસી ભગવા લાગેલો.જીગ્નેશભાએ બેગ પરત મેળવા ભાગ્યા પરંતુ બુકાનિધારી પુરપાટ ભાગી ગયા હતા અને આણંદના લોટીયા ભાગોળ બાજુ બાઈક દોડાવી મુકી હતી. જીગ્નેશભાઈ બુમાબુમ કરતા આજુબાજુ થી લોકો દોડી આવ્યા હતા .બાદ માં ગટના ની જાન આણંદ પોલીસ સ્ટેશન માં થતા ડી.વાય.એસ. પી. કાફલા સાથે દોડી આવ્યા હતા. અને આસપાસ લાગેલા સી.સી.કેમેરા ના પુટએજ્ લેવયા હતા. તેમજ બુકાણીધરી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

### ગુજરાત સ્ટેટ યોગ ચેમ્પિયનશિપ ૨૦૨૩ યોજાઈ

# યોગ સ્પોર્ટસ ફાઉન્ડેશન ઓફ ઇન્ડિયા અને ઈન્ટરનેશનલ તેમજ યોગ સ્પોર્ટસ ફાઉન્ડેશન ઓફ ગુજરાત દ્વારા અમદાવાદ લોહાણા વિદ્યાર્થી ભવન ખાતે યોગ ચેમ્પિયનશિપ યોજાઈ




। ગાંધીનગર, તા.૮ ।

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ યોગને વિશ્વ સ્તરે પ્રસિદ્ધિ અપાવી છે. યોગવિદ્યા પ્રત્યે લોકજાગૃતિ વધારવા અને વધુને વધુ લોકોને યોગ સાથે જોડવા તથા યોગ સાથે સંકળાયેલા લોકોને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ સાથે ગુજરાત સ્ટેટ યોગ ચેમ્પિયનશિપ ૨૦૨૩નું આયોજન કરવામાં આવે છે. અમદાવાદ લોહાણા વિદ્યાર્થી ભવન ખાતે યોગ સ્પોર્ટસ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા અને ઈન્ટરનેશનલ તેમજ યોગ સ્પોર્ટસ ફાઉન્ડેશન ઓફ ગુજરાત દ્વારા ગુજરાત સ્ટેટ યોગ ચેમ્પયનશિપ ૨૦૨૩ યોજાઈ હતી.

ટૂર્નામેન્ટમાં ૯ વર્ષથી ૪૫ વર્ષ સુધીના અને ૪૫ વર્ષથી ઉપરના કુલ ૨૫૦ ભાઈઓ - બહેનોએ ભાગ લીધો હતો. ૨૫૦ સ્પર્ધકો અને ૧૫૦ વાલીઓ સહિત કુલ ૪૦૦ લોકો આ ટૂર્નામેન્ટમાં સહભાગી બન્યાં હતાં.

ટૂર્નામેન્ટમાં જનરલ ચેમ્પિયન્સ તેમજ બેસ્ટ ઓફ બેસ્ટ ટીમ ભાવનગર બનેલ, જયારે રનર્સ અપ અમદાવાદ ટીમ બનેલ. મિસ યોગિની ગુજરાત શ્રી ઋચા ત્રિવેદી અને મિસ્ટર યોગી ગુજરાત હિતેન મકવાણા, ભાવનગર જાહેર થયેલ, જયારે ૪૫થી ઉપરના ઓપન ગ્રૂપમાં મિસ યોગિની ગુજરાત શ્રી જ્યોતિબહેન ઓઝા અને મિસ્ટર યોગી ગુજરાત શ્રી ધીરુભાઈ રાઠોડ,અમદાવાદ જાહેર થયેલ. ભાગ લેનાર તમામ ખેલાડીઓને ટ્રોફી, સર્ટિફિકેટ અને કેપ આપવામાં આવી હતી તેમજ વિજેતાઓને મેડલ, ટ્રોફી, સર્ટિફિકેટ અને ટોપી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ચીફ ગેસ્ટ તરીકે વિયેતનામથી ઈન્ટરનેશનલ યોગ સ્પોર્ટસ ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ વુ હોંગ યેન ઉપસ્થિત રહ્યા હતા. રૂજીહ્લેના ઈન્ટરનેશનલ જનરલ સેક્રેટરી શ્રી શિવમ મિશ્રા દિલ્હીથી અતિથિવિશેષ તરીકે પધાર્યા હતા.

વિયતનામથી પધારેલ વુ હોંગ યેન દ્વારા ગુજરાત રાજ્યના જે ખેલાડી તા ૧૯, ૨૦ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ દહેરાદૂનમાં યોજાનાર નેશનલ યોગ ટુર્નામેન્ટમાં તેમજ વિયતનામમાં ઓક્ટોબર ૨૦૨૩માં યોજાનાર આંતરરાષ્ટ્રીય યોગ સ્પોર્ટસ ચેમ્પયનશિપમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરશે તેમને ૯૦,૦૦૦ કેશ પ્રાઈઝ ઈનામ આપવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.

### One Happiness અને 'ECHO' બાદ, TEDx દ્વારા

# વિભિન્ન ક્ષેત્રના મહારથીઓ લક્ષ્મી વિદ્યાપીઠ ખાતે 'Synergy' અંગે પ્રેરણાદાયી ચર્ચા કરશે

। સુરત, તા.૮ ।

લક્ષ્મી વિદ્યાપીઠ સરીગામનાં ધ્વનિ ઑડિટોરિયમ ખાતે તા. ૧૩ ઑગસ્ટ ૨૦૨૩ના રોજ વિવિધ ક્ષેત્રોમાં આયોજનપૂર્વકની કાર્યશૈલી અને ક્ષમતાને સાર્થક કરનાર એવા સમાજ અને ઉદ્યોગ જગતનાં વિભિન્ન પરિપ્રેક્ષ્યમાં અનેરું યોગદાન આપનાર નામાંકિત લીડર્સની હરોળનાં ઉધોગ અને કોર્પોરેટ સંસ્થાઓમાં વ્યૂહાત્મક કાર્યશૈલીથી નેતૃત્વ કરનાર પ્રોફેશનલ્સ, સુરક્ષા દળમાં નિર્ણાયક સ્થાનેથી માર્ગદર્શક કમ તાલીમ નિયોજક, લેખન કાર્યથી ખ્યાતિ પામેલ, અસંખ્ય વાંચકોની પ્રસંશા મેળવનાર તેમજ વિવિધ વિષયો પર કાર્યરત લેખક, ઉપરાંત અભિનય મોડેલિંગ તેમજ અભિનય ક્ષેત્રની સાથોસાથ બીજી અનેક પ્રવૃત્તિ સાથે પ્રવૃત વ્યક્તિઓ તેમજ પરોપકારી સંશોધન જૂથ પ્રવૃત્તિમાં કાર્યરત, ડિજિટલ માર્કેટિંગ સાથે જોડાયેલ તેમજ ખ્યાતિ પ્રાપ્ત યુટ્યૂબર, વક્તા સ્થાને રહી પ્રેરરણાદાયી વિચારોને સફળતાવાંચ્છુક લોકો સુધી પહોંચાડશે. જે અંતર્ગત TEDx સંલગ્ન ઈવેન્ટનુ આયોજન થવા જઈ રહ્યું છે. શ્રેષ્ઠ અને નામાંકિત સંસ્થાઓમાં અવારનવાર આયોજિત TEDx ઈવેન્ટમાંની અને લક્ષ્મી વિદ્યાપીઠ ખાતે સતત ત્રીજી વાર આયોજિત TEDxLaxmiVidyapeªhનો હેતુ આવનાર ઈવેન્ટના માધ્યમથી અસાધારણ શક્યતાઓની ઉજવણી કરવા તેમજ લોકોના વિચારો, પ્રતિભા અને જુસ્સાને એક સામાન્ય ધ્યેય દોરવી જવાનો છે. કાર્યક્રમનો ઉદેશ્ય સમાજમાં સુખના રસ્તે અર્થપૂર્ણ પરિવર્તન લાવવા માટે અને મૂલ્યો જેવાકે "સ્પ્રેડિંગ વન હેપ્પીનેસ, નેટવર્ક દ્વારા ક્ષમતા વધારવી, સમાજનું ઉત્થાન, સમસ્યાઓના ટકાઉ નિરાકરણો તેમજ શીખો, ફરીથી શીખો અને વિકાસ કરો" જેવા મૂલ્યોની સાર્થકતામાં સમાવિષ્ટ છે. અગાઉના વર્ષોમાં સરીગામ ખાતે આયોજિત TEDxના 'One Happiness' અને ત્યારબાદ 'ECHO' ની લોક સરંહાના



પછી આ વખતે "Synergy' વિષયને અનુલક્ષી વિચાર પ્રેરક વાર્તાલાપ કરશે. જેમાં સર્જનાત્મકતા, નવીનતા અને સમાજમાં સકારાત્મક પરિવર્તનને પ્રોત્સાહન આપવા, જુસ્સાને પ્રજ્વલિત કરવા તેમજ વિશ્વમાં પરિવર્તન લાવવા માટે પ્રેરિત કરવા ઉપરાંત બૌદ્ધિક વૃદ્ધિને પોષવા અને સ્વપ્રદ્રષ્ટા વિચારોના આદાનપ્રદાન માટે પ્લેટફોર્મ ઉભું કરવાના ઉદેશ્યની સાથે વિજ્ઞાન, ટેક્નોલોજી, કળા, સામાજિક નવીનતા અને ઉદ્યોગસાહસિકતા સહિતના વિવિધ ડોમેન્સમાં સિનર્જીના બહુપક્ષીય પાસાઓનું અન્વેષણ કરાશે. જેને અનુલક્ષી, ગ્રાઉન્ડબ્રેકિંગ સંશોધનથી લઈને કલાત્મક સહયોગ સુધી, વક્તાઓ તેમના અનુભવો, આંતરદ્રષ્ટિ અને સફળતાની વાર્તાઓ શેર કરશે, જેથી વ્યક્તિ સહકાર્યનાં પ્રયાસોમાં રહેલી અપાર શક્તિને ઉજાગર કરી શકે.

તારીખ ૧૩ ઓગસ્ટનાં રોજ આયોજિત એક દિવસીય કાર્યક્રમના સમય, સ્થળ, નોંધણી તેમજ વક્તાઓ વિશેષ અંગેની સંપૂર્ણ માહિતી આપેલ આ https://tedx.laxmi.edu.in લિંક પર ઉપલબ્ધ રહેશે. ઘર આંગણે આવો અવસર જવલ્લે જ આવતો હોય છે જેનો લાભ લેવાનું રખે ન ચૂકીએ. જે કાર્યક્રમના ઉદેશ્યને સમજવા, માણવા તેમજ ખાસ નવીનતમ લક્ષ્યને સાધવા ઈચ્છુક યુવાઓ, વ્યવસાયિકો, એન્ટરપ્રેન્યૂરસ વગેરે સમાજના સૌ કોઈને TEDx Laxmi Vidyapeªh વાર્તાલાપના રસિક સૌને સહર્ષ આવકારે છે.

# પેટલાદ શહેરના રેલવે લાઈન લેવલ ક્રોસિંગ નં ૨૮ પરથી વાહનોની અવરજવર પર પ્રતિબંધ

## વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાનો રહેશે

મનીષ પ્રજાપતિ
। આણંદ, તા.૮ ।

પેટલાદ શહેરમાં રેલવે લાઈન લેવલ ક્રોસિંગ નં ૨૮ ઉપર ઓવરબ્રિજ બનાવવાની કામગીરી શરૂ થનાર હોય, આ ફાટક પરથી પસાર થતાં વાહનોને ડાયવર્ટ કરવા માટે આણંદના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી કેતકી વ્યાસે એક જાહેરનામું બહાર પાડ્યું છે.

આ જાહેરનામામાં જણાવ્યા પ્રમાણે, પેટલાદ શહેરમાંથી પસાર થતી આણંદ-ખંભાત રેલવે લાઈન પર આવેલ ફાટક નં ૨૮ પરથી પસાર થતાં વાહનોની અવર-જવર ઉપર તા. ૨૯/૦૮/૨૦૨૩ સુધી પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. આ રસ્તાના વૈકલ્પિક માર્ગ તરીકે નડીયાદ તરફથી ધર્મજ તરફ જતા ભારે વાહનો વાયા બાંધણી ચોકડથી તારાપુર ચોકડી તરફ જઇ શકશે તથા નડીયાદ તરફથી ખંભાત તરફ જતા હળવા વાહનો વાયા રંગાઇપુરા G.I.D.C. થઇ કોલેજ-આંબેડકર સ્ટેચ્યુ-પેટલાદ બસ સ્ટેન્ડ-સરદાર ચોક-રણછોડજી મંદિરથી કોલેજ ચોકડી તરફ જઇ શકશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ શિક્ષાને પાત્ર થશે.

# વિદ્યાર્થીઓને નિદર્શનના માધ્યમથી ડ્રાઇવીંગની ભૂલો સમજાવી : વાહનચાલકોને ગુલાબનું ફૂલ આપી નિયમપાલન કરવા અનુરોધ

। રાજકોટ, તા.૮ ।

ટ્રાફિક નિયમો વિશે જાગૃતિ લાવવા માટે રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા અર્પિત ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે 'ટ્રાફિક અવેરનેસ સેમીનાર' યોજાયો હતો. જે દરમ્યાન ટ્રાફિક પોલીસે વિદ્યાર્થીઓને રસ્તા પર લઈ જઈ વાહનચાલકોથી થતી ભૂલો નિદર્શનના માધ્યમથી સમજાવી હતી તેમજ વિદ્યાર્થીઓએ વાહનચાલકોને ગુલાબનું ફૂલ આપીને નિયમોનું પાલન કરવા અનુરોધ કર્યો હતો. રાજકોટ શહેર ટ્રાફિક પોલીસના પોલીસ ઈન્સ્પેકટરશ્રી ભાર્ગવસિંહ ઝણકાટે સ્કુલના આશરે ૧૨૦ વિદ્યાર્થીઓને માર્ગ સલામતી અંગે જાગૃતિ આવે તે માટે તલસ્પર્શી વિગતો સાથેનો સંવાદ કરીને તેમને ટ્રાફિકના નિયમોનું પાલન, હેલ્મેટની અનિવાર્યતા, ૧૮ વર્ષથી નાના વિદ્યાર્થીઓએ વાહન ચલાવવું નહીં તથા વાહન સંબધિત ડોક્યુમેન્ટ સાથે રાખવા અને ડ્રાઈવિંગ લાયસન્સનું મહત્વ, ચાલુ ડ્રાઈવિંગે મોબાઈલનો ઉપયોગ ન કરવો, ટ્રાફિક સિગ્નલનું ચુસ્તપણે પાલન કરવું, રીઅર વ્યુ મિરરનો ઉપયોગ કરવો, ઓવર સ્પીડમાં, રોંગ સાઈડમાં વાહન ન ચલાવવું, ઈ-મેમો અંગે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ તેમના ઘરના તમામ સદસ્યોને ટ્રાફિક નિયમો અંગે સમજાવી અને દેશના જવાબદાર નાગરિક બનવા માટે અપીલ કરી હતી.

# રાજકોટ શહેરમાં ગણેશ મહોત્સવ નિમિત્તે પોલીસ કમિશ્નરશ્રી રાજુ ભાર્ગવ દ્વારા પ્રતિબંધાત્મક આદેશો જાહેર

। રાજકોટ, તા.૮ ।

રાજકોટ શહેરમાં ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૩ થી શરૂ થનારી ભગવાનશ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના અને વિસર્જન દરમિયાન ગંદકી થવાના કારણે રોગચાળો ફેલાય નહીં તેમજ કોઈપણ ધર્મની ધાર્મિક લાગણી દુભાય, તેવા કોઈ ચિન્હો કે નિશાનીઓ રાખવામાં ન આવે અને મુર્તિઓની ઉંચાઈનું યોગ્ય ધોરણ જળવાઈ રહે, ઉપરાંત કેમિકલયુક્ત રંગોના ઉપયોગથી બનેલી મૂર્તિઓનું નદી તથા તળાવના પાણીના વિસર્જન કરવાથી પાણીમાં રહેતા જીવોને ન નુકશાન થાય અને પ્રદુષણને અટકાવવાના હેતુસર રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી રાજુ ભાર્ગવ દ્વારા પ્રતિબંધાત્મક આદેશો જાહેર કરાયા છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો. પૂરતો આરામ લેવાનું યાદ રાખજો. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે જે તમારા તથા તમારા આખા પરિવાર માટે પ્રફૂલ્લતા લાવશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે. તમારા શરીર ને સુધારવા માટે, તમે આજે પણ ઘણી વાર વિચારશો, પરંતુ બાકી ના દિવસોની જેમ, આ યોજના પણ અટકાયેલી રહેશે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે. આજે તમને પ્રેમની ગેરહાજરી અનુભવાશે. આજે તમારો કોઈ સબંધી કોઈ પૂર્વ સૂચના વિના તમારા ઘરે આવી શકે છે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. આજે તમને જાણ થશે કે તમારું પ્રિયપાત્ર તમને અનંતકાળ સુધી પ્રેમ કરશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. પરિવારના સભ્યો સાથેના સામાજિક મેળાવડા બધાને સારા મૂડમાં રાખશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. તમારા બાળકો ને આજે સમય નો સારો ઉપયોગ કરવા ની સલાહ આપી શકો છો.



**મકર (ખ,જ) :**

આજના દિવસે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટાથી ધન સંચિત કરવા ની સલાહ લો. ઘરમાં સમસ્યાઓ ઊભી થઈ શકે છે-જો તમે તમારા પરિવારના સભ્યો સાથે સમય નહીં વિતાવો તો. તમારા પ્રિયપાત્ર સાથે સમજદારી.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. આજે તમને તમારા પ્રિયપ ાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી જાતે જ કોઈ દવા લેવાનું ટાળજો કેમ કે એવું કરવાથી ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા વધી શકે છે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. તમારી સંતતિ માટે કશુંક ખાસ આયોજન કરો. એ વાતની તકેદારી રાખો કે તમારી યોજના વાસ્તવવાદી હોય જેથી તમે તેને હાંસલ-સાધ્ય કરી શકો.

### ઓસ્ટ્રેલિયાના પૂર્વ ફાસ્ટ બોલરની ભવિષ્યવાણી

# ભારત, ઓસી., ઈંગ્લેન્ડ-પાકિસ્તાન વર્લ્ડ કપની સેમિફાયનલમાં પહોંચશે

### ઓક્ટોબર-નવેમ્બરમાં ભારતમાં યોજાનાર વનડે વર્લ્ડ કપમાં ભારત તેની પ્રથમ મેચ ૮ ઓક્ટોબરે ઓસ્ટ્રેલિયા સામે રમશે

। સિડની, તા.૮ ।

ઓસ્ટ્રેલિયાના પૂર્વ ફાસ્ટ બોલર ગ્લેન મેકગ્રાએ ઓક્ટોબર-નવેમ્બરમાં ભારતમાં યોજાનાર વનડે વર્લ્ડ કપ ૨૦૨૩ની સેમિફાઈનલમાં પહોંચનારી ટોપ-૪ ટીમો વિશે મોટી ભવિષ્યવાણી કરી છે. મેકગ્રાના મતે યજમાન ભારત સહિત ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને પાકિસ્તાનની ટીમો સેમિફાઈનલમાં પહોંચવાની પ્રબળ દાવેદાર છે. આ વર્ષે વનડે વર્લ્ડ કપ ૫ ઓક્ટોબરથી શરૂ થવા જઈ રહ્યો છે. પ્રથમ મેચ ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાશે, જ્યારે ટુર્નામેન્ટની ફાઈનલ મેચ ૧૯ નવેમ્બરે રમાશે. ભારત આ ટૂર્નામેન્ટમાં તેની પ્રથમ મેચ ૮ ઓક્ટોબરે ઓસ્ટ્રેલિયા સામે રમશે.

મેકગ્રાએ કહ્યું કે ઓસ્ટ્રેલિયાને વર્લ્ડ કપ પહેલા ભારત સામેની વનડે સિરીઝમાં રમવાનો ફાયદો થશે. છેલ્લા કેટલાક સમયથી ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડે આઈસીસીઈવેન્ટ્સમાં પ્રભુત્વ જમાવ્યું છે. મેકગ્રાનું માનવું છે કે આ બંને ટીમો માટે અંતિમ ચારમાં પહોંચવાની આ શ્રેષ્ઠ તક છે. ઓસ્ટ્રેલિયાની ટેસ્ટ ટીમ વનડેની ટીમ કરતા ઘણી અલગ છે, મને લાગે છે કે તેઓ સારું પ્રદર્શન કરશે. ઓસ્ટ્રેલિયા વર્લ્ડ કપની સેમિફાઈનલમાં જગ્યા બનાવનારી ટોચની ચાર ટીમોમાંની એક છે. ગ્લેન મેકગ્રાએ વધુમાં કહ્યું, 'ઓસ્ટ્રેલિયાને મોટી ટૂર્નામેન્ટ અને મોટી મેચોમાં ભાગ લેવાનું પસંદ છે. તેઓ આવા પ્રસંગોએ સારું પ્રદર્શન કરે છે અને પૂરતો અનુભવ પણ ધરાવે છે.

### વન-ડે વર્લ્ડ કપ પહેલાં પાકિસ્તાન માટે ખરાબ સમાચાર

# પાકિસ્તાની ક્રિકેટર ફવાદ આલમનો દેશ છોડવા નિર્ણય

### ૩૭ વર્ષીય ફવાદ આલમે ઘરેલુ ક્રિકેટને અલવિદા કહી દીધું, આ પહેલા ૯ વધુ ખેલાડીઓ દેશ છોડીને અમેરિકા ચાલ્યા ગયા

। ઈસ્લામાબાદ, તા.૮ ।

આઈસીસીવનડે વર્લ્ડ કપ ૨૦૨૩ને બે મહિનાથી પણ ઓછો સમય બાકી છે. બાબર આઝમની કેપ્ટનશીપમાં પાકિસ્તાનની ટીમ આઈસીસી ટૂર્નામેન્ટની તૈયારીમાં વ્યસ્ત છે. આ દરમિયાન ટીમ માટે ખરાબ સમાચાર આવી રહ્યા છે. પાકિસ્તાન માટે ૧૯ ટેસ્ટ, ૩૮ વનડે અને ૨૪ટી૨૦ ઈન્ટરનેશનલ રમનાર બેટ્સમેન ફવાદ આલમે દેશ છોડવાનો નિર્ણય લીધો છે. હવે તે અમેરિકામાં રમતા જોવા મળશે. ૩૭ વર્ષીય ફવાદ આલમે ઘરેલુ ક્રિકેટને અલવિદા કહી દીધું છે. આ પહેલા ૯ વધુ ખેલાડીઓ દેશ છોડીને અમેરિકા ચાલ્યા ગયા છે. કેટલાક ખેલાડીઓ તાજેતરમાં ટી૨૦ લીગ મેજર લીગ ક્રિકેટની પ્રથમ સિઝનમાં રમતા જોવા મળ્યા હતા. ફવાદ આલમ વર્ષ ૨૦૦૯માં ટી૨૦ વર્લ્ડ કપ જીતનાર પાકિસ્તાની ટીમનો ભાગ હતો. જો કે ડિસેમ્બર ૨૦૧૦થી તેને ટીમ માટે ટી૨૦ રમવાની તક મળી નથી. તેણે પાકિસ્તાન માટે છેલ્લી મેચ જુલાઈ ૨૦૨૨માં રમી હતી. અગાઉ શમી અસલમ, હમ્માદ આઝમ, સૈફ બદર, એહસાન આદિલ, રમીઝ રાજા જુનિયર, સાદ અલી,મુખ્તાર અહેમદ, નૌમાન અનવર અને મોહમ્મદ મોહસીન પણ ઘરેલું ક્રિકેટ છોડીને અમેરિકામાં સ્થાયી થયા છે. ભારતના કેપ્ટન તરીકે અંડર-૧૯ વર્લ્ડ કપનો ખિતાબ જીતનાર ઉન્મુક્ત ચંદ પણ નિવૃત્તિ લઈ અમેરિકા ચાલ્યા ગયા છે.

ફવાદ આલમ હવે અમેરિકામાં માઈનોર લીગ ટી૨૦ ક્રિકેટમાં શિકાગો કિંગ્સમેન માટે ઘરેલું ખેલાડી તરીકે રમશે. ફવાદે ૧૨૦ટી૨૦ મેચમાં ૩૧ની એવરેજથી ૨૨૫૮ રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે ૧૩ ફિફ્ટી પણ ફટકારી છે અને તેનો બેસ્ટ ૭૦ રન છે. સ્પિનર તરીકે ફવાદ આલમે ટી૨૦માં ૪૯ વિકેટ લીધી છે. આવતા વર્ષે અમેરિકામાં ટી૨૦ વર્લ્ડ કપ યોજાવાનો છે. અમેરિકામાં ક્રિકેટના વધતા ક્રેઝને કારણે દુનિયાભરના ખેલાડીઓ ત્યાં પહોંચી રહ્યા છે. તેમાં ન્યૂઝીલેન્ડ, ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાના ખેલાડીઓ પણ સામેલ છે.



નવી દિલ્હીમાં ભાજપ સંસદીય પક્ષની બેઠક દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નાડ્ડા, કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, એસ. જયશંકર અને અન્ય લોકો ઉપસ્થિતિ રહ્યા હતાં.

### ગુજરાત સાયન્સ સિટી ખાતે

# એપ ડેવલપર્સ માટેના ઈન્ટરેક્ટિવ સ્કિલ બિલ્ડિંગ કાર્યક્રમ 'કનેક્ટ વિથ ગૂગલ'નો પ્રારંભ



ગુજરાત સાયન્સ સિટી ખાતે સાયન્સ અને ટેક્નોલોજી સચિવ શ્રી વિજય નહેરા અને સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી જે.બી. વદરની ઉપસ્થિતિમાં એપ ડેવલપર્સ માટેના ઈન્ટરેક્ટિવ સ્કિલ બિલ્ડિંગ કાર્યક્રમ 'કનેક્ટ વિથ ગૂગલ'નો ઉદઘાટન સમારંભ યોજાયો. ગુજરાતના એપ ડેવલપર્સને પ્રોત્સાહિત કરવા માટે અને કૌશલ્ય નિર્માણના હેતુથી ગુજરાત સરકારના સહયોગથી ગૂગલ દ્વારા આ ખાસ ઈન્ટરેક્ટિવ સ્કિલ બિલ્ડિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અનોખા કાર્યક્રમમાં આશરે ૫૦૦ જેટલા એપ ડેવલપર્સ ભાગ લેવાના છે. આ પ્રસંગે સાયન્સ અને ટેક્નોલોજી સચિવ શ્રી વિજય નહેરાએ આ ઉપક્રમ અંગે ગૂગલ અને સાયન્સ સિટીની ટીમને અભિનંદન આપ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આજે સાયન્સ સિટી તેના સાયન્સ અને ટેકનોલોજી આધારિત રસપ્રદ ઉપક્રમોના લીધે ખૂબ જ લોકપ્રિય બની છે. રોજના ૩થી ૫ હજાર મુલાકાતીઓ સાયન્સ સિટી કેમ્પસની મુલાકાત લઈને દેશની સૌથી મોટી એકવાટિક ગેલેરી, રોબોટિક ગેલેરી અને નેચર પાર્ક સહિતના ઉપક્રમોની મુલાકાત લઈ રહ્યાં છે.

આગામી દિવસોમાં મ્યુઝિકલ ફાઉન્ટેન સહિત અન્ય રસપ્રદ ઉપક્રમો સાયન્સ સિટી ખાતે ઉપલબ્ધ બનશે.

# દૂસરી માનો અભિનેતા આરજે મોહિત ૯૦ વર્ષ જૂનો રેડિયો ધરાવે છે!

રેડિયો સંદેશવ્યવહારનું પારંપરિક સ્વરૂપ છે. તેણે આપણા આધુનિક, તેજ ગતિના ડિજિટલ યુગમાં પોતાનું મહત્ત્વ અકબંધ રાખ્યું છે. તેનો અજોડ સ્પર્શ વિવિધ વયજૂથ અને પાર્શ્વભૂના નાગરિકોને જોડે છે. રેડિયો પર કાયમી પ્રભાવ ખરા અર્થમાં પાડનારમાંથી એક મોહિત શર્મા કુશળ રેડિયો હોસ્ટ અને અને અભિનેતા પણ છે, જેનું એન્ડટીવી પર દૂસરી મામાં મનોજ તરીકે કામ વખણાઈ રહ્યું છે. આરજે મોહિતનું આ માધ્યમ સાથે મજબૂત જોડાણ પડદાની પણ પાર છે, કારણ કે તે અતુલનીય રત્ન ૯૦ વર્ષ જૂનો રેડિયો ધરાવે છે. તેને માટે આ વિંટેજ રેડિયો ટેકનોલોજિકલ એન્ટિક કરતાં પણ વધુ મહત્ત્વ ધરાવે છે. તે ધમધમતા સમકાલીન અસ્તિત્વ વચ્ચે આરામ અને પુનઃસ્થાપિત કરવાના માધ્યમ તરીકે કામ કરે છે. રેડિયો પર યુગ જૂની ટ્યુન અને



મંત્રમુગ્ધ કરનારા અવાજમાં પોતાને પરોવતાં તેને તે શાંતિ અને નિર્મળતા આપે છે. રેડિયો માટે પ્રેમ વિશે બોલતાં મોહિત જણાવે છે, "રેડિયો મારા જીવનમાં ભરપૂર મહત્ત્વ ધરાવે છે. મારાં રચનાત્મક વર્ષોમાં મારો તે મજબૂત સાથી રહ્યો છે.

# શ્રીકાંત શિંદેએ સંસદમાં હનુમાન ચાલિસાનો પાઠ શરૂ કરી દીધો

। નવી દિલ્હી, તા.૮ ।

લોકસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન શિવસેના સાંસદ અને એકનાથ શિંદેના પુત્ર શ્રીકાંત શિંદે હનુમાન ચાલીસાનો પાઠ કરવા લાગ્યા. ઉપરાંત તેમણે કહ્યું કે, એક સમયે મહારાષ્ટ્રમાં હનુમાન ચાલીસા વાંચવા પર પ્રતિબંધ હતો. વાસ્તવમાં તેમના સંબોધન દરમિયાન મહિલા સાંસદો તેમને પૂછ્યું કે, શું તમને હનુમાન ચાલીસા આવડે છે ? આ સવાલ બાદ શ્રીકાંતે ગૃહમાં જ હનુમાન ચાલીસાનો પાઠ કરવાનું શરુ કરી દીધો... એટલું જ નહીં જ્યાં સુધી તેમને રોકાયા નહીં ત્યાં સુધી તેઓ હનુમાન ચાલીસા બોલતા રહ્યા. તેમણે લગભગ ૩૦ સેકન્ડ સુધી હનુમાન ચાલીસાનો પાઠ કર્યો.

આ અગાઉ શિવસેના સાંસદે વિપક્ષ પર પ્રહારો કરતા કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૮માં કહ્યું હતું કે, વિપક્ષો તેમના વિરુદ્ધ ૨૦૨૩માં અવિશ્વાસ પ્રસ્તાવ લાવશે અને આજે તેવી સ્થિતિ જ જોવા મળી રહી છે. તેમણે કહ્યું કે, વિપક્ષો જ્યારે ૨૦૧૮માં અવિશ્વાસ પ્રસ્તાવ લાવ્યા હતા ત્યારે ૨૦૧૯માં એનડીએના વધુ સાંસદો ચૂંટાઈને આવ્યા... ૨૦૧૪માં એનડીએ સાંસદોની સંખ્યા ૩૩૬ હતી, જે વધીને ૩૫૩ સુધી પહોંચી ગઈ... હવે વિપક્ષો ફરી અવિશ્વાસ પ્રસ્તાવ લાવ્યા છે તો ૨૦૨૪માં એનડીએસાંસદોની સંખ્યા ૪૦૦ને પાર પહોંચી જશે.

શ્રીકાંત શિંદેએ તેમના સંબોધનમાં કહ્યું કે, આજે ગૃહમાં થઈ રહેલી ચર્ચા અવિશ્વાસની નહીં, પરંતુ અવિશ્વાસ વિરુદ્ધ પ્રજાના વિશ્વાસની છે, કારણ કે જનવિશ્વાસ મોદીની સાથે છે. વિપક્ષે તેમના ગઠબંધનનું નામ યુપીએથી બદલીને ઈન્ડિયા કરી દીધું છે. તેમને યુપીએના નામથી શરમ આવે છે, કારણ કે યુપીએનું નામ સાંભળતા જ લોકોને ભ્રષ્ટાચાર, કૌભાંડ, આતંકી હુમલા યાદ આવી જાય છે.

## વિશેષ

### 'મારી માટી, મારો દેશ', 'માટીને નમન, વીરોને વંદન'

# 'સૌરાષ્ટ્રના સિંહ' અમૃતલાલ શેઠ અને 'રાષ્ટ્રીય શાયર' ઝવેરચંદ મેઘાણીની જોડીએ નવલોહિયા યુવાનોમાં નવચેતના જગાડીને અંગ્રેજ સરકાર વિરુદ્ધ પ્રચંડ લોકજુવાળ ઊભો કરેલો

આગામી દિવસોમાં દેશભરમાં 'મારી માટી, મારો દેશ' , 'માટીને નમન, શહીદોને વંદન' સૂત્ર સાથે સમગ્ર દેશમાં આઝાદી પર્વની રંગારંગ ઉજવણી થશે. આ વર્ષે દેશભરમાં 'મારી માટી, મારો દેશ' અભિયાન અંતર્ગત થનારા પાંચ પ્રકારના કાર્યક્રમોમાં વીર શહીદોને વિરાંજલી આપતો કાર્યક્રમ 'શિલાફલકમ' પણ યોજાવાનો છે. અંગ્રેજો વિરૂદ્ધ આઝાદીની ચળવળમાં દેશ અને રાજ્યના અનેક વીર સપૂતોએ પોતાના પ્રાણ ન્યોછાવર કરેલાં અને ઘણાં ઐતિહાસિક સ્થળો આઝાદીની આ મહાચળવળના સાક્ષી બનેલા.

અમદાવાદ જિલ્લાનો ધોલેરા તાલુકો અત્યારે વિકાસની વણથંભી યાત્રામાં મહત્વનું કેન્દ્રબિંદુ બની રહ્યો છે. ગ્રીનફીલ્ડ એરપોર્ટ અને સેમિકન્ડક્ટર જેવા આધુનિક વિકાસના ઉપક્રમો નજીકના ભવિષ્યમાં ધોલેરાના આંગણે આકાર લેવાના છે. આધુનિક વિકાયાત્રાનો સાક્ષી બની રહેલો આ તાલુકો એટલો જ ઉજ્જ્વળ આઝાદીનો ઈતિહાસ પણ ધરાવે છે. આધુનિક વિકાસનું કેન્દ્રસ્થાન બનેલો ધોલેરા તાલુકો ઐતિહાસિક વિરાસતનું ઉદગમસ્થાન પણ છે. ધોલેરાના આંગણે થયેલો મીઠાંનો સત્યાગ્રહ ગાંધીજીના મીઠાં સત્યાગ્રહના સમર્થનમાં ચલાવાયેલી સવિનય કાનૂનભંગની ચળવળનું એક મહત્વનું પ્રકરણ છે.

**ધોલેરા સત્યાગ્રહની શરૂઆત**

'તારા નામમાં, ઓ સ્વતંત્રતા, મીઠી આ શી વત્સલતા ભરી ! મુરદાં મસાણેથી જાગતાં – એવી શબ્દમાં શી સુધા ભરી !'

૧૯૩૦ ની ૧૨ મી માર્ચના રોજ મહાત્મા ગાંધીજીએ સાબરમતી આશ્રમ,અમદાવાદથી ઐતિહાસિક પગપાળા 'દાંડી યાત્રા' શરૂ કરી હતી. ૭૯ સત્યાગ્રહીઓ સાથે શરૂ થયેલી આ યાત્રાના





અંતે ગાંધીજીએ ૦૬ એપ્રિલ ૧૯૩૦ના રોજ દાંડીના દરિયાકાંઠે કર ભર્યા વગર મીઠું ઉપાડીને કહ્યું ''મેને નમક કા કાનૂન તોડા હૈ''- આ કહેવાની સાથે જ દેશભર માં ઠેર ઠેર મીઠા ના કાયદા નો ભંગ થવા લાગ્યો.

ગાંધીજીની સવિનય કાનૂનભંગની ચળવળ હેઠળ 'સૌરાષ્ટ્રના સિંહ' તરીકે જાણીતા અમૃતલાલ શેઠની આગેવાની હેઠળ ધોલેરા ખાતે પણ સત્યાગ્રહનાં મંડાણ થયાં હતાં. સૌરાષ્ટ્રના ભાવનગર, મોરબી, ગોંડલ, પોરબંદર, અમરેલી, કોડીનાર વગેરે સ્થળેથી સત્યાગ્રહી દેશભક્તોને સાથે લઈને અમદાવાદ જિલ્લાના ધોલેરા બંદરે મીઠાના કાયદાનો ભંગ કરવા માટે અમૃતલાલ શેઠે ગુજરાત પ્રાંતિક કોંગ્રેસ સમિતિની મંજૂરી મેળવી હતી.

**મીઠાંના કાયદાનો ભંગ**

૬ એપ્રિલ, ૧૯૩૦ના રોજ 'સૌરાષ્ટ્ર' પત્રના સંચાલક અમૃતલાલ શેઠના નેતૃત્વ હેઠળ ૨૧ સત્યાગ્રહીઓની ટુકડી ધોલેરા બંદરે સમુદ્રની ખાડી પાસે પહોંચી અને 'ઈંક્લિાબ ઝિંદાબાદ'ની ઘોષણા કરીને પોલીસોની હાજરીમાં મીઠું ઉપાડી કાયદાભંગ કર્યો. અંગ્રેજો દ્વારા બધા સત્યાગ્રહીઓની ધરપકડ કરીને તેમની પાસેથી બળજબરીથી મીઠું પડાવી લેવામાં આવ્યું. તેમને થોડો સમય કસ્ટમ હાઉસમાં બેસાડી રાખ્યા બાદ છોડી દેવામાં આવ્યા. અમૃતલાલ શેઠ પર કેસ ચલાવીને તેમને અઢી વર્ષની સજા કરવામાં આવી. ત્યારબાદ ૧૩ એપ્રિલની સવારે બળવંતરાય મહેતાના વડપણ હેઠળ મોટી સંખ્યામાં સત્યાગ્રહીઓની ટુકડીએ મીઠું ઉપાડીને કાયદાભંગ કર્યો. બળવંતરાયની ધરપકડ કરી, ધંધુકામાં કેસ ચલાવીને તેમને બે વર્ષની સજા કરવામાં આવી.

**અંગ્રેજી હકૂમત વિરૂદ્ધ આકરી લડત**

ધોલેરા સત્યાગ્રહની ચાર છાવણીઓ (ધોલેરા, ધંધુકા, રાણપુર, બરવાળા)માં રાણપુર અતિ મહત્વની છાવણી હતી. ધોલેરા સત્યાગ્રહનું સમસ્ત આયોજન-સંયોજન રાણપુરથી થતું હતું. સમગ્ર કાઠિયાવાડમાંથી મોટી સંખ્યામાં સત્યાગ્રહીઓ સત્યાગ્રહમાં ભાગ લેવા ટ્રેન દ્વારા રાણપુર ઊમટી રહ્યાં હતાં ત્યારે ટ્રેન રાણપુર સ્ટેશને થોભે જ નહિ તેવી બ્રિટિશ સરકારે રેલ્વે વિભાગને સૂચના આપી હતી. આથી સત્યાગ્રહીઓએ આગલે સ્ટેશને ઉતરીને એક હાથમાં તિરંગો અને બીજા હાથમાં મીઠાની થેલી રાખીને રાણપુર તરફ કૂચ કરતાં.

આશરે દોઢ મહિનાની સક્રિય લડતમાં ઘણાં અગ્રણી સત્યાગ્રહીઓને જેલમાં મોકલવા છતાં લડતનો જુસ્સો ચાલુ રહેવાથી પોલીસે ધોલેરા, ધંધુકા, બરવાળા અને રાણપુરની સત્યાગ્રહની છાવણીઓ પર છાપા મારી, છાવણીઓ કબજે કરી. જે બાદ ધોલેરાના સ્મશાનમાં સત્યાગ્રહ છાવણી શરૂ કરવામાં આવી. કુલ આઠ મહિના સુધી લડત આપીને સત્યાગ્રહ ચાલુ રાખવામાં આવ્યો. આ દરમિયાન સત્યાગ્રહીઓ ઉપર પોલીસોએ અમાનવીય અત્યાચારો ગુજાર્યા હતા.

**ઝવેરચંદ મેઘાણી અને 'સિંધુડો' શૌર્યગીત સંગ્રહની રચના**

આ સત્યાગ્રહ દરમિયાન ઝવેરચંદ મેઘાણીની ખૂબ મોટી ભૂમિકા રહેલી હતી. ઝવેરચંદ મેઘાણી એક સ્વાતંત્ર સેનાની, સાહિત્યકાર, વક્તા, પત્રકાર, ગાયક અને લોકસાહિત્ય સંશોધક હતા. ધોલેરા સત્યાગ્રહ પ્રસંગે ઝવેરચંદ મેઘાણીએ દેશભક્તિનાં ૧૫ શૌર્યગીતોનો સંગ્રહ 'સિંધુડો' પ્રસિધ્ધ કર્યો હતો. આ ગીતોની ચમત્કારી અસર હેઠળ દેશવાસીઓ જોમ અને જુસ્સાથી સ્વાતંત્ર્ય-સંગ્રામમાં સામેલ થયા હતાં. આ ગીતોએ ખાસ કરીને નવયુવાનોમાં વ્યાપક નવચેતના જગાડી હતી. આ ગીતોથી પ્રચંડ લોકજુવાળ ઊભો થતાં અંગ્રેજ સરકાર પણ ચોંકી ગઈ હતી. અંગ્રેજોએ ગભરાઈને 'સિંધુડો' જપ્ત કર્યો હતો, પરંતુ તેની હસ્તલિખિત કાનૂનભંગ આવૃત્તિની સેંકડો 'સાઈક્લોસ્ટાઈલ્ડ' નકલો જોતજોતામાં લોકોમાં ફરી વળી હતી. સિંધુડાની રચના કરવાના લીધે જ ગાંધીજીએ ઝવેરચંદ મેઘાણીને 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ આપ્યું હતું. અંગ્રેજ સરકારે મેઘાણીને ૨ વર્ષની સજા ફટકારી હતી.

**સત્યાગ્રહ ચળવળનો અંત**

માર્ચ, ૧૯૩૧માં ગાંધી-ઈર્વિન કરાર થતાં આ ચળવળ બંધ રહી હતી.

**'ધોલેરા સત્યાગ્રહ' ના સત્યાગ્રહીઓ**

'ધોલેરા સત્યાગ્રહ' માં ભાગ લેનારા અગ્રણી સેનાનીઓમાં 'સૌરાષ્ટ્રના સિંહ' તરીકે જાણીતા અમૃતલાલ શેઠ, 'રાષ્ટ્રીય શાયર' ઝવેરચંદ મેઘાણી, બળવંતરાય મહેતા, મણિશંકર ત્રિવેદી, ભીમજીભાઈ પારેખ 'સુશીલ', રસિકલાલ પરીખ, જગજીવનદાસ મહેતા, કક્લભાઈ કોઠારી, હરગોવિંદભાઈ પંડ્યા, મનુભાઈ જોધાણી, વજુભાઈ શાહ, મોહનલાલ મહેતા 'સોપાન', રતુભાઈ અદાણી, મનુભાઈ પંચોળી 'દર્શક', જયમલ્લભાઈ પરમાર, ઈશ્વરભાઈ દવે, મગનલાલ સતિકુમાર, રતિલાલ શેઠ, કાંતિલાલ શાહ, કનુભાઈ લહેરી, દેવીબેન પટ્ટણી, અમૃતલાલ શેઠનાં પત્ની રૂક્ષમણીબેન, પુત્રી લાભુબેન (મહેતા), ભત્રીજી પુષ્પાબેન (પૂર્ણિમાબેન પકવાસા), ગંગાબેન ઝવેરી, સુમિત્રાબેન સહિત અન્ય ઘણાં લોકોનો સમાવેશ થાય છે.

## ન્યૂઝ બ્રિફ

### ગુજરાત વિદ્યાપીઠમાંથી દારૂની બોટલ ઝડપાઇ

। અમદાવાદ, તા.૮ ।

ગુજરાત વિદ્યાપીઠ ફરી એકવાર ચર્ચામાં આવતા ખળભળાટ મચી જવા પામી છે. ગાંધીજીની ગુજરાત વિદ્યાપીઠમાંથી દારૂની બોટલ ઝડપાઈ છે.વિદ્યાપીઠના પ્રાણજીવન છાત્રાલયના રૂમ નંબર ૪૧ માંથી દારૂની બોટલ મળી આવતા ચારેબાજુ ચર્ચાના વંટોળ ઉભા થયા છે. વિદ્યાર્થીના રૂમમાંથી દારૂની બોટલ મળી આવતા હાલ તો રૂમ સીલ કરાયો છે. પ્રાણજીવન બિલ્ડીંગનો પાયો ગાંધીજીએ નાખ્યો હતો, એ જ હોસ્ટેલના રૂમમાંથી દારૂ મળી આવ્યો છે. હવે દારૂના નશાથી વિદ્યાપીઠ પણ બાકાત રહ્યું નથી. ગુજરાત વિદ્યાપીઠના વીસી ભરત જોષીએ આ સમગ્ર ઘટના વિશે વાત કરતા જણાવ્યું હતું કે, ગુજરાત વિદ્યાપીઠ માટે શરમની વાત છે. વિદ્યાર્થીના રૂમમાંથી દારૂની બોટલ પકડાઈ છે એ વાત સાચી છે. ગઈકાલે સમગ્ર ઘટના સામે આવી છે. હોસ્ટેલ મેનેજમેન્ટ બ્રાન્ચના હેડ પોતે તપાસમાં ગયા હતા, અગાઉ આ અંગે ફરિયાદો મળતી રહી હતી. ઈતિહાસ વિભાગના Ph.d ના વિદ્યાર્થીના રૂમમાં બહારથી વિદ્યાર્થીઓ આવ્યો હતો.

### વડોદરામાં પાણી અને મચ્છરજન્ય રોગચાળો વકર્યો

। વડોદરા, તા.૮ ।

વડોદરામાં પાણી અને મચ્છરજન્ય રોગચાળો વકર્યો છે. વડોદરા શહેરમાં રોગચાળાએ ભરડો લીધો હોય એમ રોગચાળાએ માથુ ઉંચક્યુ છે. હાલમાં વડોદરા શહેરમાં ડેંગ્યૂ, ચિકનગુનિયા અને ઝાડા-ઉલ્ટી સહિતના રોગચાળાને લઈ લોકો પરેશાન બન્યા છે. છેલ્લા સાતેક માસમાં વડોદરામાં ૧૪૦ જેટલા ડેંગ્યૂના કેસ જોવા મળ્યા છે. જ્યારે ચીકનગુનિયાના ૬૨ કેસ જોવા મળ્યા છે. આ ઉપરાંત ઝાડા ઉલટીના ૪૩૭૪ કેસ સામે આવ્યા છે.ચોમાસા દરમિયાન હાલમાં વડોદરામાં વધતા રોગચાળાને લઈ હોસ્પિટલોમાં પણ દર્દીઓની ભીડ ઉભરાવવા લાગી છે. કારેલીબાગ, ગોત્રી અને સયાજી રાવ હોસ્પિટલોમાં દર્દીઓ ઉભરાઈ રહ્યા છે. કારેલીબાગમાં આવેલી હોસ્પિટલમાં મોટાભાગના બેડ ભરાઈ જવા પામ્યા છે. હોસ્પિટલના ડો. રિતેશ ચાંપાનેરીએ કહ્યુ હતુ કે, લોકોને અપીલ કરવામાં આવી રહી છે કે પાણી ઉકાળીને પિવામાં આવે અને મચ્છરથી સુરક્ષિત રહેવા માટે પ્રયાસ કરવામાં આવે.



સી.એન.ફાઇન આર્ટસના સ્ટુડન્ટ દ્વારા વેસ્ટ માંથી બેસ્ટ પ્લાસ્ટિક ગ્લાસને કલર કરીને ડિઝાઇન બનાવી હતી....

# અમૂલ દ્વારા દૂધના ખરીદ ભાવમાં વધારો કરાયો

। આણંદ, તા.૮ ।

૭ લાખ પશુપાલકો માટે ખુશીના સમાચારઃ અમૂલ દ્વારા દૂધના ખરીદ ભાવમાં રૂપિયા ૩૦નો વધારો કરાયો છે, ૧૧ ઓગસ્ટથી પ્રતિકિલો ફેટ ૮૫૦ રૂપિયા ચુકવવામાં આવશેઆ ભાવ વધારો ૧૧ ઓગસ્ટથી લાગુ કરવામાં આવશે અને હવે નવો ભાવ પ્રતિકિલો ફેટ ૮૫૦ રૂપિયા કરાયો છે. ગાયના દૂધમાં પણ પ્રતિકિલો ફેટે ૧૩.૭૦ રૂપિયાનો વધારો કરાયો છે. અમૂલ ડેરીમાં દરરોજ લાખો લિટર દૂધની આવક નોંધાય છે. જેની જગ વિખ્યાત વિવિધ પ્રોડ્કટ ધૂમ મચાવી રહી છે. ત્યારે સતત દૂધની માંગ અને વપરાશ વચ્ચે અમૂલ ડેરીએ પશુપાલકોના હિતમાં મોટો નિર્ણય લીધો છે. ડેરી દ્વારા દૂધના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. પહેલા દૂધનો ભાવ પ્રતિ કિલો ફેટે ૮૨૦ રૂપિયા હતો જેમાં ૩૦ રૂપિયાનો વધારો કરી ૮૫૦ રૂપિયા પ્રતિ કિલો ફેટે કરાયો છે. આ જાહેરાત બાદ પશુપાલકો આનંદની લાગણી અનુભવી રહ્યા છે. અમૂલ ડેરીના આ નિર્ણયથી ૭ લાખ પશુપાલકોને ફાયદો થશે.

### કેન્દ્રીય એજન્સીઓના બોગસ અધિકારીઓ બન્યા । ઈડીના ડાયરેક્ટર બની ચીટિંગ આચરતા શખ્સનો આતંક

# અમદાવાદમાં જ્યોતિષ પાસેથી ગઠિયાએ ૧.૫૦ કરોડ પડાવ્યાં

## NIAના બોગસ અધિકારીના પર્દાફાશ બાદ ઈડીના ડાયરેક્ટર બની ચીટિંગ આચરતા શખ્સનો આતંક સામે આવ્યો

। અમદાવાદ, તા.૮ ।

સરકારી અધિકારીના સ્વાંગ રચીને ફરવાનો હવે એક ટ્રેન્ડ બની ગયો હોય તેવું લાગી રહ્યું છે. મહાઠગ કિરણ પટેલે કરેલા કારનામા બાદ એક પછી એક કેન્દ્રીય એજન્સીઓના બોગસ અધિકારીઓ બન્યા હોવાની ઘટના સામે આવી રહી છે. થોડા દિવસ પહેલાં પત્નીને ઈમ્પ્રેસ કરવા માટે યુવક એનઆઈએનો અધિકારી બની ગયો હતો ત્યારે હવે સેટેલાઈટમાં ઈન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટ (ઈડી)ના અધિકારી બની ગઠિયાએ દોઢ કરોડ રૂપિયાનું ચીટિંગ આચર્યું હોવાની ઘટના સામે આવી છે. ઈડીના ડાયરેક્ટર બનીને ગઠિયાએ મકાન ભાડે લીધું અને જ્યોતિષીને



સરકારી ટેન્ડર અપાવી દેવાનું કહીને દોઢ કરોડ રૂપિયાનો ચૂનો લગાવી નાસી ગયો. ગઠિયાએ જે મકાન ભાડે લીધું હતું તે જ્યોતિષીનું હતું. જેમાં તેણે બે લાખ રૂપિયા એડ્વાન્સ ભાડા પેટે પણ આપ્યા હતા. બે લાખનું ઈન્વેસ્ટ કરીને ગઠિયાએ દોઢ કરોડ રૂપિયા પડાવી લીધા. થલતેજ વિસ્તારમાં આવેલા સુદર્શન ટાવરમાં રહેતા અને ઈસ્કોન મંદિરની સામે આવેલા બાલેશ્વર સ્ક્વેરમાં છેલ્લા સાડા ત્રણ વર્ષથી નવગ્રહ મંડળ નામની ઓફિસના વાઈસ પ્રેસિડેન્ટ ઝરણાંબહેન ઠાકરે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ઓમવીરસિંહ વિજય પ્રકાશસિંહ નામના ગઠિયા વિરુદ્ધ દોઢ કરોડનાં ચીટિંગની ફરિયાદ કરી છે. નવગ્રહ મંડળની ઓફિસના માલિક ડો.રવિ રાવ છે અને તેમનું આંબલી-બોપલ રોડ ઉપર મકાન આવેલું છે. જે ભાડે આપવાનું હોવાથી ઝરણાંબહેને ત્રણ ચાર એજન્ટને વાત કરી હતી. માર્ચ મહિનાની આસપાસ ઝરણાંબહેન તેમની ઓફિસ પર હાજર હતાં ત્યારે એજન્ટ દિવ્યાંગભાઈ મકાન ભાડે લેવા મામલે ઓફિસ પર આવ્યા હતા, દિવ્યાંગભાઈ સાથે એક શખ્સ પણ હતો જેણે પોતાની ઓળખ ઓમવીરસિંહ હોવાનું જણાવ્યું હતું. ઓમવીરસિંહ સેન્ટ્રલ એજન્સી ઈન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટ (ઈડી)માં ડાયરેક્ટર તરીકે ફરજ બજાવતા હોવાનું તેણે ઝરણાંબહેનને કહ્યું બીજા દિવસે ઝરણાંબહેને ફોન કરીને દિવ્યાંગભાઈ અને ઓમવીરસિંહને મકાન જોવા માટે આંબલી-બોપલ બોલાવ્યા હતા. બંને જણા મકાન જોવા માટે આવતાં તેમને મકાન પસંદ આવ્યું હતું.

### કેજરીવાલે લોકસભા ચૂંટણી લડવાને લઇને લીલી ઝંડી

# AAP પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ લોકસભાની ચૂંટણી લડવાની શરૂ કરી તૈયારી

## ઇસુદાન ગઢવીએ દાવો કર્યો છે કે ગુજરાતમાં ૨૬ માંથી ૨૬ બેઠકો પર ભાજપ હવે નહિ જીતી શકે

। અમદાવાદ, તા.૮ ।

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીને લઈને મોટા સમાચાર આવ્યા છે. ગુજરાતમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ લોકસભા ચૂંટણી લડવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે લોકસભા ચૂંટણી લડવાને લઈને લીલી ઝંડી આપતા ચૈતર વસાવાએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ચૈતર વસાવા સાંસદ મનસુખ વસાવાને ચૂંટણીમાં ટક્કર આપશે. સાથે જ આમ આદમી પાર્ટીએ દાવો કર્યો હતો કે તે બારડોલી, વલસાડ, દાહોદ, છોટાઉદેપુર બેઠક પર ઉમેદવારો ઉતારશે. સાથે જ જૂનાગઢ લોકસભા બેઠક પર પણ છઁ ઉમેદવાર ઉતારે તેવી સંભાવના છે. ગુજરાતમાં કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી ગુજરાતમાં ગઠબંધન કરશે. આમ આદમી પાર્ટીએ ગુજરાતમાં કૉંગ્રેસ સાથે મળી ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. ૨ મહીના સુધી બેઠકો થશે ત્યારબાદ ચર્ચા કરવામાં આવશે. દેશમાં હાલ વિપક્ષી દળોનું ઈન્ડીયા ગઠબંધન બનાવવામાં આવ્યું છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ પત્રકાર પરિષદ સંબોધતા મોટી જાહેરાત કરી હતી. તેમણે કહ્યું ભાજપ હવે લોકસભા ચૂંટણીમાં ૨૬માંથી ૨૬ બેઠકો નહી જીતી શકે. આમ આદમી પાર્ટી અને કૉંગ્રેસ બેઠકોની વહેંચણી કરી લોકસભા ચૂંટણી ૨૦૨૪ લડશે.

### તહેવારો નજીક આવતા જ સીંગતેલના ભાવમાં ભડકો

# બ્રાન્ડેડ સીંગતેલના ભાવ ૩,૦૮૦ થી ૩૧૦૦ રૂપિયા વચ્ચે બોલાઈ રહ્યા છે

## સાતમ આઠમના તહેવારો નજીક આવતા જ સીંગતેલનાં ભાવમાં ભડકો, ટમેટા, ડુંગળી બાદ હવે સીંગતેલમાં તેજી

। અમદાવાદ, તા.૮ ।

વિદેશી ખાદ્યતેલના ઘટાડાની વચ્ચે સીંગતેલના ભાવમાં ફરી એક વખત વધારો જોવા મળ્યો છે. રાજકોટમાં સીંગતેલના ભાવમાં ૨૦ રૂપિયાનો વધારો જોવા મળ્યો છે. આ ભાવ વધારા બાદ સીંગતેલના ડબ્બાનો ભાવ ૩૧૦૦ રૂપિયા નજીક પહોંચી ગયો છે. બ્રાન્ડેડ સીંગતેલના ભાવ ૩,૦૮૦ થી ૩૧૦૦ રૂપિયા વચ્ચે બોલાઈ રહ્યા છે. પીલાણ બરની મગફળીની ઓછી આવકને લઈને ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. સાતમ આઠમના તહેવારો નજીક આવતા જ સીંગતેલનાં ભાવમાં ભડકો જોવા મળી રહ્યો છે. ટમેટા, ડુંગળી બાદ હવે સીંગતેલમાં પણ લાલચોળ તેજી જોવા મળી રહી છે. મધ્યમ અને ગરીબ વર્ગના લોકો સિંગતેલ ખાવું મુશ્કેલ બન્યું છે. સૌરાષ્ટ્રમાં સાતમ આઠમના તહેવારોમાં ફરસાણ અને મીઠાઈ લોકો સીંગતેલમાં બનાવે છે જેના કારણે આ વખતે આ તમામ વસ્તુઓ ભાવમાં પણ વધારો જોવા મળી શકે છે. ઓછી ઉપજ અને સરસવના તેલીબિયાંના કારણે વિદેશી બજારોમાં ઘટાડાનાં વલણ વચ્ચે દિલ્હી તેલ-તેલીબિયાં બજારમાં સોમવારે સરસવનું તેલ, સોયાબીન તેલ-તેલીબિયાં, ક્રૂડ પામ ઓઈલ અને પામોલીન તેલના ભાવમાં ઘટાડો થયો હતો. સીંગદાણા તેલ-તેલીબિયાં અને કપાસિયા તેલના ભાવ તહેવારોની માંગ વચ્ચે અગાઉના સ્તરે બંધ થયા હતા. શિકાગો એક્સચેન્જ અને મલેશિયા

### રામોલ પોલીસના સીટીએમ એક્સપ્રેસ હાઈવે પર ચેકિંગમાં ભાંડો ફૂટ્યો

# મુંબઈથી સફારી કારમાં આવેલા બે શખ્સ ૩૯ લાખના ડ્રગ્સ સાથે ઝડપાયા

## પોલીસે પાર્સલ ચેક કરતાં તેમાંથી ૩૭૬ ગ્રામ ૬૦૦ મિલિગ્રામ એમડી ડ્રગ્સનો જથ્થો મળ્યો, પોલીસને શંકા ના જાય તે માટે એક મુસ્લિમ મહિલાને સાથે રખાઈ હતી

। અમદાવાદ, તા.૮ ।

તાજેતરમાં જ અમદાવાદમાંથી એસઓજીક્રાઈમે ૬.૬૯ લાખની કિંમતના ૬૯ ગ્રામ ૬૭૦ મિલીગ્રામ ડ્રગ્સ સાથે એક મહિલા સહિત ત્રણની ધરપકડ કરી હતી. ત્યારબાદ સારંગપુરમાંથી વધુ એક મહિલા ૧૦.૩૯ લાખના ૧૦૩ ગ્રામ ૯૦૦ મિલીગ્રામ ડ્રગ્સ સાથે પકડાઈ હતી. હવે મુંબઈથી સફારી કારમાં આવેલા બે શખ્સો ૩૯ લાખથી વધુની કિંમતના ડ્રગ્સના જથ્થા સાથે પકડાઈ ગયાં છે. પોલીસે તેમની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે રામોલ પોલીસ સીટીએમ એક્સપ્રેસ હાઈવે પર વાહન ચેકિંગ દરમિયાન હાજર હતી. ત્યારે મુંબઈ તરફથી આવી રહેલી સફારી કારને પોલીસે ચેકિંગ માટે ઉભી રાખી હતી.

આ દરમિયાન પોલીસની પુછપરછ દરમિયાન ગાડીમાં બેઠેલા લોકોએ કંઈ પણ કહેવાનું ટાળ્યું હતું. પોલીસને શંકા જતાં ગાડીની તપાસ આદરી હતી. જેમાંથી એક પાર્સલ મળ્યું હતું. પોલીસે આ પાર્સલમાં શું છે તેવો સવાલ કરતાં આરોપીઓએ ગોળગોળ જવાબો આપ્યા હતાં. આખરે પોલીસને કડક પુછપરછ



બાદ તેમણે પાર્સલમાં ડ્રગ્સ હોવાનું કબૂલ્યું હતું. પોલીસે પાર્સલ ચેક કરતાં તેમાંથી ૩૭૬ ગ્રામ ૬૦૦ મિલિગ્રામ એમડી ડ્રગ્સ નો જથ્થો મળી આવ્યો હતો. જેની કિંમત ૩૭.૬૬ થાય છે. આરોપીઓએ પોલીસને શંકા ના જાય તે માટે એક મુસ્લિમ મહિલાને સાથે રાખી હતી. આ મહિલાનો પતિ મુંબઈ જેલમાં સજા કાપી રહ્યો છે.

તેના પતિને જેલમાંથી બહાર કાઢી આપશે તેવી વાત આરોપીએ આ મહિલાને કરી હતી. પોલીસે ગાડીમાં રહેલા અયુબ કુરેશી, નુર ઈસ્લામ શેખ તથા અયુબખાનની ડ્રગ્સના જથ્થા સાથે ધરપકડ કરી હતી. પોલીસે ડ્રગ્સ સહિત ત્રણ મોબાઈલ, ગાડી અને રોકડા રૂપિયા કબજે કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### સીએ ફાઉન્ડેશનની પરીક્ષાના પરિણામો જાહેર થયા

# સીએ ફાઉન્ડેશનની પરીક્ષામાં અમદાવાદના ૫૨૩ વિદ્યાર્થી પાસ થયા

## સમગ્ર ભારતમાં ૧,૦૩,૫૧૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૨૫,૮૬૦ વિદ્યાર્થીઓ પાસ થયા



। અમદાવાદ, તા.૮ ।

ધી ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) દ્વારા જૂન, ૨૦૨૩માં લેવાયેલી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સીએ) ફાઉન્ડેશનની પરીક્ષાના પરિણામો આજે જાહેર કરવામાં આવ્યા હતાં. જૂન ૨૦૨૩માં યોજાયેલી ફાઉન્ડેશન પરીક્ષામાં અમદાવાદમાંથી કુલ ૨૨૭૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૫૨૩ વિદ્યાર્થીઓ પાસ થયા છે, જે ૨૨.૯૭ની ટકાવારી સુચવે છે. ધી ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયાની અમદાવાદ બ્રાન્ચમાંથી કોચિંગ મેળવેલા કુલ ૪૦ વિદ્યાર્થિઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૧૧ વિદ્યાર્થિઓ પાસ થયા છે. જે ૨૭.૫૦ ટકાવારી સુચવે છે. સમગ્ર ભારતમાં ૧,૦૩,૫૧૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૨૫,૮૬૦ વિદ્યાર્થીઓ પાસ થયા છે, જે ૨૪.૯૮ની ટકાવારી સુચવે છે. ચેરપર્સન સીએ ડો. અંજલી ચોકસીએ સીએ ફાઉન્ડેશન પરીક્ષાનાં પરિણામો અંગે વધુમા જણાવ્યુ હતું કે, ડિસેમ્બર ૨૦૨૨માં યોજાયેલી ફાઉન્ડેશન પરીક્ષામાં અમદાવાદમાંથી કુલ ૩૬૭૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૩૯૩ વિદ્યાર્થીઓ પાસ થયા હતાં, જે ૩૭.૯૦ની ટકાવારી સુચવે છે. સમગ્ર ભારતમાં ૧,૨૬,૦૧૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૩૬૮૬૪ વિદ્યાર્થીઓ પાસ થયા હતાં, જે ૨૯.૨૫ની ટકાવારી સુચવે છે.જુલાઈ ૨૦૨૨માં યોજાયેલી ફાઉન્ડેશન પરીક્ષામાં અમદાવાદમાંથી કુલ ૨૩૬૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૭૦૪ વિદ્યાર્થીઓ પાસ થયા હતાં, જે ૨૯.૮૩ની ટકાવારી સુચવે છે.

# ૧૦ ઓગસ્ટના રોજ ભાવનગરથી બાંદ્રા સુધી "સ્પેશિયલ ટ્રેન" દોડશે

। ભાવનગર, તા.૮ ।

યાત્રિયોની સુવિધા માટે, પશ્ચિમ રેલ્વેએ ભાવનગર ટર્મિનસ અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે વિશેષ ભાડા પર "સ્પેશિયલ ટ્રેન"ની ૨ ટ્રીપ ચલાવવાનો નિર્ણય કર્યો છે. આ સ્પેશિયલ ટ્રેનની વિગતો નીચે મુજબ છેઃ-

**ટ્રેન નંબર ૦૯૨૦૮/૦૯૨૦૭**

**ભાવનગર-બાંદ્રા સુપરફાસ્ટ સ્પેશિયલ**

ટ્રેન નંબર ૦૯૨૦૮ ભાવનગર–બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ ૧૦ ઓગસ્ટ, ૨૦૨૩ (ગુરુવારે) ના રોજ ભાવનગર ટર્મિનસ થી ૧૪.૫૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૬.૦૦ કલાકે બાંદ્રા ટર્મિનસ સ્ટેશન પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૨૦૭ બાંદ્રા ટર્મિનસ - ભાવનગર સુપરફાસ્ટ સ્પેશિયલ ૧૧ ઓગસ્ટ, ૨૦૨૩ (શુક્રવારે)ના રોજ બાંદ્રા ટર્મિનસથી ૦૯.૧૫ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૨૩.૪૫ કલાકે ભાવનગર ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ભાવનગર પરા, સોનગઢ, ધોળા, બોટાદ, સુરેન્દ્રનગર ગેટ, અમદાવાદ, નડિયાદ, વડોદરા, સુરત, વાપી અને બોરીવલી સ્ટેશને બંને દિશામાં ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી ૨ ટાયર, એસી ૩ ટાયર, સ્લીપર અને સેકન્ડ ક્લાસ સીટિંગ કોચનો સમાવેશ થાય છે. ટ્રેન નંબર ૦૯૨૦૮ અને ૦૯૨૦૭ માટે બુકિંગ ૦૯.૦૮.૨૦૨૩ (બુધવાર) થી પેસેન્જર રિઝર્વેશન સેન્ટર્સ અને IRCTCની વેબસાઈટ પર ખુલશે. આ ટ્રેનના સમય, સ્ટોપેજ અને કમ્પોઝિશન અંગેની વિગતવાર માહિતી માટે યાત્રિયો www.enquiry.indianrail.gov.in વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨